بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ **બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


## બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-જુન-૨૦૧૪**

શાબાનુલ મોઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક

હિજરી સન : ૧૪૩૫

વર્ષ : ૧૧, અંક : ૦૬, સળંગ અંક : ૧૨૬

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com



**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | સફળતા તથા નિષ્ફળતાનું માપદંડ | 02 |
| 02 | **મો'મિનની શાન : અલ્લાહના માટે દોસ્તી અલ્લાહના માટે દુશ્મની** | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 05 | અસ્માઉલ હુસ્ના | 15 |
| 06 | ગલતફહમી તથા તેની સુધારણા | 17 |
| 07 | ક઼ાનૂને શરીઅત | 18 |
| 08 | અહલે સુન્નતના અક઼ીદા કુર્આનની રોશનીમાં | 20 |
| 09 | ઈમામ અહમદ રઝા અને દર્સ તથા તદરીસ | 21 |
| 10 | ફોટો ઈસ્લામમાં હરામ છતાં મુસ્લિમ સમાજમાં.. | 24 |
| 11 | બેંકોના વ્યાજ વિશે સ્પષ્ટ માહિતી | 26 |
| 12 | વેપારનું મહત્વ અને તેના નિયમો | 33 |
| 13 | સાયન્સના ક્ષેત્રે ઈમામ અહમદ રઝાની મહાનતા | 35 |
| 14 | મ્યુઝિકનાં નુકસાનો ઈસ્લામ તથા સાયન્સની દષ્ટિએ | 37 |
| 15 | હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہ | 43 |
| 16 | ફઝાઈલે શાબાનુલ મોઅઝ્ઝમ | 46 |
| 17 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


ગમ હો ગએ બેશુમાર આક઼ા બંદા તેરે નિસાર આક઼ા
બિગળા જાતા હૈ ખેલ મેરા આક઼ા ! આક઼ા ! સંવાર આક઼ા !
ટૂટી જાતી હૈ પીઠ મેરી લિલ્લાહ યે બોજ ઉતાર આક઼ા
હલ્કા હૈ અગર હમારા પલ્લા ભારી હૈ તેરા વક઼ાર આક઼ા
મજબૂર હૈં હમ તો ફિક્ર કયા હૈ તુમ કો તો હૈ ઈખ્તિયાર આક઼ા
મૈં દૂર હૂં તુમ તો હો મેરે પાસ સુનલો મેરી પુકાર આક઼ા
મુઝસા કોઈ ગદા ન હોગા તુમસા નહીં ગમગુસાર આક઼ા
ગિર્દાબ મેં પળ ગઈ હૈ કશ્તી ડૂબા ડૂબા ઉતાર આક઼ા
જિસ કી મર્ઝી ખુદા ન ટાલે મેરા હૈ વોહ નામદાર આક઼ા
હૈ મુલ્કે ખુદાપે જિસ્કા ક઼બ્ઝા મેરા વોહ કામગાર આક઼ા
સોયા કિએ નાબકાર બંદે રોયા કિએ ઝાર ઝાર આક઼ા
કયા ભૂલ હૈ ઉન્કે હોતે કહલાએં દુન્યાકે યે તાજદાર આક઼ા
ઉનકે અદના ગદા પે મિટ જાએં ઐસે ઐસે હઝાર આક઼ા
બે અબરે કરમ કે મેરે ધબ્બે 'લા તગસિલુહલ બિહાર' આક઼ા
ઈતની રહમત **રઝા** પે કર લો લા યકરુબુહુલ બવાર આક઼ા

# સફળતા તથા નિષ્ફળતાનું માપદંડ

અઝ : **મૌલાના મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દાવતે ઈસ્લામી)*

આપણી જિંદગી એ એક પરીક્ષા છે. આ પરીક્ષામાં કામયાબ તથા સફળ તે જ થશે જેનો દામન નેકીઓથી ભરપુર હશે અને ગુનાહોના કીચડથી મહદઅંશે પાક હશે. નિષ્ફળ તથા નાકામ તે જ થશે જે ગુનાહોમાં ડૂબેલો હશે. જાણવા મળ્યું કે કામયાબી તથા નાકામીનું માપદંડ ઈન્સાનના અમલો છે. અલ્લાહ عزوجل એ મૌત તથા જિંદગીનું સર્જન જ એટલા માટે કર્યુ કે તે બંદાઓને અજમાવે કે કોણ સારો અમલ કરે છે. ખૂદ જ ફર્માવે છે :–

الَّذِىْ خَلَقَ الْمَوْتَ وَ الْحَيٰوةَ لِيَبْلُوَ كُم اَيُّكُمْ اَحْسَنُ عَمَلًا

"તે જેણે મૌત તથા જિંદગીને પેદા કરી કે તમારી પરખ થઈ જાય, તમારામાં કોનું કામ અધિક સારું છે ! અને તે જ ઈજ્જતવાળો બખ્શનાર છે." *(સૂરએ મુલ્ક, આયત : ૨)*

એનાથી ઉલ્ટુ આપણે આપણી જિંદગીનું નિરીક્ષણ કરીએ તો જાણવા મળશે કે આપણે કામયાબીનું માપદંડ જ બદલીને રાખી દીધું છે. આપણે કામયાબી એને સમજીએ છીએ જેની પાસે એશો આરામ મોજ મજાના સર્વ સામાનો મૌજૂદ હોય અને કોઈ દુનિયાવી નેઅમતની કોઈ કમી ન હોય. અફસોસ તો એ છે કે કામયાબીનો આ ખયાલ કોઈ વિના પઢેલા ગણેલા દુનિયાદારનો નથી બલ્કે હવે તો સમજદાર, બુદ્ધિશાળી અને કેટલાક અંશે દીનદારનો પણ આ જ ખયાલ બનતો જઈ રહ્યો છે. (ઈલ્લા માશા અલ્લાહ !)

દુનિયવી સામાન, આલીશાન તથા આરામદાયક ચીજોની પ્રાપ્તિ અને તેનો ઉપયોગ ન કાલે નાજાઈઝ હતો અને ન આજે છે, પરંતુ આપણે તેની પ્રાપ્તિના તરીક઼ા પર વિચારણા કરવી પડશે. તદ્ઉપરાંત એ વાત પણ દિમાગમાં રાખવી પડશે કે ક્યાંક આપણા દિલમાં દુનિયાની મહોબ્બત એટલી વિશેષ તો નથી વસી ગઈ કે જેના કારણે આપણે નેકીઓથી દૂર થઈ રહ્યા છીએ અને આપણી અંદર સારા અમલો કરવાનો જઝબો ઠંડો પડી ગયો છે. આક઼ાએ કરીમ ﷺના વિવિધ ઈર્શાદોથી સ્પષ્ટ થાય છે કે સારા કિરદાર તથા અમલો જ આપણી ઓળખ બનતા હોય છે. પણ શું આજે આપણી ઓળખ સારા અમલો તથા કિરદાર છે ?! આપણે તો એ અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ની જિંદગી વાંચતા પણ નથી જેમના વજૂદ (અસ્તિત્વ) પર ક઼નાઅત (જે મળે તેમાં રાજી)નો લિબાસ હોતો અને દિલમાં માલની લાલચના બદલે અમલોની લાલચ હોતી, જે એમની ઈજ્જત તથા સરબુલંદીનો સબબ હતો. અફસોસ ! આપણે તો માલની વિપુલતા ચાહીએ છીએ, ચાહે તે જાઈઝ તરીક઼ાથી મળતો હોય કે નાજાઈઝ તરીક઼ાથી. (ઈલ્લા માશા અલ્લાહ !)

આક઼ાએ કરીમ ﷺથી એક સહાબીએ પૂછયું કે અમુક લોકો ગુનાહ કરે છે છતાં તેમના પર ઈનામો ઈકરામની વર્ષા થાય છે ! તો આક઼ાએ કરીમ ﷺએ ફર્માવ્યું કે જ્યારે કોઈ એવા શખ્સને જુઓ તો અલ્લાહની પનાહ માગો ! ત્યાર બાદ હુઝૂર ﷺએ આ આયત તિલાવત કરી :–

فَلَمَّا نَسُوْا مَا ذُكِّرُوْا بِهٖ فَتَحْنَا عَلَيْهِمْ اَبْوَابَ كُلِّ شَىْءٍ حَتّٰى اِذَا فَرِحُوْا بِمَآ اُوْتُوْا اَخَذْ نَاهُمْ بَغْتَةً فَاِذَا هُمْ مُّبْلِسُوْنَ

"પછી જ્યારે તેમણે ભૂલાવી દીધી જે નસીહતો તેમને કરવામાં આવી હતી, અમે તેમના પર દરેક ચીજના દરવાજા ખોલી આપ્યા ત્યાં સુધી કે જ્યારે ખુશ થયા એના પર જે એમને મળ્યું તો અમે અચાનક તેમને પકડી લીધા." *(સૂરએ અન્આમ, આ. : ૪૪)*

નાજાઈઝ માર્ગે કમાવુ વધુ પેજ નં. ૧૧....પર

# મો'મિનની શાન

## અલ્લાહના માટે દોસ્તી અલ્લાહના માટે દુશ્મની

તંત્રી લેખ

આજકાલ આપણા સમાજમાં કૌમની કામયાબી માટે તથા સલામત સુરક્ષિત તથા પ્રગતિમય જિંદગી માટેની ભારે ચર્ચાઓ ચાલી રહી છે. ફલાણો પક્ષ સત્તા પર આવશે, ફલાણી વ્યક્તિ સત્તા પર આવશે તો આપણે કામયાબ થાશું, સલામતી તથા પ્રગતિ પામીશું અને ફલાણો આવશે તો બર્બાદ થઈ જાશું ! આપણા હક્કોની કોઈ સલામતી નથી, ન આપણા જાનમાલની સલામતી છે. કૌમના કહેવાતા બુદ્ધિજીવીઓ તથા બની બેઠેલા પેશવાઓ, કહેવાતા રહબરો, લીડરો લોકોને જાત જાતની સલાહો આપી જાત જાતના ભયોથી ભયભીત કરી રહ્યા છે, તો ક્યાંક ઝાંઝવાનાં જળ દેખાડીને લોકોને તેમાં પોતાની ભલાઈ તથા કામયાબી દર્શાવીને ગેરમાર્ગે દોરી રહ્યા છે. મુસલમાનો! આપણી કામયાબી કે સલામતીની ઝમાનત કોઈ નેતા, લીડર કે કહેવાતા રહબર કે કહેવાતા બુદ્ધિજીવી નથી બની શકતા, આપણે કામયાબીની ઝમાનતના માટે ગૈરોના મોહતાજ થવાની કોઈ જરૂરત નથી, આપણો ખાલિક઼ તથા માલિક, સર્જનહાર, પાલનહાર રબ જ્યારે ખૂદ કામયાબીની સલામતીની આપણને અલલ એલાન ઝમાનત આપે છે, તેને અનુસરવાને બદલે ગૈરોના દર પર એની ભીખ માગવાની આપણે શું જરૂરત છે ?! મુસલમાન આજે દુનિયાભરમાં અધોગતિનો અસલામતીનો શિકાર એટલે જ છે કે તેને રબ તઆલા તરફથી "જીવન બંધારણ"ની જે ક઼લમો, કામયાબી તથા સલામતીના જે નુસ્ખાઓ, આદેશો, રબના કલામ કુર્આન શરીફમાં આપવામાં આવ્યા તેમજ અલ્લાહના પ્યારા રસૂલ ﷺનાં ફર્માનો થકી આપવામાં આવ્યા તેનો અભ્યાસ કરવા, તેને સમજવા, તેને અનુસરવાને બદલે મુસલમાન બીજે ફાંફાં મારી રહ્યો છે અને ગલત લોકોને, ગલત ખયાલોને અનુસરી રહ્યો છે, અસલને છોડીને નકલ પાછળ મથી રહ્યો છે ! એટલે જ આજે તે નાકામ તથા અસુરક્ષિત થઈ ચૂક્યો છે.

### ★ અલ્લાહ તેમનાથી ખુશ અને તેઓ અલ્લાહથી ખુશ ! ★

જ્યારે અલ્લાહ વ રસૂલ પર તમારું ઈમાન છે તો એને ઓર મજબૂત બનાવો અને સમજો કે આપણુ ભલુ, આપણી કામયાબી, સલામતી કોઈ નેતાના હાથમાં નહીં પણ અલ્લાહના દસ્તે કુદરતમાં જ છે, જેથી આપણો તેના જ આદેશ હેઠળ અમલ કરીને જીવીએ. જ્યારે આપણો માલિક ખૂદ ફર્માવે છે કે : "તો એમનાથી ન ડરો, અને મારાથી ડરો ! જો ઈમાનવાળા હોવ." *(સૂરએ આલે ઈમ્રાન, આ. ૧૭૫)* તો મો'મિને કોઈથી ડરવાની શું જરૂર, તેમજ બીજી આયતમાં છે : "ન ગભરાવ ! ન ડરો ! તમે જ કામયાબ થશો, શર્ત એ છે કે 'મો'મિન' બની જાવ !" *(સૂ. આલે ઈમ્રાન, આ. ૧૩૯, પારા : ૪)*

અને "મો'મિનન"ની શાન શું છે ? જે કાંઈ કરે અલ્લાહને રાજી કરવાના માટે જ કરે. કોઈનાથી દોસ્તી કરે તો તે અલ્લાહને ખાતર જ કરે અને દુશ્મની કરે તો તે પણ અલ્લાહને રાજી કરવાને માટે જ કરે.

કુર્આનમાં રબ તઆલા ખૂદ ફર્માવે છે : *"જે લોકો અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન ધરાવે છે તેમને તમો એવા લોકો સાથે મૈત્રી ધરાવતા દેખશો નહીં જેમણે અલ્લાહ અને તેના રસૂલનો વિરોધ કર્યો, ભલે તે તેમના*

*બાપ અથવા દીકરાઓ અથવા ભાઈઓ અથવા કુટુંબીઓ હોય.* ***આ છે તે લોકો જેમના દિલોમાં અલ્લાહે ઈમાન કોતરી આપ્યું.*** *અને પોતાના તરફથી રૂહ વડે તેમની સહાય કરી. અને તેમને બગીચાઓમાં લઈ જશે જેમની નીચે નહેરો વહે તેમાં હમેશાં રહેશે.* ***અલ્લાહ તેમનાથી ખુશ અને તેઓ અલ્લાહથી ખુશ,*** *તેઓ અલ્લાહનું જુથ (જમાઅત) છે. સાંભળો છો ! અલ્લાહનું જુથ જ કામયાબ છે. (સૂ. મુજાદિલા, આ. ૨૨)*

આ આયતની તફસીરમાં છે : જેમ કે હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ رضی اللہ عنہએ ઓહદની જંગમાં પોતાના બાપ જર્રાહને ક઼ત્લ કર્યો, અને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ બદ્રની લડાઈમાં પોતાના પુત્ર અબ્દુર્રહમાનને મુક઼ાબલા માટે લલકાર્યા પણ હુઝૂર صلی اللہ علیہ وسلمએ તેમને એ મુક઼ાબલાની પરવાનગી ન આપી (અબ્દુર્રહમાન પછી મુસલમાન થઈ ગયા હતા) અને મુસ્અબ બિન ઉમૈરે પોતાના ભાઈ અબ્દુલ્લાહ બિન ઉમૈરને ક઼ત્લ કર્યો, અને હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ પોતાના સગા મામા આસ બિન હિશામને બદ્રની લડાઈમાં ક઼ત્લ કર્યા, અને હઝરત અલી, હઝરત હમ્ઝા તથા અબૂ ઓબૈદા رضوان اللہ تعالی علیہم اجمعینએ રબીઆના પુત્રો ઉત્બા, શયબા તેમજ વલીદ બિન ઉત્બાને બદ્રમાં ક઼ત્લ કર્યા જેમની સાથે તેમને સગાઈ સંબંધો હતા. અલ્લાહ તથા રસૂલ પર ઈમાન લાવનારાઓને સગાઈ સંબંધોની શું શરમ ?! (તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન) અલ્લાહ વ રસૂલની મહોબ્બતની આડે કોઈ સગાઈ આવતી જ નથી.

આ આયત તથા તેની તફસીર પરથી સબક઼ મળે છે કે અલ્લાહ અને રસૂલ પર, ક઼યામતના દિવસ પર જે લોકો ખરેખર ઈમાન ધરાવે છે તેઓ અલ્લાહ વ રસૂલની મહોબ્બતના સામે કોઈ સગાઈ કે સંબંધ કે લાભાલાભને ગણકારશે નહીં. દીનના વિરોધમાં કોઈ પણ તેના મુક઼ાબલામાં આવશે તો તે સગાઈ કે સંબંધ જોશે નહીં. સાચો મો'મિન કોઈથી દોસ્તી કરશે તો અલ્લાહને ખાતર અને દુશ્મની કરશે તો અલ્લાહને ખાતર જ કરશે. અને ઈસ્લામનો ઈતિહાસ વાંચો તો જણાશે કે સહાબાએ કિરામના કિરદારે એ સાબિત પણ કરી આપ્યું કે સહાબાએ કિરામથી વધીને મજબૂત મો'મિન કોઈ થઈ જ નથી શક્તુ, કેમ કે અલ્લાહ વ રસૂલની મહોબ્બતની આડે ન બાપની મહોબ્બત આવી ન ભાઈની ન સગાંની, બલ્કે અલ્લાહ વ રસૂલની ખાતર સર્વ મહોબ્બતો તેમણે કુર્બાન કરી આપી !

## ★ અલ્લાહને ખાતર દોસ્તી તથા દુશ્મનીનું અજોડ દષ્ટાંત ! ★

હઝરત અલી رضی اللہ عنہને એક કાફિર સાથે જંગમાં મુક઼ાબલો થયો. હઝરત અલી رضی اللہ عنہએ તેને જમીન પર પાડી દીધો અને તેની છાતી પર સવાર થઈ ગયા અને તેને ક઼ત્લ કરવા માટે તલ્વાર ઉઠાવી જ હતી તેવામાં તે કાફિર આપના પર થૂંક્યો. તો હઝરત અલી رضی اللہ عنہએ તેને છોડી આપ્યો અને તેના પરથી હટી ગયા. તો કાફિરને ખૂબ જ આશ્ચર્ય થયું. તેણે હઝરત અલી رضی اللہ عنہને પૂછ્યું કે જ્યારે તમે મારા પર સંપૂર્ણપણે ક઼ાબૂ મેળવી લીધો હતો, તો પછી મને અચાનક કેમ છોડી આપ્યો ?! તો હઝરત અલી رضی اللہ عنہએ કહ્યું કે, મારી તારી દુશ્મની અલ્લાહને ખાતર હતી, અને અલ્લાહને ખાતર હું તને ક઼ત્લ કરવા જઈ રહ્યો હતો. પણ તેં મારા પર થૂંકી દીધું જેનાથી મને ગુસ્સો આવ્યો, જે મારી અંગત બાબતનો હતો, મારા ખૂદના અપમાનનો હતો. તો મારી નિય્યતમાં અંગત અદાવત સામેલ થઈ ગઈ જેથી મેં તને છોડી આપ્યો કે હવે મારી જંગ અલ્લાહને ખાતર ન રહી ! એમાં મારો નફ્સ સામેલ થઈ ગયો. જ્યારે તે કાફિરે ઈમાનની આ પુખ્તગી તથા પવિત્રતા તથા નિખાલસતા જોઈ તો તે ત્યાં જ કલ્મો પઢીને મુસલમાન થઈ ગયો કે જે મઝહબના માનવાવાળા આટલા સાફ દિલ હોય તે મઝહબ હરગિઝ જૂઠો નથી હોઈ શક્તો. (સુબ્હાનલ્લાહ !)

## ★ અલ્લાહ વ રસૂલની મહોબ્બતમાં સોનાને ન લીધું ! ★

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ એક વ્યક્તિના હાથમાં

સોનાની અંગૂઠી (વીંટી) જોઈ તો એને કાઢીને ફેંકી દીધી અને ફર્માવ્યું કે શું તમારામાંથી કોઈ ઈચ્છે છે કે આગનો અંગારો પોતાના હાથમાં રાખે ?! રસૂલુલ્લાહ ﷺ તશરીફ લઈ ગયા પછી એ વ્યક્તિને બધાએ કહ્યું કે તું તારી અંગૂઠી ઉઠાવી લે અને વેચીને એનાથી ફાયદો મેળવ ! તે શખ્સે જવાબ આપ્યો, નહીં ! અલ્લાહની કસમ ! એને કદીપણ હાથ નહીં લગાડુ જેને અલ્લાહના રસૂલ ﷺએ ફેંકી દીધી છે ! હું એને કદી પણ નહીં લઉં ! *(મિશ્કાત બહવાલા સહીહ મુસ્લિમ)*

આને કહે છે અલ્લાહ વ રસૂલની સાચી મહોબ્બત ! અને આને કહે છે અલ્લાહ વ રસૂલને ખાતર પસંદીદા ચીજનો ત્યાગ ! આપણા સોનાની ચેઈનો વીંટીઓ પહેરનારા ભાઈઓ જરા ઈમાની ગૈરતને જગાડે અને પોતાના ઈમાનની મજબૂતીને ખૂદ ચકાસી લે કે શું તેઓ તે સોનાનો ત્યાગ કરશે જેને નબી કરીમ ﷺએ ફેંકી દીધેલ છે, તે હરામ કામોને છોડશે જેનાથી દૂર રહેવાનો હુકમ અલ્લાહ વ રસૂલે આપ્યો છે ?! કે પછી સોનુ પહેરતા રહીને, હરામ કામોમાં રચ્યા પચ્યા રહીને આશિક઼ીના ફોગટ દાવા જ કર્યા કરશે ?! ઉપરોક્ત પ્રસંગને ફરી ફરી વાંચો અને સમજો કે અલ્લાહને ખાતર અમલ તે આને કહેવાય છે ! સાચો મો'મિન તે આને કહેવાય !

## ★ અલ્લાહની મહોબ્બતમાં બાપની ગરદન પર તલ્વાર રાખી ! ★

અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિક઼ે એક પ્રસંગે નબી કરીમ ﷺની બેદઅબીના શબ્દો ઉચ્ચાર્યા કે "ખુદાની ક઼સમ ! જો અમે મદીના પહોંચી ગયા તો અમે ઈજ્જતવાળા મળીને એ બેઈજ્જત લોકોને ત્યાંથી કાઢી મૂકીશું." અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિક઼ના પુત્રનું નામ પણ અબ્દુલ્લાહ હતું જે સાચા પાકા મો'મિન અને મહબ્બતે રસૂલમાં ચૂર હતા. જ્યારે તેમને આ વાતની ખબર પડી તો હજી લોકો માર્ગમાં જ હતા. મદીના મુનવ્વરાથી બહાર અબ્દુલ્લાહ તલ્વાર ખેંચીને ઉભા થઈ ગયા અને બાપને કહેવા લાગ્યા કે, "ત્યાં સુધી મદીનામાં પ્રવેશવા નહીં દઉં જ્યાં સુધી તું એને ન ક઼બૂલી લે કે તું બેઈજ્જત છે અને મુહમ્મદ ﷺ ઈજ્જતદાર છે ! તેને ખૂબ જ નવાઈ લાગી કેમ કે એ પુત્ર બાપનો ખૂબ જ ચાહનારો તથા આજ્ઞાંકિત હતો, પણ તેણે જોઈ લીધું કે અલ્લાહ વ રસૂલની મહોબ્બત સામે અહીં બાપની મહોબ્બતને કોઈ સ્થાન નથી ! આખરે લાચાર થઈને તેણે કહેવું પડયું કે, "ખુદાની ક઼સમ ! હું બેઈજ્જત છું મુહમ્મદ ﷺ ઈજ્જતદાર છે." ત્યાર પછી મદીનામાં પ્રવેશ મળ્યો. *(તારીખે ખમીસ વગેરે)*

આવા તો અનેક બનાવો અલ્લાહના માટે જ દોસ્તી તથા દુશ્મની રાખનારા સહાબાઓના છે. પણ સહાબિયા સ્ત્રીઓના પણ દષ્ટાંતો ઈમાન અફરોઝ છે જે આપણી મા બહેનો માટે બોધદાયક છે જેઓ અંગત લડાઈ કે બોલાચાલીમાં ગમે તેની સાથે અબોલા કરી દે છે, સંબંધો કટ કરી નાખે છે પણ ઈમાનની કમજોરીમાં પોતાનાં દેવબંદી વહાબી સગાંની સાથેના સંબંધને નથી છોડતી. જુઓ ! મો'મિના સ્ત્રી કેવી રીતે હોય તેને સમજી લો.

## ★ સગા બાપને નબી પાક ﷺની પથારી પર ન બેસવા દીધો ! ★

ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે હબીબા رضي الله عنهاના પિતા અબૂ સૂફયાન સુલહે હુદૈબિયા વખતે મદીના આવ્યા. પોતાની દીકરીને મળવા ગયા અને પથારી પર બેસવા લાગ્યા તો બીબી ઉમ્મે હબીબા رضي الله عنهاએ પથારી સમેટી લીધી અને કહ્યું કે, આ અલ્લાહના હબીબ ﷺની પાક પથારી છે અને તમે મુશ્રિક છો જેથી નાપાક છો ! એટલા માટે તમે એ બિસ્તરે નબવી પર નથી બેસી શકતા. આ સાંભળી અબૂ સૂફયાનને ઘણો જ રંજ થયો હતો.

આને કહે છે ઈમાન ! આવી હોય છે સાચા મો'મિનની શાન ! આને કહે છે અલ્લાહના માટે દોસ્તી અને અલ્લાહના માટે દુશ્મની ! આના સંબંધી હજી અમુક ઈમાન અફરોઝ દષ્ટાંત જોઈ લો ! નહીં તો સહાબાની તો પળેપળ જિંદગી એ જ હતી કે અલ્લાહના માટે દોસ્તી અને અલ્લાહના માટે દુશ્મની, અલ્લાહને ખાતર પોતાની પ્રિય ચીજોનો, પોતાની ઔલાદ, માબાપ, સગાં, વતન, માલ મિલ્કત બલ્કે પોતાની જાનોને કુર્બાન કરવાને પોતાનું સદ્ભાગ્ય સમજતા હતા. આ ટૂંકા લેખમાં તેનું વર્ણન શક્ય નથી.

## ★ અલ્લાહની મહોબ્બતમાં વિના ખચકાટે વિના વિલંબે હરામ ચીજોનો ત્યાગ ! ★

દારૂની હુર્મત (હરામ હોવા) વિશેનો હુકમ આવતા પહેલાં દારૂ ખૂબ જ છૂટથી પીવાતો હતો. દારૂના એવા પણ આદી લોકો હતા કે દારૂના હોજમાં નળી નાખીને ખૂબ પીતા હતા. પણ જયારે અલ્લાહના રસૂલ ﷺએ મદીનાની ગલીઓમાં એલાન કરાવ્યું કે, "દારૂને હરામ કરવામાં આવ્યો છે !" તો આટલા સખત વરસોના દારૂના આદી લોકોએ નિઃસંકોચ વિના વિલંબે, વિના વિરોધે દારૂ ત્યજી દીધો, જેના હાથમાં જામ હતા તે છોડી દીધા, જેના મોઢામાં હતો તેને બહાર કાઢી નાખ્યો, દારૂનાં માટલાં ફોડી કાઢવામાં આવ્યાં, મદીના શરીફની ગલીઓમાં દારૂની નદીઓ વહેવા લાગી ! કેવળ એક એલાન સાંભળતાં જ તેનું પાલન શરૂ થઈ ગયું ! આને કહે છે અલ્લાહને માટે દોસ્તી ! અલ્લાહને માટે નફરત ! દારૂથી મો'મિનોને પળવારમાં નફરત થઈ ગઈ !

આ તેમનો ઈમાની પાવર હતો ! અલ્લાહને માટે દોસ્તી અને અલ્લાહના માટે દુશ્મનીનો જઝબો તેમના દિલો દિમાગમાં એવો છવાયેલો હતો કે કોઈ કામ અલ્લાહ વ રસૂલના આદેશ બહાર કરવાની કલ્પના પણ કરતા ન હતા. જેના કારણે અલ્લાહની મદદ તેમના પડખે રહી અને મુઠ્ઠીભર મુફલિસ મુસલમાનો થોડાક સમયમાં દુનિયાભરમાં છવાઈ ગયા અને તે સમયની કૈસર તથા કિસ્રા જેવી મહાસત્તાઓએ મુસલમાનો સમક્ષ ઘૂટણોને ટેકવી દીધા. આજે મુસલમાનોની પડતીનો સબબ એ જ છે કે તેમનાથી વિપરિત જીવન આપણી કૌમ જીવી રહી છે.

## ★ મુસલમાનો ! આજે આપણે કોની દોસ્તી તથા મહોબ્બતમાં જીવીએ છીએ ! ★

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! શું આપણામાં આ ખૂબી સલામત છે ?! આજે આપણા સમાજનું નિરીક્ષણ કરવામાં આવે તો અનેક હરામ કામો તથા ઈસ્લામ વિરુદ્ધ વાતો આપણા ઘર તથા સમાજમાં ઘર કરી ચૂકેલ છે. આજે મુસલમાનોની વાણી, વર્તન તથા આચરણ કુર્આન હદીષના આદેશોની વિરુદ્ધ કોઈ સંકોચ કે ખચકાટ વિના જોવા મળી રહ્યું છે. **આજે અનેક હરામ કામો એવી રીતે આપણા સમાજમાં થઈ રહ્યાં છે કે જાણે એ હલાલ હોય !** અને આપણી દોસ્તીનું માપદંડ બદલાઈ ગયું છે. અલ્લાહ વ રસૂલની મહોબ્બતને લક્ષમાં રાખીને નહીં પણ દુનિયાની મહોબ્બત, માલની મહોબ્બત, વાહવાહની મહોબ્બતને અનુલક્ષીને આપણે દોસ્તી તથા દુશ્મની કરી રહ્યા છીએ. અલ્લાહ વ રસૂલના ગુસ્તાખ ફિર્કાવાળા બદ્મઝહબ બદઅકીદા, વહાબી, દેવબંદી, મૌદૂદી, શીઆ...... વગેરે સાથે મેલજોલ, દોસ્તી સગાઈ આમ જોવા મળે છે. હદીષમાં છે કે, "તમે એમનાથી દૂર રહો એમને તમારાથી દૂર રાખો..." તેના બદલે અકીદા ઈમાનની કોઈ તમીઝ વિના સૌ ભેળસેળ ચાલી રહ્યું છે ! "વળી કૌમી એકતાના નામે ગૈર મઝહબવાળાઓની ધાર્મિક વિધિઓમાં આપણા કહેવાતા મુસલમાનો બલ્કે કહેવાતા રહબરો, પીરો પણ ભાગ લઈ રહ્યા છે ! ઈલ્લા માશાઅલ્લાહ ! ન મુસલમાન અકીદાના મામલામાં મજબૂત જણાય રહ્યો છે ન અખ્લાકના અમલના મામલામાં ઈસ્લામ પર કે અલ્લાહ વ રસૂલની મહોબ્બતમાં વર્તતો જણાય રહ્યો છે. તો પછી અંજામ શો આવી શકે છે ?! ફર્માન છે કે, **"જ્યારે તમારો અમલ ખબર થશે તો તમારા પર જાલિમ હાકિમ બેસાડવામાં આવશે."** તો આજે જગતભરમાં

મુસલમાનો સાથે એ જ થઈ રહ્યું છે. અને જો કોઈ ઈસ્લામ પર ચાલવા છતાં તેને તકલીફો આવે તો એ તેની આજમાઈશ ગણાશે કે એનાથી રબ તઆલા એના દરજાઓમાં બુલંદી ફર્માવે છે. જેથી મુસલમાનોએ જોઈએ કે અલ્લાહની રાહ તરફ પલટે, ઈસ્લામથી દૂર ન ભાગે બલ્કે ઈસ્લામ તરફ વળે અને અલ્લાહ પર ભરોસો કરીને જીવે. દોસ્તી તથા દુશ્મનીનો આધાર અલ્લાહ વ રસૂલની મહોબ્બત પર જ રાખે.

સહાબાએ કિરામ તથા આગલા બુઝુર્ગો તથા ખલીફા તથા બાદશાહો તથા મુસલમાનો એટલા માટે દુનિયામાં કામયાબ થયા કે તેમણે મહોબ્બત તથા દોસ્તીનો આધાર અલ્લાહ વ રસૂલની ચાહતને બનાવ્યો હતો. આજે આપણે પણ એને જ અપનાવીને એ જ ઈસ્લામી અક઼ીદા, અમલ તથા અખ્લાક઼ને આપણા જીવનમાં વણી લઈએ તો આ જ નહીં પણ બંને જહાનમાં કામયાબી તથા સલામતી આપણા જ માટે છે.

હદીષે પાકમાં પણ છે : હઝરત અબૂ રઝીન رضي الله عنهથી રિવાયત છે કે હુઝૂર ﷺએ તેમને ફર્માવ્યું કે શું હું તને દીનની તે બુનિયાદ ન બતાવું જેના થકી તું દુનિયા તથા આખેરતની ભલાઈ પ્રાપ્ત કરી લે ?! (પ્રથમ વાત તો એ કે) **અલ્લાહવાળાઓની મજલિસમાં બેસવું પોતાના ઉપર લાઝિમ કરી લે, અને જ્યારે એકાંત મળે તો જેટલા પ્રમાણમાં શક્ય હોય ખુદા તઆલાની યાદમાં તારી જીભને હલાવ અને ખુદા તઆલાના માટે જ દોસ્તી કર અને તેના માટે દુશ્મની કર.** *(બયહક઼ી)*રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં સૌને નેક તૌફીક઼ બખ્શે. (આમીન)


# કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

આયોજિત જમવા રહેવા સાથે
૩ × ૨ લકઝરી બસ દ્વારા

**પ્રવાસના સ્થળો : બોમ્બે, ગેટ વે ઓફ ઈન્ડિયા, ચોપાટી, હાજીઅલી, મખ્દુમશા બાવા (માહિમ), હાજી મલંગ, એસ્સેબેલ વર્લ્ડ, બાબાગોર (ઝઘડીયા) પરત ધોળકા**

**બસ ઉપડવાની તા. : ૩૧/૦૭/૨૦૧૪**
**ગુરૂવારે બપોરે ૧.૦૦ કલાકે**

**પ્રવાસ : ૨ — સ્પે. ગોવા મહાબળેશ્વર, બોમ્બે પ્રવાસ**

**ઔરંગાબાદ, પણજી (ગોવા), મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા, બોમ્બે, ગેટ વે ઓફ ઈન્ડિયા, ચોપાટી, હાજીઅલી, મખ્દુમશાબાવા (માહિમ), હાજી મલંગ, બાબાગોર (ઝઘડીયા)થી પરત ધોળકા)**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૭૦૦૧/- | રૂા. ૪૦૦૧/- | ૧૨ |

**બસ ઉપડવાનું સ્થળ :** તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, **ધોળકા**

**બસ ઉપડવાની તા. : ૫-૧૧-૨૦૧૪ રાત્રે : ૧૦.૦૦ વાગ્યે**

**નોંધ : ૧.** પ્રવાસ માટે ગાઈડ ફી, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી રકમ રૂા. ૨૫૦/- મુસાફરના શીરે રહેશે. **૨.** રૂા. ૩૦૦૧/- ભરી મનગમતી સીટ બુક કરાવો. **૩.** બેંક, એલ.આઈ.સી. અને જી.આઈ.સી.ના કર્મચારીને એલ.ટી.સી. મળશે, એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૧૦૦૦/- અલગથી ભરવાના રહેશે.

**Bank A/c. No. 32996143540 SBI (Dholka Branch)**

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨ ૪૫૧૨૨**

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઇમાન વ ખઝાઇનુલ ઇરફાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ બકરહની તફસીર

ફરી ત્યાર બાદ તમારા દિલ સખ્ત થઇ ગયાં[૧૨૩] તો તે પથ્થરોની જેમ છે બલ્કે એનાથી વધારે સખ્ત અને પથ્થરોમાં તો અમુક તે છે જેમાંથી નદીઓ વહી નીકળે છે, અને અમુક તે છે જે ફાટી જાય છે તો તેમાંથી પાણી નીકળે છે, અને અમુક તે છે જે અલ્લાહના ડરથી પડી જાય છે[૧૨૪] અને નથી અલ્લાહ તમારા કરતુતોથી બેખબર (૭૪) તો અય મુસલમાનો ! શું તમને એ લાલચ છે કે યહૂદી તમારૂં યકીન લાવશે અને એમનામાંની એક ટુકડી તો તે હતી કે અલ્લાહનું કલામ સાંભળ્યા પછી સમજ્યા બાદ તેને જાણી જોઇને બદલી નાખતા[૧૨૫] (૭૫) અને જ્યારે મુસલમાનોથી મળે તો કહે, અમે ઇમાન લાવ્યા[૧૨૬] અને જ્યારે અંદર અંદર એકલા હોય તો કહે, તે ઇલ્મ જે અલ્લાહે તમારા પર ખોલ્યું મુસલમાનોને કહી આપો છો કે એનાથી તમારા રબને ત્યાં તમારા પર જ દલીલ કરે, શું તમને અક્કલ નથી ? (૭૬) શું નથી જાણતા કે અલ્લાહ જાણે છે જે કંઇ તેઓ છુપાવે છે અને જે કંઇ જાહેર કરે છે (૭૭) અને તેમનામાં અમુક નિરક્ષર છે કે જેઓ કિતાબ[૧૨૭] ને નથી જાણતા પણ મોઢે પઢી લેવું[૧૨૮] અથવા કંઇ

સૂરએ બકરહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

ثُمَّ قَسَتْ
قُلُوْبُكُمْ مِّنْ بَعْدِ ذٰلِكَ فَهِيَ كَالْحِجَارَةِ اَوْ اَشَدُّ
قَسْوَةً ۭ وَاِنَّ مِنَ الْحِجَارَةِ لَمَا يَتَفَجَّرُ مِنْهُ الْاَنْهٰرُ ۭ
وَاِنَّ مِنْهَا لَمَا يَشَّقَّقُ فَيَخْرُجُ مِنْهُ الْمَاۗءُ ۭ وَاِنَّ مِنْهَا
لَمَا يَهْبِطُ مِنْ خَشْيَةِ اللّٰهِ ۭ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا
تَعْمَلُوْنَ ﴿٧٤﴾ اَفَتَطْمَعُوْنَ اَنْ يُّؤْمِنُوْا لَكُمْ وَقَدْ كَانَ
فَرِيْقٌ مِّنْهُمْ يَسْمَعُوْنَ كَلٰمَ اللّٰهِ ثُمَّ يُحَرِّفُوْنَهٗ
مِنْۢ بَعْدِ مَا عَقَلُوْهُ وَھُمْ يَعْلَمُوْنَ ﴿٧٥﴾ وَاِذَا لَقُوا الَّذِيْنَ
اٰمَنُوْا قَالُوْٓا اٰمَنَّا ښ وَاِذَا خَلَا بَعْضُھُمْ اِلٰى بَعْضٍ قَالُوْٓا
اَتُحَدِّثُوْنَھُمْ بِمَا فَتَحَ اللّٰهُ عَلَيْكُمْ لِيُحَاۗجُّوْكُمْ
بِهٖ عِنْدَ رَبِّكُمْ ۭ اَفَلَا تَعْقِلُوْنَ ﴿٧٦﴾ اَوَلَا يَعْلَمُوْنَ
اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا يُسِرُّوْنَ وَمَا يُعْلِنُوْنَ ﴿٧٧﴾ وَمِنْهُمْ
اُمِّيُّوْنَ لَا يَعْلَمُوْنَ الْكِتٰبَ اِلَّآ اَمَانِيَّ وَاِنْ ھُمْ اِلَّا
يَظُنُّوْنَ ﴿٧٨﴾ فَوَيْلٌ لِّلَّذِيْنَ يَكْتُبُوْنَ الْكِتٰبَ بِاَيْدِيْهِمْ ۤ
ثُمَّ يَقُوْلُوْنَ ھٰذَا مِنْ عِنْدِ اللّٰهِ لِيَشْتَرُوْا بِهٖ ثَـمَنًا
قَلِيْلًا ۭ فَوَيْلٌ لَّھُمْ مِّمَّا كَتَبَتْ اَيْدِيْهِمْ وَوَيْلٌ لَّھُمْ مِّمَّا
يَكْسِبُوْنَ ﴿٧٩﴾ وَقَالُوْا لَنْ تَمَسَّنَا النَّارُ اِلَّآ اَيَّامًا مَّعْدُوْدَةً ۭ
قُلْ اَتَّخَذْتُمْ عِنْدَ اللّٰهِ عَهْدًا فَلَنْ يُّخْلِفَ اللّٰهُ عَهْدَهٗٓ
اَمْ تَقُوْلُوْنَ عَلَى اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿٨٠﴾ بَلٰى مَنْ كَسَبَ

سَيِّئَةً وَّاَحَاطَتْ بِهٖ خَطِيْٓـئَتُهٗ فَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ
هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۸۱﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَنَّةِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۸۲﴾ وَاِذْ اَخَذْنَا
مِيْثَاقَ بَنِىْٓ اِسْرَآءِيْلَ لَا تَعْبُدُوْنَ اِلَّا اللّٰهَ ۣ وَبِالْوَالِدَيْنِ
اِحْسَانًا وَّذِى الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ وَقُوْلُوْا
لِلنَّاسِ حُسْنًا وَّاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ ۭ
ثُمَّ تَوَلَّيْتُمْ اِلَّا قَلِيْلًا مِّنْكُمْ وَاَنْتُمْ مُّعْرِضُوْنَ ﴿۸۳﴾

**પોતાનું મનઘડત અને તેઓ નર્યા ગુમાનમાં છે. (૭૮) તો ખરાબી છે તેમના માટે જેઓ કિતાબ પોતાના હાથથી લખે, પછી કહી દે આ ખુદા તરફથી છે કે એના બદલે થોડી કીંમત પ્રાપ્ત કરે[૧૨૯] તો ખરાબી છે તેમના માટે પોતાના હાથો વડે લખેલાથી અને ખરાબી તેમના માટે આ કમાઇથી (૭૯) અને બોલ્યા અમને તો આગ નહીં અડે પણ ગણાત્રીના દિવસ[૧૩૦] તમે ફરમાવી દો, શું ખુદા પાસેથી તમે કોઇ વાયદો લઇ રાખ્યો છે ત્યારે તો અલ્લાહ કદાપી પોતાના વાયદાની વિરૂદ્ધ કરશે નહી[૧૩૧] અથવા ખુદા પર તે વાત કહો છો જેનું તમને ઇલ્મ નથી (૮૦) હા કેમ નહીં! જે ગુનાહ કમાય અને તેની ભૂલ તેને ઘેરી લે[૧૩૨] તે દોઝખવાળાઓમાં છે, તેઓને હમેશાં તેમાં રહેવાનું (૮૧) અને જેઓ ઇમાન લાવ્યા અને સારાં કાર્યો કર્યાં તેઓ જન્નતવાળા છે, તેઓને હમેશાં તેમાં રહેવાનું (૮૨) અને જ્યારે અમે બની ઇસરાઇલ પાસેથી વાયદો લીધો કે અલ્લાહ સિવાય કોઇને ન પૂજો અને મા-બાપ સાથે ભલાઇ કરો[૧૩૩] અને સગાસંબંધીઓ અને યતીમો અને મિસ્કીનો સાથે, લોકોને સારી વાત કહો[૧૩૪] અને નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો પછી તમે ફરી ગયા[૧૩૫] પણ તમારામાંના થોડા[૧૩૬] અને તમે મોઢું ફેરવી લેનાર છો[૧૩૭] (૮૩)**

## :: સમજૂતી ::

૧૨૩. અને કુદરતની આવી મોટી નિશાનીઓથી પણ તમે બોધ ગ્રહણ ન કર્યો.

૧૨૪. આમ છતાં તમારાં દિલોને અસર થતો નથી, પથ્થરોમાં પણ અલ્લાહે સમજ શક્તિ આપી છે, તેમને અલ્લાહનો ડર લાગે છે, તેઓ તસ્બીહ પઢે છે, اِنْ مِّنْ شَیْءٍ اِلَّا يُسَبِّحُ بِحَمْدِهٖ (કોઇ ચીજ એવી નથી જે તેની તસ્બીહ ન પઢતી હોય). મુસ્લિમ શરીફમાં હઝરત જાબિર રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે સૈયદે આલમ ﷺએ ફરમાવ્યું, તે પથ્થરને ઓળખું છું જે નુબુવ્વત જાહેર કરતાં પહેલાં મને સલામ કરતો હતો. તિરમિઝીમાં હઝરત અલી રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હું સૈયદે આલમ ﷺ સાથે મક્કાની આજુબાજુ નીકળ્યો. જે ઝાડ કે પહાડ સામે આવતો તે અસ્સલામુ અલયક યા રસૂલલ્લાહ ﷺ કહેતો હતો.

૧૨૫. જેવી રીતે તેઓએ તવરાતમાં ફેરફાર કર્યા. અને સૈયદે આલમ સલ્લલ્લાહો અલયહે સલ્લમની તારીફ વખાણને ફેરવી કાઢયા.

**શાને નુઝૂલ :**

૧૨૬. આ આયત તે યહૂદીઓ માટે ઉતરી જે સૈયદે આલમ ﷺના સમયમાં હતા, ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાએ ફરમાવ્યું, યહૂદી મુનાફિકો જ્યારે સહાબાએ કિરામને મળતા ત્યારે કહેતા, જેના પર તમે ઇમાન લાવ્યા છો તેના પર અમે પણ ઇમાન લાવ્યા છીએ, તમે હક પર છો અને તમારા આકા ﷺ સાચા છે, તેમનાં કથન સત્ય છે, અમે તેમના વખાણ અને ગુણો પોતાની કિતાબ તવરાતમાં દેખીએ છીએ.

આવા લોકો પર યહૂદી સરદારો મલામત કરતા હતા, એનું બયાન وَاِذَا خَلَا بَعْضُهُمْમાં છે (ખાઝિન)

**ફાયદો** : એનાથી જાણવા મળ્યું કે હક છુપાવવું અને હુઝૂર ﷺના ગુણોને છુપાવવા તેમજ આપના કમાલોને નકારવા એ યહૂદીઓનો તરીકો છે, આજ-કાલના ઘણા ગુમરાહોની આ આદત છે.

૧૨૭. કિતાબનો મતલબ તવરાત છે.

૧૨૮. અમાની ઉમનિય્યહનું બહુવચન છે અને એનો અર્થ મોઢે પઢવાનો થાય છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હુમાથી રિવાયત છે કે આ આયતના માયના એ છે કે તેઓ કિતાબને ફક્ત મોઢે પઢી લેવાનું જ જાણે છે, માયના સમજ્યા વગર (ખાઝિન) અમુક મુફસ્સિરોએ એ અર્થ પણ તારવ્યો છે કે 'અમાની'નો અર્થ તે જૂઠી અને ઉપજાવેલી વાતો છે જે યહૂદીઓએ પોતાના ધર્મ ગુરૂઓ પાસેથી સાંભ-ળીને તહકીક કર્યા વગર માની લીધી હતી.

## શાને નુઝૂલ :

**૧૨૯. જ્યારે સૈયદે અમ્બિયા ﷺ મદીના તય્યબા પધાર્યા ત્યારે યહૂદીઓના ધર્મગુરૂઓ અને તેમના સરદારોને પાકો વહેમ પડયો કે તેમની રોજી ચાલી જશે, અને સરદારી મટી જશે,** કારણ કે તવરાતમાં હુઝૂરની મુખાકૃતિ અને ગુણોનું વર્ણન કરા-એલું છે, જ્યારે લોકો હુઝૂરને તે પ્રમાણે નિહાળશે તો તરત મુસલમાન થઇ જશે, અને પોતાના ધર્મગુરૂઓ તેમજ સરદારોને છોડી દેશે. આ વહેમથી તેઓએ તવરાતમાં ફેરફાર કરી નાખ્યા, અને હુઝૂરની મુખા-કૃતિના બયાનમાં પણ ફેરફાર કર્યો, દા.ત. તવરાતમાં આપના વિશે લખ્યું હતું કે આપ ખૂબસૂરત, રૂપાળા વાળ, સૂરમો લગાવેલો હોય એવી આંખો, મધ્યમ કદ-વાળા છે, એને મિટાવીને તે લોકોએ પોતાના તરફથી લખી દીધું કે, તે ખૂબ લાંબા કદના, લીલી આંખોવાળા અને ગુંચવાએલા વાળવાળા છે, આવું જ લોકોને સમ-જાવતા અને આને જ ખુદાની કિતાબના લખાણ તરીકે ઠસાવતા હતા, અને સમજતા હતા કે જ્યારે લોકો હુઝૂરને આની વિરૂદ્ધ દેખશે તો આપના પર ઇમાન નહીં લાવે, અમારા ચાહકો બની રહેશે અને અમારી કમાઇમાં કંઇ ફેર નહીં પડે.

૧૩૦. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાથી રિવાયત છે કે યહૂદીઓ કહેતા કે તેઓ દોઝખમાં કદાપિ દાખલ થવાના નથી પણ ફક્ત એટલા જ દિવસ જેટલા દિવસ તેમના પૂર્વજોએ વાછરડાની પૂજા કરી હતી, અને તે ચાલીસ દિવસો છે, ત્યાર બાદ તેઓ અઝાબમાંથી છૂટી જશે, એના પર આ આયત ઉતરી.

૧૩૧. કારણ કે જૂઠ મોટી ઐબ છે અને ઐબ અલ્લાહ તઆલા માટે અશક્ય છે, માટે જૂઠ બોલે એ તો શક્ય નથી, પણ જ્યારે અલ્લાહ તઆલાએ તમારી સાથે ૪૦ દિવસ અઝાબ આપીને છોડી દેવાનો વાયદો જ નથી કર્યો તો તમારી વાત જ જૂઠ્ઠી છે.

૧૩૨. આ આયતમાં ગુનાહનો મતલબ શિર્ક અને કુફ્ર છે, અને ઘેરી લેવાનો મતલબ એ છે કે છૂટ-કારાના બધા માર્ગો બંધ થઇ જાય, અને કુફ્ર - શિર્ક પર જ તેની મોત આવે, કારણ કે મોમિન ગમે તેવો ગુનેહગાર હોય તો પણ ગુનાહોથી ઘેરાએલો નથી હોતો, કારણ કે ઇમાન જે મોટામાં મોટી ઇતાઅત છે તેની સાથે હોય છે.

૧૩૩. અલ્લાહ તઆલાએ પોતાની ઇબાદતનો હુકમ ફમાવ્યા પછી મા બાપ સાથે ભલાઇ કરવાનો આદેશ આપ્યો એનાથી જણાય છે કે મા બાપની સેવા ઘણી જરૂરી છે, મા બાપ સાથે ભલાઇ કરવાનો અર્થ છે કે એવી કોઇ વાત ન કહે અને એવું કોઇ કામ ન કરે જેનાથી તેઓને દુ:ખ થાય, અને પોતાના શરીર અને માલ વડે તેમની સેવા કરવામાં પાછીપાની ન કરે, જ્યારે તેઓને જરૂર હોય ત્યારે તેમની સેવામાં હાજર રહે.

**મસઅલો** : જો મા બાપ પોતાની સેવા માટે નફ્લ છોડી દેવાનો હુકમ કરે તો છોડી દે, તેમની સેવા નફ્લ કરતાં અગ્રિમતા ધરાવે છે.

પેજ નં. ૨નું ચાલુ...

**મસઅલો** : મા બાપના હુકમથી વાજિબ નહીં છોડવામાં આવે.

મા બાપ સાથે ભલાઇ કરવાની રીત જે હદીષોથી સાબિત છે તે એ છે કે ખરા દિલથી તેમની સાથે મહોબ્બત રાખે, ચાલચલનમાં બોલવામાં ઉઠવા-બેસવામાં તેમનો અદબ જાળવે, તેમના વિશે તાઝીમવાળા શબ્દો બોલે, તેમને ખુશ રાખવાના પ્રયત્નો કરતો રહે, પોતાના સારા માલને તેમનાથી ન બચાવે, તેમના મૃત્યુ પછી તેમની વસીયતોને પૂર્ણ કરે, તેમના માટે ફાતિહા, સદકા અને તિલાવતે કુરઆન વિગેરેથી સવાબ પહોંચાડે, અલ્લાહ પાક પાસે તેમની મગફિરતની દુઆ કરે, દરેક અઠવાડિયે તેમની કબ્રની ઝિયારત કરે. (ફત્હુલ અઝીઝ)

મા બાપ સાથે ભલાઇ કરવામાં એનો પણ સમાવેશ થાય છે કે જો તેઓ ગુનાહોથી ટેવાએલા હોય અથવા કોઇ બદમઝહબીમાં સપડાએલા હોય તો તેમને નરમીથી સુધારણા, તકવા અને સાચા અકીદા તરફ લાવવા પ્રયત્ન કરે. (ખાઝિન)

૧૩૪. સારી વાતનો મતલબ નેકીઓનો શોખ અપાવવો અને ગુનાહોથી રોકવાનો થાય છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમા એ ફરમાવ્યું આનો અર્થ એ થાય છે કે સૈયદે આલમ ﷺની શાનમાં હક અને સાચી વાત કહો, જો કોઇ પૂછે તો હુઝૂરના કમાલો અને ગુણો સાચી રીતે રજૂ કરી આપો, અને આપની ખૂબીઓ ન છુપાવો.

૧૩૫. વાયદા પછી.

૧૩૬. જેઓ ઇમાન લઇ આવ્યા, જેમ કે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને તેમના સાથીદારો કે તેઓએ વાયદો પુરો કર્યો.

૧૩૭. અને તમારી કૌમની ટેવ જ ફેરવી તોળવાની અને વાયદાથી ફરી જવાની છે.

અને પુષ્કળ ગુનાહોના છતાં જો કોઈની પાસે દૌલતની ભરમાર હોય તો આ હદીષની રોશનીમાં આપણે તેને જોઈને પનાહ માગવી જોઈએ ! યાદ રાખશો કે દુનિયા દારુલ ઈબ્તેલા (પરીક્ષાનું ઘર) છે, અહીં દરેક દરેક કદમ પર ઈમ્તિહાન છે, એટલા માટે ઈમ્તિહાન તથા આજમાઈશને અલ્લાહનો અઝાબ ન સમજે, બલ્કે અલ્લાહનો કાનૂન સમજી હસતા ચહેરે તેનું સ્વાગત કરે અને દીનામાં અડગતા માટેની દુઆ કરે.

કુર્આને કરીમના અભ્યાસથી જાણવા મળે છે કે લગભગ અંબિયાએ કિરામ علیہم السلامને ઈમ્તેહાન તથા આજમાઈશના દૌરમાં થઈને પસાર થવું પડયું છે, પરંતુ એ હાલતમાં પણ તેમણે શું કર્યું અને શું કહ્યું તેને આપણે દૃષ્ટિ સમક્ષ રાખવું જોઈએ. આકાએ કરીમ ﷺના અમુક ઈર્શાદોના પ્રમાણે આ કસૌટી તથા આજમાઈશ પણ અજ્રનો ઝરીયો હોય છે. જેમ કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, مَنْ يُّرِدِ اللّٰهُ خَيْرًا يُّصِبْ مِنْهُ **"અલ્લાહ જેની સાથે ભલાઈનો ઈરાદો કરે છે તો એને આજઈમાશમાં નાખે છે."** *(બુખારી શરીફ)* આ આજમાઈશ શું છે ? આ આજમાઈશ ક્યારેક રોજીમાં તંગીના થકી થાય છે, ક્યારેક ઔલાદના થકી, કદીક બીમારીના થકી અને ક્યારેક ખૌફના થકી થાય છે. આ સંજોગોમાં આપણી જિમ્મેદારી છે કે આપણે એવા સંજોગોમાં સબ્રની ભીખ તથા દીન પર અડગતાની ખૈરાત માગીએ. જેના તરફથી મુસીબત આવી છે તેને દૂર પણ તે જ કરશે, ઈન્શાઅલ્લાહ ! પરવરદિગારે આલમ, આકાએ કરીમ ﷺના સદકા વ તુફૈલ આપણા સૌના હાલ પર કરમ ફર્માવે. *–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મે–૨૦૧૪)*

**સૂરતમાં બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા માટે સંપર્ક કરો :-**

અનીસભાઈ વાલુડીઆ
Mob. 8401794006

અઝીઝભાઈ મચ્છાસરાવાલા
Mob. 9173982278

હઝરત અબૂ હુરૈરહ્ رضى الله عنهથી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે પાયખાના (જાજરૂ) જતા તો હું આપની ખિદમતમાં પાણીની મશક અથવા પ્યાલામાં પાણી લાવતો[૧]. આપ ઈસ્તિન્જો કરતા. પછી હાથ શરીફ જમીન પર રગડતા[૨]. પછી હું બીજુ વાસણ લાવતો તો વુઝૂ કરતા[૩]. એને અબૂ દાઊદ તથા દારમીએ રિવાયત કરી. નિસાઈએ એ જ અર્થમાં રિવાયત કરી. હકમ ઈબ્ને સુફયાનથી ફર્માવે છે કે નબી ﷺ જ્યારે પેશાબ કરતા તો વુઝૂ કરતા અને શર્મગાહ (પેશાબની જગા) પર છાંટા મારતા[૪].

ઉમૈમા બિન્તે રુકૈયાથી રિવાયત છે[૫] ફર્માવે છે કે નબી ﷺની પાસે લાકડાનો પ્યાલો હતો જે આપના તખ્તની નીચે મૂકેલો રહેતો હતો જેમાં રાત્રે પેશાબ કરતા હતા[૬]. *(અબૂ દાઊદ, નિસાઈ)*

હઝરત ઉમર رضى الله عنهથી રિવાયત છે ફર્માવે છે કે મને નબી ﷺએ જોયો કે હું ઉભો રહીને પેશાબ કરી રહ્યો હતો. તો ફર્માવ્યું કે હે ઉમર ! ઉભા રહીને પેશાબ ન કર્યા કરો. પછી મેં કદી ઉભા રહીને પેશાબ નથી કર્યો. *(તિર્મિઝી, ઈબ્ને માજહ)*

શયખ ઈમામ મુહયુસ્સુન્નહએ ફર્માવ્યું, હઝરત હુઝૈફાથી સહીહ રિવાયત સાથે વર્ણન થયેલ છે. ફર્માવે છે, નબી ﷺ એક કૌમની કચરો નાખવાની જગા પર તશરીફ લાવ્યા અને ઉભા રહીને પેશાબ કર્યો. *(મુસ્લિમ, બુખારી)* કહેવામાં આવ્યું છે કે આ મજબૂરીના હેઠળ હતું[૭].

(ત્રીજો વિભાગ) હઝરત આઈશા رضى الله عنها રિવાયત ફર્માવે છે કે જે તમને એવી ખબર આપે કે નબી ﷺ ઉભા રહીને પેશાબ કરતા હતા તો એને સાચો ન માનો. આપ બેસીને જ પેશાબ કરતા હતા[૮]. *(અહમદ, તિર્મિઝી, નિસાઈ)*

હઝરત ઝયદ ઈબ્ને હારિષાથી[૯] રિવાયત છે તે નબી ﷺથી રિવાયત કરે છે કે જિબ્રઈલ عليه السلام પ્રથમ વહીમાં આપની પાસે આવ્યા[૧૦] તો આપને વુઝૂ તથા નમાઝ શીખવાડી[૧૧]. પછી જ્યારે વુઝૂથી ફારિગ થયા તો પાણીનો પ્યાલો લીધો અને શર્મગાહ પર છંટકાવ કર્યો[૧૨]. *(અહમદ તથા દારકુત્ની)*

હઝરત અબૂ હુરૈરહ્ رضى الله عنهથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મારી પાસે હઝરત જિબ્રઈલ عليه السلام આવ્યા. અર્ઝ કરી, હે મુહમ્મદ ![૧૩] (ﷺ) જ્યારે તમો વુઝૂ કરો તો પાણી છાંટી લીધા કરો. તિર્મિઝીએ રિવાયત કરી અને કહ્યું કે આ હદીષ ગરીબ છે. મેં મુહમ્મદ એટલે ઈમામ બુખારીને કહેતાં સાંભળ્યા કે હસન બિન અલી હાશમી રાવી મુન્કરુલ હદીષ છે[૧૪].

હઝરત આઈશા رضى الله عنهاથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ પેશાબ કર્યો તો હઝરત ઉમર આપની પાછળ પાણીનો કૂજો લઈને ઉભા થઈ ગયા. ફર્માવ્યું, હે ઉમર ! આ શું ? અર્ઝ કરી, પાણી છે જેનાથી આપ વુઝૂ કરો. ફર્માવ્યું મને એ હુકમ નથી કે જ્યારે કદી પેશાબ કરું તો વુઝૂ કરું, જો એવું કરું તો સુન્નત થઈ જશે ! *(અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** એનાથી જાણવા મળ્યું કે નબી ઉમ્મતથી, પીર મુરીદથી, ઉસ્તાદ શાગિર્દથી, પિતા પોતાના પુત્રથી ખિદમત લઈ શકે છે. અને એ લોકોનું સ્વેચ્છાએ બુઝુર્ગોની ખિદમત કરવું નેકનસીબી છે.

**૨.** જેથી માટી વડે હાથ માંજીને બૂ દૂર કરી દેવામાં આવે, જેથી ઈસ્તિન્જા પછી સાબૂ વગેરેથી હાથ ધોવા સુન્નતથી સાબિત છે. યાદ રાખશો કે હુઝૂર ﷺનું આ કૃત્ય શરીફ પણ ઉમ્મતના લીધે છે, નહીં તો હુઝૂરના ફુઝલાતમાં બદબૂ હતી નહીં. ત્યાં સુધી કે એક બીબીએ હુઝૂર ﷺનો પેશાબ ભૂલમાં પી લીધો જેવું કે એના મોકા પર વર્ણન થશે. (ઈન્શાઅલ્લાહ !)

**૩.** મોટાભાગે, ન કે હમેશાં, જેવું કે અન્ય રિવાયતોથી સાબિત છે. કેમ કે વાસણ નાનુ હતું. ઈસ્તિન્જા પછી વુઝૂને લાયક પાણી બચતુ ન હતું. એટલા માટે બીજા વાસણથી વુઝૂ કરતા હતા. નહીં તો ઈસ્તિન્જાના વધેલા પાણી વડે વુઝૂ જાઈઝ છે.

**૪.** સુફયાન ઈબ્ને હકમની સહાબિયતમાં મતભેદ છે. તેમજ એમનુ નામ હકમ ઈબ્ને સુફયાન છે કે સુફયાન ઈબ્ને હકમ છે. અને પેશાબની જગા (શર્મગાહ) પર છાંટા મારવા વસવસાને દૂર કરવા માટે અકસીર છે. અમુક ઉલમા દરેક વુઝૂ પછી તેના છાંટાને મુસ્તહબ કહે છે. અમુક ફર્માવે છે કે પેશાબ વખતે, કે જો પેશાબ પછી વુઝૂ કરવામાં આવે તો છાંટા મારી લેવામાં આવે જેથી જો બાદમાં પેશાબની જગા પર તરી (ભીનાશ) નજર આવે તો તેના પેશાબ હોવાનો વસવસો ન રહે. એ જ સહીહ છે.

**૫.** આપ સહાબિયા છે. આપના પિતાનું નામ અબ્દુલ્લાહ અને માતાનું નામ રુકૈયા છે. અથવા હુઝૂરનાં ફોઈ છે, એટલે કે આપનાં વાલિદાનાં બહેન, અથવા હઝરત ખદીજાનાં બહેન. અને શક્ય છે કે બંનેવ સંબંધો હોય.

**૬.** "અયદાન" કે "ઓદ"નું બહુવચન છે (અર્થ : લાકડી) અથવા "અયદાનિયહ"નું, જેનો અર્થ ખજૂરનું ઝાડ થાય છે. સરકાર ﷺ મોટાભાગે જમીન પર સૂતા હતા અને ક્યારેક તખ્ત પર પણ સૂતા હતા. પગોની દિશામાં એ પ્યાલો રાખવામાં આવતો હતો જેથી પેશાબના માટે ઠંડી વગેરેમાં બહાર ન જવું પડે.

**૭.** એનાથી જાણવા મળ્યું કે ઉભા રહીને પેશાબ કરવો મકરૂહ અને કાફિરોનો તરીક઼ો છે. જાહિલિયતના લોકો ગધેડા, બળદની જેમ ઉભા ઉભા પેશાબ કર્યા કરતા હતા. જો એમાં બેપદર્ગી થાય અથવા કપડાં પર છાંટાઓ પડે અથવા કાફિરોથી મળતાપણુ (મુશાબેહત) કે ફેશનના માટે હોય તો મકરૂહે તહરીમી છે, નહીં તો મકરૂહે તન્ઝીહી છે. મજબૂરીની હાલતમાં વિના કરાહતે જાઈઝ છે.

**૮.** ક્યાં તો ત્યાં બેસવાની જગા ન હતી. કેમ કે કચરાની જગા પર દરેક જગાએ નાપાકી જ હોય છે. અથવા પગ મુબારકમાં ઝખ્મ અથવા પીઠ મુબારકમાં દર્દ હતું જેના લીધે ઉભા રહીને પેશાબ કરવો લાભદાયી હતું. તબીબો (ડોકટરો) જણાવે છે કે ઉભા રહીને અંગારા પર પેશાબ કરવો સિત્તેર બીમારીઓનો ઈલાજ છે. *(મિર્ક઼ાત તથા અશિઅતુલ લમ્આત)*

યાદ રાખશો કે આ મોક઼ા પર સરકાર ﷺ ઊંચી જગાએ ઉભેલા હશે જેનાથી પેશાબના છાંટાઓથી મહેફૂઝ રહ્યા હશે.

**૯.** ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا હુઝૂર ﷺની આદતે કરીમાનું વર્ણન કરી રહ્યાં છે. અથવા હુઝૂરે ઘરમાં કદી ઉભા રહીને પેશાબ ન કર્યો, નહીં તો એકાદ વાર ઉઝરના કારણે ઉભા રહીને પેશાબ કર્યો છે. જેથી હદીષોમાં ટકરાવ નથી.

**૧૦.** આપની કુન્નિયત અબૂ અમામા છે. આપનાં વાલિદા સઅદ બિન્તે ષઅલ્બા છે. આપને આઠ વરસની ઉમરમાં બની મઅના કબીલાએ પકડી લીધા અને ઓકાઝના બજારમાં હકીમ ઈબ્ને હરામ ઈબ્ને ખુવૈલદના હાથે ચારસો દિરહમના બદલામાં વેચી

કાઢયા. હકીમે આપને પોતાની ફોઈ હઝરત ખદીજતુલ કુબરાના માટે ખરીદયા. જ્યારે હુઝૂરે બીબી ખદીજા رضی اللہ عنہا સાથે નિકાહ કર્યા તો તેમણે હઝરત ઝયદને હુઝૂર ﷺની ખિદમતમાં ભેટ ધરી દીધા. હુઝૂરે તેમને આઝાદ કરીને પોતાના બેટા બનાવી લીધા અને પોતાની લોંડી ઉમ્મે અયમનથી નિકાહ કરી આપ્યા, જેનાથી અમામા બિન ઝયદ પેદા થયા. પછી હુઝૂરે આપના નિકાહ ઝયનબ બિન્તે જહશ رضی اللہ عنہا સાથે કરી આપ્યા, જે બાદમાં હુઝૂરના નિકાહમાં આવ્યાં. આપ હુઝૂરને ઘણા પ્રિય હતા, ત્યાં સુધી કે આપની ગણના અહલે બયતે પાકમાં થાય છે. અને લોકો આપને ઝયદ ઈબ્ને મુહમ્મદ કહ્યા કરતા હતા. ત્યારે આ આયત ઉતરી : اُدْعُوْا هُمْ لِاٰبَآئِهِمْ તમામ સહાબા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ માં કેવળ આપનું જ નામ કુર્આને પાકમાં આવ્યું : فَلَمَّا قَضٰی زَیْدٌ مِّنْهَا આપની ઉમર ૫૫ વરસની થઈ. જમાદિલ અવ્વલ હિ.સ. ૮માં ગઝવએ મૌતામાં શહાદત થઈ.

**૧૧.** પ્રથમ વહીથી મુરાદ નમાઝની ફર્ઝિયત એટલે શબે મેઅરાજ બાદની પ્રથમ વહી છે જે નબુવ્વતના તેરમાં વર્ષે થઈ. કેમ કે એના પહેલાં ન નમાઝ આવી હતી ન વુઝૂ. હુઝૂર ﷺ પોતાના ઈજતેહાદ વડે આ બધું કર્યા કરતા હતા, જેથી આ હદીષ પર વાંધો નથી કે પ્રથમ વહી اِقْرَاْ بِاسْمِ رَبِّكَ છે.

**૧૨.** ઉમ્મતની તા'લીમના માટે, નહીં તો હુઝૂર ﷺ ખૂદ પહેલેથી જ જાણતા હતા. એલાને નબુવ્વતથી પહેલાં ગુફાઓમાં એ'તેકાફ અને ઈબાદત કર્યા કરતા હતા, પણ હવે તે શરીઅતના હુકમો બન્યા. જેથી જિબ્રઈલે અમીને શીખવાડયું નથી બલ્કે રબના તરફથી પહોંચાડયા જેથી જિબ્રઈલે અમીન હુઝૂર ﷺના ખાદિમ છે ઉસ્તાદ નથી, શીખવાડનારો રબ છે.

**૧૩.** જેવી હુઝૂર ﷺ પોતાની ઉમ્મતને શીખવાડે જેની શરહ પહેલાં વર્ણન થઈ ચૂકી કે આ વસવસાનો ઈલાજ છે.

**૧૪.** કદાચ આ હદીષ આ આયતના નુઝૂલથી પહેલાંની છે.

لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ بَیْنَكُمْ كَدُعَآءِ بَعْضِكُمْ بَعْضًا

આ આયતના નુઝૂલ પછી કેવળ નામ શરીફ (મુહમ્મદ) સાથે હુઝૂર ﷺને પુકારવા હરામ છે. જ્યારે આપણો રબ જ પોતાના મહબૂબને નબી, રસૂલ, મુઝ્ઝમ્મિલ, મુદષ્ષિરના લકબો સાથે પોકારે તો મખ્લૂક કેવળ નામ સાથે કઈ રીતે પોકારી શકે છે?! અને શક્ય છે કે આ મુબારક શબ્દો હુઝૂર ﷺના પોતાના હોય, તેમણે અદબ સાથે પોકાર્યા હશે. હુઝૂર ﷺએ ઈન્કેસારીના (આજીજીના) રૂપે આ પ્રમાણે વર્ણવ્યું જેવું કહેવામાં આવે છે કે મને ફલાણાએ કહ્યું તો એ વખતે "અના" જ્યારે કે તેમણે કહેલું હોય છે, (આપ તશરીફ લાવશો.)

**૧૫.** એટલે કે આ અસ્નાદમાં કોઈ રાવી હસન ઈબ્ને અલી પણ છે જે ખૂદ ષિકહ નથી અને આ રિવાયતમાં એ એકલા છે. પણ વાંધો નહીં, કેમ કે અમલોના ફઝાઈલમાં હદીષ વિશ્વસનીય છે. યાદ રાખશો કે આ હસન ઈબ્ને અલી કોઈ ગૈર મોઅતબર શખ્સ છે, હઝરત ઈમામ હસન رضی اللہ عنہ મુરાદ નથી જેવું કે અમુક લોકોએ સમજ્યું છે.

**૧૬.** એટલે સુન્નતે મોઅક્કદહ, નહીં તો બાવુઝૂ રહેવું સુન્નતે મુસ્તહબા તો છે. આ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે સહાબાએ કિરામ હુઝૂર ﷺની ખિદમતના માટે હુકમની રાહ જોતા ન હતા બલ્કે મોકાની તલાશમાં રહેતા હતા. બીજુ એ કે જે કામ નબી ﷺ હમેશાં કરે તે સુન્નતે મોઅક્કદહ છે અને જેનો હુકમ પણ કરે તે વાજિબ છે. ત્રીજુ એ કે વારંવાર સરકાર ﷺએ ઉમ્મત પર આસાની કરવાના માટે મુસ્તહબ કામોને છોડી આપ્યાં છે અને આ છોડવું પણ હુઝૂર ﷺના માટે સવાબનો સબબ છે, કેમ કે એ તબ્લીગ છે.

## અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના


લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ કાદરી**

*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*


## અલ્કુદુસ્ الْقُدُّوسُ

**(દરેક કમીથી મુક્ત તથા ઐબથી પાક)**

**અર્થ તથા સમજૂતી** : તે કુદૂસ દરેક ઐબ તથા કમીથી પાક તથા ખાલી છે, બલ્કે દરેક એવી સિફતોથી પણ ખાલી છે જેનો ખયાલ મખ્લૂકમાં કરવામાં આવે છે. તે વિના શંકાએ એવી સિફત તથા તેના જેવી ઉણપવાળી સિફતથી પણ પાક છે. બંદાઓની તે તમામ સિફતો જેમ કે ઈલ્મ, કુદરત, સમાઅત, બશારત, કલામ, ઈરાદા વગેરેથી પણ પાક છે. તે કુદુસની સિફતો તો જાતી કદીમ (હમેશાથી) તથા ગૈર મખ્લૂક છે, તેની હકીકી કૈફિયત નામાલૂમ છે.

**દર્સ તથા સબક** : બંદાએ અકીદો રાખવો જોઈએ કે અલ્લાહ તઆલાનો ઈલ્મ સર્વ વહેમ, ખયાલાત, એહસાસો તથા દરેક એવા ઈલ્મો જે ચોપગાંઓને હાંસલ હોય છે એ સૌથી એનો ઈલ્મ પાક તથા સાફ છે. તેની નજર અઝલી (અવિનાશી) બાબતોથી સંબંધિત હોય છે. તેમજ અલ્લાહના ઈરાદા વિશે બંદાઓનો અકીદો એવો હોવો જોઈએ કે જેમ ઈન્સાનના ઈરાદાઓ ઈન્સાની લઝઝતો વગેરેથી સંબંધ ધરાવે છે તેમ અલ્લાહના ઈરાદાઓને આ બધાથી પાક માને, અને બંદો ફક્ત અલ્લાહનો ઈરાદો કરે અને તેને લુત્ફ આવે તો ફક્ત અલ્લાહની જાતમાં આવે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામની ખાસિયત એ છે કે :– سُبُّوحٌ قُدُّوسٌ رَبُّ الْمَلَائِكَةِ وَالرُّوحُ **(સુબ્બુહુન કુદ્દુસુન રબ્બુના વ રબ્બુલ મલાઈકતિવરૂહ)** જુમ્આની નમાઝ બાદ રોટલીના ટુકડા પર લખી જે બંદાએ મોમિન બંદો તેને ખાઈ જશે અલ્લાહ તઆલા તેના માટે ઈબાદતના સહીહ રસ્તાઓ ખોલી આપશે તેમજ તમામ આફતોથી તેની હિફાઝત ફર્માવશે.

'અરબઈને ઈદરીસિયા'માં છે કે :– يَاقُدُّوسُ الطَّاهِرُ مِنْ كُلِّ آفَةٍ فَلَا شَيْءٌ يُعَادِلُهُ مِنْ خَلْقِهِ **(યા કુદૂસુત્તાહિરુ મિન્કુલ્લિ આફતિન્ શયઊન યુઆદિલુહુ મિન્ખલ્કિહિ)**ના વિશે શૈખ સુહરવર્દી ફર્માવે છે કે જે શખ્સ દરરોજ એકાંતમાં તેને ૧૦૦૦ વાર ચાલીસ દિવસ પઢશે તેના ઈરાદાઓમાં નોંધપાત્ર તબદીલી આવશે તથા દુનિયામાં તેની અસરકારક શક્તિ જાહેર થશે.

## અસ્સલામ્ السَّلَامُ

**(દરેક ઐબથી રક્ષિત તથા મેહફૂઝ)**

**અર્થ તથા સમજૂતી** : તેની જાત ઐબથી સલામત અને તેની સિફાત કમીથી મેહફૂઝ, તેનાં કામો શરારત તથા બુરાઈથી સલામત તથા મેહફૂઝ છે.

**દર્સ તથા સબક** : એવા તમામ બંદાઓ જેમના દિલો ખયાનત, કીના, હસદ અને બુરાઈના ઈરાદાઓથી સલામત હોય, તેમના શરીરના અંગો ગુનાહો તથા મના ચીજોથી મેહફૂઝ હોય, તેમની

સિફતો ગુનાહો અને બુરાઈઓથી પાક હોય તો આ જ તે લોકો છે જેમના દિલ સલામત છે અને તે જ લોકો આયતે કરીમા إِلَّا مَنْ أَتَى اللَّهَ بِقَلْبٍ سَلِيمٍ ના પાત્ર છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : પરેશાની તથા તકલીફોને દૂર કરવા માટે આ નામ મુબારક ઘણુ અસરકારક છે. જો કોઈ બીમાર પર ૧૨૧ વાર પઢી દમ કરવામાં આવે તો અલ્લાહના ફઝ્લથી તેને શિફા મળશે અને બીમારીમાં કમી થશે, જ્યારે કે તેની મૌતનો ટાઈમ ન આવી ગયો હોય.

'અરબઈને ઈદરીસિયા'માં છે કે જો એવો કોઈ શખ્સ જુલ્મ વગેરેનો શિકાર હોય તો નીચે જણાવેલ દુઆ વધુને વધુ પઢશે તો અલ્લાહના ફઝ્લથી તેનાથી છૂટકારો પામશે. :–

**يَا نَقِيًّا عَنْ كُلِّ جَوْهَرٍ لَمْ يَرْضَهُ وَلَمْ تُخَالِطْهُ أَفْعَالُهُ**

**(યા નકિય્યન્ અન્કુલ્લિ જવહરિન્ લમ્યર્દહુ વલમ્તુખાલિત્હુ અફઆલુહુ)**

## અલ્ મુઅ્મિન્ الْمُؤْمِنُ

**અમાન બખ્શવાવાળો**

**અર્થ તથા સમજૂતી** : અમ્નો શાંતિના સબબો તે જ પૂરા પાડે છે. ખૌફ તથા દરના સબબોને તે જ રોકી અને બાંધી રાખે છે. તેના સિવાય બીજી તરફથી અમ્નો શાંતિ મળવાનો ખયાલ પણ કરી શકાતો નથી.

**દર્સ તથા સબક઼** : આ મુબારક નામથી બંદએ મો'મિને એ સબક઼ લેવો જોઈએ કે મખ્લૂક઼ને તેના તરફથી ખૌફ તો શું પણ તેની ખુશ્બુ પણ ન પહોંચવી જોઈએ, બલ્કે જો કોઈ બીજો ખૌફમાં ફસાયેલ હોય તો તેને પોતાના દામનમાં પનાહ મળી શકે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામની વિશિષ્ટતા એ છે કે જે તેને પઢતો રહેશે તેને ચૈન સુકૂન તથા ઈમાની કુવ્વતની લાઝવાલ દૌલત મળશે. જો કોઈ ડરી ગયેલ માણસ ૩૬ વાર يَامُؤْمِنُ પઢશે તેને પોતાના જાનો માલનો અમ્નો અમાન હાંસલ થશે.

## અલ્ મુહય્મિન્ الْمُهَيْمِنُ

**દરેક વસ્તુ પર દેખરેખ રાખનાર**

**અર્થ તથા સમજૂતી** : અલ્લાહની સિફતમાં જ્યારે આ શબ્દને બોલવામાં આવે છે તો તેનો અર્થ એ થાય છે કે તે બંદાના અમલો, રિઝ્ક઼ તથા મૌતનો નિગેહબાન તથા નિગરાં છે. આ તમામ વસ્તુઓ તેના ઈલ્મ, કંટ્રોલ તથા હિફાઝતમાં જાહેર થાય છે. એટલે કે સિફતે મુહયમિનમાં વર્ણન કરેલ ત્રણેવ મતલબો સામેલ છે, અને આ વિશાળ ભાવાર્થમાં આ શબ્દ ગૈરુલ્લાહ માટે બોલવામાં નથી આવતો. એટલા માટે કહેવામાં આવે છે કે આ મુબારક સિફત ક઼દીમ (હમેશાથી) આસ્માની કિતાબોમાં પણ વર્ણન કરેલ છે.

**દર્સ તથા સબક઼** : જે મો'મિન પોતાના દિલની નિગેહબાની કરે છે, દિલના રાઝ પર નજર રાખે છે તેનાથી ઉદ્ભવતાં કામો તથા અખ્લાક઼ો પર કંટ્રોલ રાખે છે, હમેશાં પોતાના દિલની નિગેહબાની કરે છે તો તેને મુહયમિન કહેવામાં આવે છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામનો અધિક્તર ઝિક્ર કરવાથી બાતિનની બુલંદી, ઈજ્જત તથા બુલંદ હિંમતી હાંસલ થાય છે. જે શખ્સ નમાઝ પઢયા બાદ એકાંતમાં ૧૦૦ વાર તેને પઢશે તેના સર્વ નેક મક઼સદો પૂરા થશે. ''અરબઈને ઈદરીસિયહ''માં છે કે નીચે જણાવેલ દુઆ પાબંદીની સાથે પઢશે તો તેની દિમાગશક્તિ વધશે તથા ભૂલી જવાની બીમારી દૂર થશે.

**يَا عَلَّامَ الْغُيُوبِ فَلَا يَفُوتُهُ شَيْءٌ مِنْ عِلْمِهِ وَلَا يَؤُودُهُ**

**(યા અલ્લામુલ ગુયૂબ ફલા યફુતુહુ શયઉન્ મન્ ઈલ્મિહિ વલા યઊદુહુ)**

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## શું રોકડા અને ઉધારની અલગ અલગ કિંમત રાખવી મના છે ?

જો કોઈ વ્યક્તિ પોતાનો માલ, અન્ય વ્યક્તિને વેચે અને આ પ્રમાણે કહે કે "જો હમણાં જ પૈસા ચૂકવી દેશો (રોકડામાં) તો આટલામાં અને ઉધાર ખરીદ કરશો તો આટલા પૈસા થશે."

દા.ત. હમણા (રોકડ)માં ૩૦૦ રૂા. અને જો ઉધાર લેશો એટલે કે પૈસા પછી આપશો ૩૫૦ રૂા. આપવા પડશે, તો આ જાઈઝ છે તેને કેટલાક લોકો નાજાઈઝ સમજે છે અને તેને વ્યાજ સમજે છે. આ તેઓની (ગેરસમજ) ગલતફેહમી છે અને વ્યાજ નથી.

હા ! જે વહેંચતી વખતે આ વાતને સ્પષ્ટ કરી નહીં અને માલ ૩૦૦ રૂા.માં વેચી નાખ્યો અને રકમ પૈસાની ચૂકવણી કરવામાં એણે મોડુ કર્યું આથી તેની (ખરીદનાર) પાસેથી પૈસા વધારીને લીધા દા.ત. ૩૫૦ રૂા. લીધા તો આ વ્યાજ થઈ જશે. મતલબ એ જ કે ઉધાર અને રોકડાનો ભાવ અલગ અલગ હોય તો ખરીદતી વખતે જ તેની સ્પષ્ટતા કરી દે, પાછળ થી ઉધારને કારણે પૈસા વધારીને લેવા વ્યાજ અને હરામ છે. *(ફતાવાએ રઝવિય્યહ, જિ-૧૭, પેજ-૯૭, પ્રકાશક : રઝા ફાઉન્ડેશન-લાહોર, ફતાવાએ ફયઝુર્રસૂલ, જિ-૨, પેજ-૩૮૦)*

## ચાપલૂસી (ખુશામત) પસંદ મુતવલ્લી અને મોહતમિમ (વહીવટદાર)

કેટલીક જગ્યાએ અમુક મસ્જિદોના મુતવલ્લી અને મદ્રસાઓના સંચાલકોનો એ સ્વભાવ થઈ ગયો છે કે તેઓને સારા, ભલા, ભણેલા ગણેલા, બા સલાહિયત અને દીનદાર ઈમામ અને મુદર્રિસ સારા નથી લાગતા, અને તેમની તેઓથી બનતી નથી, અને તે લોકો સારા લાગે છે જે તે સંચાલકોની ખુશામત કરે છે, તેમની હામાં હા મેળવે છે. જ્યારે તે સંચાલકો આવે ત્યારે તેમને પોતાની મસ્નદ (બેસવાની જગ્યા) ઉપર બેસાડે છે અને પોતે એક તરફ ખસી જાય છે અને જરૂરત વગર તેમની ધાક ધમકીઓને પણ સાંભળી લે છે. આવા ઈમામ અને મુદર્રિસો આજકાલના કેટલાક મુતવલ્લીઓ અને સંચાલકોને ઘણા સારા લાગે છે, પછી ભલે આવા ઈમામ અને મુદર્રિસો કાંઈ જાણતા ન હોય અને ન તો બાળકોને પઢાવતા હોય, ફક્ત સમય પસાર કરતા હોય, નમાઝની પાબંદી કરતા હોય અથવા ન કરતા હોય, નમાઝમાં ભલે કુર્આને કરીમ ગલત (ખોટુ) પઢતા હોય, તેમને આ બાબતોથી કોઈ સંબંધ નથી, બસ તેમની ખુશામતખોરી ચાલુ રહેવી જોઈએ.

હકીકતમાં આવા મુતવલ્લી અને સંચાલક ઈસ્લામની બર્બાદીનું કારણ છે અને તેઓએ જ મસ્જિદોને વેરાન કરેલ છે અને મદ્રસાઓના શિક્ષણના સ્તરને બિલ્કુલ ખલાસ કરી નાખેલ છે, અને આ બર્બાદીની પૂછપરછ તેમની સાથે કયામતના દિવસે ઘણી જ કડકાઈપૂર્વક થશે.

દુઆ છે કે ખુદાએ તઆલા તેમને સમજ આપે અને તેમને પોતાની જાત અને નફસથી વધારે દીનની પ્રગતિથી પ્યાર થઈ જાય. એ યાદ રાખવું જોઈએ કે ઈમામો, આલિમો, મોલ્વીઓને પરેશાન કરવાવાળાઓ દુનિયા અને આખેરતમાં ઝલીલ અને રૂશ્વા (બેઈજ્જત) થશે.

આ પણ બેસીને રડવાની વાત છે કે આજકાલ કેટલાક મદ્રસાઓમાં ચંદો કરી લેવાને પસંદગીનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. જે ચારેબાજુ ફરી ફરીને વધુમાં વધુ ફાળો ઉઘરાવીને જમા કરાવે તેને વધુ પસંદ કરવામાં આવે છે (સારી નજરે જોવામાં આવે છે) અને સારા, સાચા, ઈલ્મવાળા, ક઼ાબિલ અને સલાહિયતવાળા બિચારા આલિમોને તિરસ્કૃત નજરોથી જોવામાં આવે છે.

હદીષે પાકમાં રસૂલુલ્લાહ ﷺએ ક઼યામતની નિશાનીઓમાંથી એક વાત (નિશાની) આ પણ ફર્માવી હતી કે "જ્યારે મામલાઓ નાએહલ (નાસમજ)ને સુપ્રત કરવામાં આવે." આજકાલ આ પ્રમાણે જ વધારે પ્રમાણમાં થઈ રહ્યું છે કે "એહલે ઈલ્મ વ ફઝ્લ (ઈલ્મો ફઝ્લ ધરાવનારાઓ)ને કોઈ પૂછનાર નથી અને નાએહલ (નાલાયક), ઈલ્મ વગરના (અજ્ઞાન), ચાપલૂસ અને ખુશામદી વાતો કરવાવાળાઓ મસ્જિદો અને મદ્રસાઓ ઉપર, મર્કઝો અને ઓફિસો ઉપર કબજો જમાવીને બેઠા છે.

તદ્ઉપરાંત ઈલ્મો ફઝ્લ ધરાવનારાઓ (જ્ઞાનીઓ)ની બારગાહમાં પણ આ ફક઼ીર (લેખક) હાથ જોડીને વિનંતી કરે છે કે તેઓ આ બધા મામલાઓમાં સબ્રથી કામ લે અને જે કાંઈ પણ થઈ શકે તે કરતા રહે તેમજ હિંમત ન હારે. પરિણામ અને મેદાન (છેવટે) હમેશાં સબ્ર કરવાવાળાઓના હાથમાં જ રહ્યું છે અને સબ્રથી વધીને દુનિયામાં કોઈ તાક઼ત નથી અને બેસબ્રીથી વધીને કોઈ કમજોરી નથી. ઈજ્જત અને શોહરત (નામના) અને ખુદા વ રસૂલની બારગાહમાં મક઼બૂલિયત જુલ્મ સહન કરવાવાળાઓને જ હમેશાં મળી છે, જુલ્મ કરવાવાળાઓ તો હમેશાં નુકસાની સિવાય કાંઈ જ મેળવતા નથી, પરંતું આ સબ્ર કરવું અને જુલ્મ સહન કરવું અલ્લાહ અને રસૂલને માટે જ હોય, ફક્ત દીન અને આખેરતને માટે જ હોય. એટલા માટે ન હોય કે સબ્ર કરવાથી શોહરત (નામના) અને ઈજ્જત મળશે.

## હરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ
# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## રોઝો તોડનારી બાબતોનું બયાન

**મસ્અલો :** ખાવા પીવા કે સંભોગ કરવાથી રોઝો તૂટી જાય છે, જ્યારે કે રોઝાદાર હોવાનું યાદ હોય. જો રોઝાદાર હોવાનું યાદ નથી અને ભૂલથી ખાય, પી લીધું કે સંભોગ કર્યો તો ન તૂટયો. *(હિદાયા, આલમગીરી, કાઝીખાન વગેરે)*

**મસ્અલો :** હુક્કો, સિગારેટ, બીડી, ચીરૂટ, સિગાર પીવાથી રોઝો તૂટી જાય છે.

**મસ્અલો :** પાન કે તંબાકુ ખાવાથી પણ તૂટી જાય છે. પછી ભલે તેને ચાવીને પાણી થૂંકી નાખવામાં આવેલ હોય.

**મસ્અલો :** ખાંડ, સાકર, ગોળ અને એવી ચીજ કે જે મોઢામાં મૂકતાં ઓગળી જાય છે, તેને મોં માં મૂકયું અને થૂંક ગળી ગયા તો રોઝો તૂટી ગયો.

**મસ્અલો :** દાંતોમાં કોઈક ચીજ ચણા બરાબર ભરાઈ હતી તે ખાઈ ગયા અથવા ચણાથી નાની હતી અને તેને મોંથી બહાર કાઢી પછી ખાય ગયા તો રોઝો તૂટી ગયો.

**મસ્અલો :** દાંતોમાંથી લોહી નીકળી ગળાથી નીચે ઉતર્યું અને લોહી થૂંકથી વધારે કે બરાબર હતું કે ઓછું હતું પરંતું એનો **સ્વાદ ગળામાં જણાયો,** તો આ બધીય હાલતોમાં રોઝો તૂટી ગયો, અને લોહી થોડું હતું અને સ્વાદ પણ ન જણાયો તો રોઝો ન તૂટયો. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો : જાજરૂના રસ્તે** દવા ચઢાવી કે **નાકમાં** ચઢાવી કે **કાનમાં** તેલ નાખ્યું કે જતું રહ્યું તો રોઝો

તૂટી ગયો. અને જો કાનમાં પાણી પેસી ગયું કે નાખ્યું તો ન તૂટયો. *(આલમગીરી, બહાર)*

મસ્અલો : કોગળા કરી રહ્યો હતો અને ઈરાદા વિના પાણી ગળા નીચે ઉતરી ગયું અથવા નાકમાં પાણી ચઢાવી રહ્યો હતો અને પાણી મગજમાં ચઢી ગયું તો રોઝો તૂટી ગયો. પરંતુ રોઝો છે એ યાદ ન હતું તો ન તૂટયો. *(આલમગીરી, બહાર)*

મસ્અલો : ઊંઘમાં પાણી પી લીધું કે કંઈક ખાય પી લીધું, અને મોં ખુલ્લુ હતું કે પાણીના ટીપાં કે કરા (બરફની ટુકડી) ગળામાં ચાલી ગયા તો રોઝો ન તૂટયો. *(જૌહરા, આલમગીરી, બહાર)*

મસ્અલો : બીજાનું થૂંક ગળી ગયો કે પછી પોતાનું જ થૂંક હાથમાં લઈ ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

મસ્અલો : મોમાં રંગીન દોરો રાખ્યો જેનાથી થૂંક રંગીન થઈ ગયું, પછી તે થૂંક ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

મસ્અલો : આંસૂ મો માં જતું રહ્યું અને તે ગળી ગયો અને તે એકાદ ટીપું, બે ટીપાં છે, તો રોઝો ન તૂટયો અને જો વધારે હતાં કે જેનો ખારો સ્વાદ પૂરા મોં માં જણાયો તો રોઝો તૂટી ગયો, પરસેવાનો પણ એ જ હુકમ છે. *(આલમગીરી, બહાર)*

મસ્અલો : પુરૂષે સ્ત્રીને ચુંબન કર્યું અથવા સ્પર્શ કર્યો (વાસનાથી) અથવા સંભોગ કર્યો અથવા ગળે લગાડી અને વિર્ય નીકળી ગયું તો રોઝો તૂટી ગયો અને સ્ત્રીએ વાસનાથી પુરૂષને સ્પર્શ કર્યો તે કારણે પુરૂષને વિર્ય નીકળી ગયું તો રોઝો ન તૂટયો. **સ્ત્રીને પુરૂષે કપડાં પહેરેલ હાલતમાં સ્પર્શ કર્યો, કપડું એટલું જાડું હતું કે શરીરની ગરમી ન જણાય તો રોઝો ન તૂટયો ભલે પછી વિર્ય નીકળી ગયું હોય.**

મસ્અલો : વધુ પડતો ઈસ્તિંજા કર્યો ત્યાં સુધી કે અંદર સુધી પાણી પહોંચી ગયું તો રોઝો તૂટી ગયો અને તે વળી એટલો વધુ પડતો ઈસ્તિંજા કરવો પણ ન જોઈએ એનાથી ભયંકર બીમારીનો ભય છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

મસ્અલો : **પુરૂષે પેશાબના કાણામાં પાણી કે તેલ નાખ્યું તો રોઝો ન તૂટયો, ભલે તે અંદર સુધી પહોંચી ગયું હોય અને જો સ્ત્રીએ પેશાબની જગામાં પાણી કે તેલ નાખ્યું અને અંદર સુધી પહોંચી ગયું તો રોઝો તૂટી ગયો.** *(આલમગીરી, બહાર)*

મસ્અલો : સ્ત્રીએ પેશાબગાહમાં રૂ કે કપડું મૂકયું અને તે બિલકુલ બહાર ન રહ્યું તો રોઝો તૂટી ગયો. સૂકી આંગળી કોઈએ જાજરૂની જગામાં મૂકી અથવા સ્ત્રીએ પેશાબગાહમાં મૂકી તો રોઝો ન તૂટયો અને જો ભીની હતી કે કંઈક તેની સાથે લગાવેલું હતું અને અંદર મૂકી તો રોઝો તૂટી ગયો. જ્યારે કે તે જાજરૂ કરવાની જગ્યામાં તે જગ્યાએ મૂકી હોય જ્યાં પીચકારીનો છેડો રાખવામાં આવે છે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહાર)*

મસ્અલો : રોઝાથી હોવું યાદ હોવા છતાં **જાણી બુઝી મોં ભરી ઉલ્ટી કરી તો રોઝો તૂટી ગયો** અને જો મોં ભર્યાથી **ઓછી કરી છે તો રોઝો ન તૂટયો.** *(દુર્રે મુખ્તાર વગેરે)*

મસ્અલો : **કુદરતી રીતે ઉલ્ટી થઈ ગઈ તો થોડી હોય કે વધુ રોઝો ન તૂટયો.** *(દુર્રે મુખ્તાર)*

મસ્અલો : ઈરાદા વિના ઉલ્ટી આવી અને ખૂદ બ ખૂદ અંદર પાછી વળી ગઈ તો રોઝો ન તૂટયો. ભલે પછીથી હોય કે વધુ રોઝદાર હોવું યાદ હોય કે ન હોય. *(દુર્રે મુખ્તાર)*

મસ્અલો : ઉલ્ટી માટેના આ હુકમો ત્યારે લાગુ પડે છે કે ઉલ્ટીમાં અનાજ આવે કે ખટાશ કે લોહી આવે, જો ફક્ત કફ આવ્યો તો રોઝો ન તૂટશે. *(આલમગીરી)*

મસ્અલો : રમઝાનમાં મજબૂરી વિના જે માણસ ખુલ્લેઆમ ખાય પીએ તો (બાદશાહે ઈસ્લામ) માટે હુકમ છે કે તેને કત્લ કરી નાખે. *(રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તાર, દહબાનિયા, બહાર)*

# અહલે સુન્નતના અક઼ીદા કુર્આનની રોશનીમાં

લેખક : **મૌલાના સૈયદ મુહમ્મદ અમીનઅલી ક઼ાદરી** *(નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)*
અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## હુઝૂર રહમતે આલમ ﷺ જીવંત છે શહીદોનું ક઼બ્રોમાં જીવંત રહેવું

**وَلَا تَقُوْلُوْا لِمَنْ يُقْتَلُ فِيْ سَبِيْلِ اللّٰهِ أَمْوَاتٌ بَلْ أَحْيَآءٌ وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ**

"અને જેઓ ખુદાના રસ્તામાં માર્યા જાય તેઓને મરેલા ન કહો બલ્કે તેઓ જીવંત છે. હા ! તમને ખબર નથી." *(પારા–૨, સૂ. બક઼રહ, આ. ૧૫૪)*

**★ રાહે ખુદામાં જાન દેવાવાળાઓને મૃત ખયાલ કરવાથી પણ મનાઈ અને તેમને રિઝ્ક઼ આપવામાં આવવું ★**

**وَلَا تَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ أَمْوَا تًا بَلْ أَحْيَآءٌ عِنْدَ رَبِّهِمْ يُرْزَقُوْنَ**

"અને તેઓ જે ખુદાના માર્ગમાં માર્યા ગયા કદાપિ તેમને મરેલા કલ્પશો નહીં બલ્કે તેઓ પોતાના પરવરદિગાર પાસે જીવંત છે, રોજી પામે છે." *(પારા–૨, સૂ. આલે ઈમરાન, આ. ૧૬૯)*

**★ મુસ્તફા જાને રહમત ﷺનું દરેક જગત માટે રહમત હોવું ★**

**وَمَآ أَرْسَلْنٰكَ إِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ** "અને અમે તમને બધાય જગત માટે રહમત (બનાવીને) મોકલ્યા." *(પારા–૧૭, સૂ. અંબિયા, આ. ૧૦૭)*

**مُّحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ** "મુહમ્મદ અલ્લાહના રસૂલ છે." *(પારા–૨૬, સૂ. ફત્હ, આ. ૨૯)*

## હુઝૂર જાને આલમ ﷺ નૂર પણ છે અને બશર પણ

**قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّكِتٰبٌ مُّبِيْنٌ** "બેશક ! તમારી પાસે અલ્લાહ તરફથી એક નૂર આવ્યું અને પ્રકાશિત કિતાબ." *(પારા– ૬, સૂ. માએદહ, આ. ૧૫)*

**يُرِيْدُوْنَ أَنْ يُّطْفِئُوْا نُوْرَ اللّٰهِ بِأَفْوَاهِهِمْ وَيَأْبَى اللّٰهُ إِلَّا أَنْ يُّتِمَّ نُوْرَهٗ وَلَوْ كَرِهَ الْكٰفِرُوْنَ**

"અલ્લાહનું નૂર પોતાના મોઢા વડે ઓલવી નાખવા માગે છે અને અલ્લાહ પોતાના નૂરને સંપૂર્ણ કર્યા વગર માનશે નહીં ભલે કાફિરો ખોટુ લગાડીને પડયા રહે." *(પારા–૧૦, સૂ. તૌબા, આ. ૩૨)*

**★ હુઝૂર ﷺ આપણી જેમ બશર (સામાન્ય માનવી) નથી બલ્કે સાહિબે વહી છે. ★**

**قُلْ إِنَّمَآ أَنَا بَشَرٌ مِّثْلُكُمْ يُوْحٰٓى إِلَيَّ** "તમે ફર્માવો : જાહેર માનવ મુખાકૃતિમાં તો હું તમારી જેવો છું, મને વહી આવે છે." *(પારા–૧૬, સૂ. કહ્ફ, આ. ૧૧૦)*

## હુઝૂર પૂરનૂર ﷺ ખૂદ મુનવ્વર છે અને મુનવ્વર કરનાર પણ છે.

**وَدَاعِيًا إِلَى اللّٰهِ بِإِذْنِهٖ وَسِرَاجًا مُّنِيْرًا** "અને અલ્લાહના હુકમથી અલ્લાહ તરફ બોલાવનાર અને ચમકાવી દેનાર સૂર્ય." *(પારા–૨૨, સૂ. અહઝાબ, આ. ૪૬)*



# ઈમામ અહમદ રઝા

## ❊ અને દર્સ તથા તદરીસ ❊

અઝ : **મૌલાના સૈયદ શાહિદ અલી રઝવી નૂરી**
અનુવાદક : **ઝયનબ યાકૂબ ઓમનજી-પાલેજ**

(ગતાંકથી ચાલુ..)

**★ મન્ઝરે ઈસ્લામના પ્રથમ શયખુલ હદીષ ★**

૧-મુહર્રમુલ હરામ હિ.સ. ૧૩૨૨, ઈ.સ. ૧૯ માર્ચ ૧૯૦૫ શનિવારે જનાબ તેહસીલદાર રહીમ યારખાં સાહબ રઈસે આ'ઝમ બરેલીના આલીશાન મકાન પર આવેલ મહોલ્લા "ગુલાબ નગર"માં "મદ્રસા અહલે સુન્નત વ જમાઅત"ની સ્થાપ્ના થઈ.

આ'લા હઝરતે એનું તારીખી નામ "મન્ઝરે ઈસ્લામ" રાખ્યું. ઉસ્તાદે ઝમન મૌલાના મુહમ્મદ હસન રઝાખાન હસન કાદરી વ્યવસ્થાપક મદ્રસએ અહલે સુન્નત "મંઝરે ઈસ્લામ" બરેલી, મદ્રસાની ખુસૂસિયાત બયાન કરતાં વર્ણવે છે :-

"સૌથી વધીને ખુશનસીબી આ મદ્રસાની એ છે કે મુજદ્દિદે હાઝર, આલિમે એહલે સુન્નત હઝરત મૌલાના મૌલ્વી હાજી મુહમ્મદ અહમદ રઝાખાન કાદરી બરકાતી مدظلہ العالی ને ફુરસદ ન હોવા છતાં એની સાથે દર્સે હદીષ શરીફની પણ આપે જિમ્મેદારી લીધી છે." *(રૂદાદે મંઝરે ઈસ્લામ, હિ.સ. ૧૩૨૨, પેજ : ૪, ૫)*

ડોકટર મુહમ્મદ ઈર્શાદ અહમદ સાહિલ સહસરામી અલીગ લખે છે :-

".....હઝરત મલિકુલ ઉલમાએ ઈમામ અહમદ રઝા قدس سرہ થી બુખારી શરીફ, ઉકલીદસના છ મકાલા, તશરીહુલ અફલાક, તસરીહ, શરહે ચગમીનીનો દર્સ લીધો અને ફતાવા નવેસીના આદાબ શિખ્યા, અને એ જ પ્રમાણે ઈલ્મે હયઅત, તૌકીત, જફર, તફસીર અને મેથ્સ જેવા દુર્લભ ફનોમાં કમાલ હાંસલ કર્યો. આ'લા હઝરત قدس سرہ થી સુલૂકની જાહેરી અને બાતિની મંઝિલો પણ પાર કરી. તસવ્વુફની મશ્હૂર કિતાબ "રિસાલા કુશૈરિયહ્" અને "અવારિફુલ મઆરિફ"ને સબકન સબકન દર્સ લીધો, ઝિક્ર બિઝ્ઝહર, પાસે અન્ફાસના બાતિની આદાબ શિખ્યા. છેવટે આપની બાતિની સફાઈથી પ્રભાવિત થઈને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہ એ ફરાગતના વર્ષના અંતમાં આપને સિલસિલએ આલિયા, કાદરિયા, બરકાતિયા, રઝવિય્યહ્‌ની ઈજાઝત તથા ખિલાફત અતા ફર્માવી." (ફતાવા મલિકુલ ઉલમા, પેજ : ૧૧, ૧૨)

**★ આ'લા હઝરત رحمۃ اللہ علیہ નો દર્સે બુખારી ★**

મલિકુલ ઉલમાના શાગિર્દ તથા ખાસ મુરીદ મુફતી સૈયદ અઝીઝ હુસૈન રઝવી ઝફરી ભાગલપૂરી, હઝરત મલિકુલ ઉલમાની આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી قدس سرہ થકી ઝોહર બાદ લગભગ અઢી વર્ષ સુધી સતત બુખારી શરીફનો દર્સ લેવાની વાત કરતાં ફર્માવે છે કે :-

"હઝરત મૌલાના (મલિકુલ ઉલમા) ફર્માવ્યા કરતા કે, આમ તો મારા બધા જ ઉસ્તાદ મારા હદથી વધારે ચહીતા અને મારા પર મહેરબાન હતા. અને દરેક પોતાના અંદાઝે તા'લીમમાં એકથી એક ચઢીયાતા હતા, પરંતુ, આ'લા હઝરતનો પઢાવવાનો તરીકો એ બધાથી અલગ હતો, મેં બુખારી શરીફની એક હદીષ પઢી. પહેલાં આપ સનદના વિશે ચર્ચા કરતા પણ થોડી, એના પછી એક મુસલસલ (સતત) તકરીર ફર્માવતા જેમાં પહેલાં નફસે હદીષના વિશે બયાન કરતા, એના પછી ઈર્શાદ થતો કે આ હદીષથી આ મસાઈલ સાબિત થાય છે. અને શબ્દે શબ્દથી જે મસ્અલા નીકળતા એને બયાન ફર્માવતા. જો હદીષો એવી આવે કે જેનાથી એહલે સુન્નતના વિરોધી

હઝરાત એહલે હદીષ પોતાના મઝહબ માટે દલીલ બનાવતા. એમની તક઼રીર અને સાબિતનો તરીક઼ો ખૂબ જ ખુલાસાની સાથે પક્ષપાત વગરના તરીક઼ાથી જાહેર કરતા જેનાથી સાંભળવાવાળા સમજતા કે તેમની સાબિતી ખૂબ જ યોગ્ય અને સ્પષ્ટ છે. ત્યાર બાદ તેમનો રદ અત્યંત ખુલાસાની સાથે વિગતવાર ઈર્શાદ ફર્માવતા. ત્યારે બિલકુલ સાફ ખબર પડી જતી કે તે હદીષથી આ મસ્અલા પર દલીલ આપવી કોઈપણ રીતે સહીહ નથી.

આ'લા હઝરત قدس سرہની તક઼રીર તથા દર્સમાં ઈમામ માલિક رضی اللہ عنہના આ કલામ "સદાક઼તુ ત્તયામ"ના જલ્વા આંખોની સામે આવી જતા જે તેમણે ઈમામે આ'ઝમ قدس سرہના હક્ક઼માં ફર્માવ્યું હતું. તે એ કક્ષાના છે કે જો આ થાંભલાને સોનાનો સાબિત કરવા ચાહે તો દલીલોથી સાબિત કરી આપે."......"જો કે સબક઼ોમાં અન્ય લોકોની હાજરી પણ રહેતી હતી. ખાસ કરીને સહીહ બુખારી શરીફના દર્સમાં તો હાજર રહેવાવાળાઓની સંખ્યા ઓગણીસ, વીસ સુધી પહોંચી ગઈ હતી. પરંતુ, કિતાબ શરૂ કરવાવાળા અને પઢવાવાળા માત્ર મલિકુલ ઓલમા જ રહેતા અને લોકો માત્ર સાંભળતા હતા." *(જહાને મલિકુલ ઓલમા, પેજ : ૧૨૨)*

દર્સે હદીષનો આ સિલસિલો હિ.સ. ૧૩૨૭ સુધી મન્ઝરે ઈસ્લામમાં બાક઼ાઈદા જારી રહ્યો. શેહઝાદએ અસગર મુફતીએ આ'ઝમ મૌલાના મુહમ્મદ મુસ્તફા રઝાખાં ક઼ાદરી رحمۃ اللہ علیہ અને ઉસ્તાઝુલ ઉલમા મૌલાના સૈયદ ખલીલ અહમદ ક઼ાઝમી અમરોહવી قدس سرہને બાઝાબ્તા બુખારી શરીફ પઢાવી. મા'કૂલાત અને મન્કૂલાતની છેલ્લી કિતાબોની પૂર્ણાહુતિ કરાવીને ઈલ્મ અને અમલના ઘરેણાથી સુશોભિત કરી ફરાગતની સનદ અતા ફર્માવતા.

આ પછી "દર્સે રઝા"નો આ સિલસિલો મખ્સૂસ તલબાના માટે અને મખ્સૂસ ઈલ્મો ફનની તા'લીમ તથા તર્બિયતની હદ સુધી ધીરે ધીરે હિ.સ. ૧૩૪૦ સુધી જારી રહ્યો. જેમ કે હિ.સ. ૧૩૩૦–૩૧માં આખરી દર્સે હદીષ સદરુશ્શરીઅહ્ મૌલાના હકીમ મુહમ્મદ અમજદ અલી રઝવી આ'ઝમી અને એમના હમ દર્સ સાથીઓને ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ આપ્યો.

જેમ કે મોલ્વી અબૂ અલી મુહમ્મદ નક઼ી અહમદ સાહબ માલાબારી ક઼ાદરી નક઼્શબંદી ઈમામ મસ્જિદે કલ્યરા લખે છે : હું ધોરાજી હાજી અબ્દુલગફૂર સાહબના ત્યારે મુક઼ીમ હતો એવામાં ઉસ્તાઝી સદરુશ્શરીઅહ મૌલાના અમજદ અલી સાહબ ત્યાં તશ્રીફ લાવ્યા અને આ'લા હઝરતના હાલાત સંદર્ભમાં બયાન ફર્માવ્યું :–

"અમે આ'લા હઝરત رحمۃ اللہ علیہથી દર્સે હદીષ લઈ રહ્યા હતા એવામાં નિયમની વિરુદ્ધ હઝરત ત્યાંથી ઉઠયા અને પંદર મિનિટ પછી પરેશાનીની હાલતમાં પાછા તશરીફ લાવ્યા. બંને હાથ આપની બાંયો સાથે ભીના થઈ ગયા હતા. તો મને (સદરુશ્શરીઅહ્ને) પોકાર્યો, હું મસ્જિદની બહાર આવ્યો તો હુકમ ફર્માવ્યો કે બીજો સૂકાઈ ગયેલો કુર્તો લઈ આવો. મેં તેમને લાવી આપ્યો. હુઝૂરે પહર્યો અને અમને દર્સે હદીષ આપવા લાગ્યા." *(હયાતે આ'લા હઝરત, ભાગ–૩, પેજ : ૨૫૪, ૨૫૫)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ઈશ્ક઼ો મહબ્બતે રસૂલ ﷺના આદાબનો ખયાલ કરતાં દર્સે હદીષ ઊભા થઈને આપતા હતા. અને દર્સે હદીષના માટે ઉચ્ચ દરજ્જાની વ્યવસ્થા કરતા હતા. *(જાઅલ હક઼્ક઼ : ૧)*

આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી قدس سرہના દર્સે હદીષની શું કૈફિયત હતી ? ઝુબ્દુસ્સાદાત અલ્લામા પીર સૈયદ મહેરઅલી શાહ ગોલળવીના હવાલાથી મુફતી ગુલામ સરવર લાહોરી વર્ણવે છે : જામેઅ મસ્જિદ હારૂનાબાદના ઈમામ અને ગલામંદી હારૂનાબાદની મસ્જિદના ખતીબ મૌલાના મોલ્વી અહમદુદ્દીન સાહબ ફાઝિલે મદ્રસા અન્વારુલ ઉલૂમએ

મને કહ્યું કે મેં હઝરત અલ્લામા ફહ્હામા મુહક્કિકે એહલે સુન્નત મૌલાના મૌલ્વી નૂર અહમદ સાહબ ફરીદી رحمۃ اللہ علیہને કેટલીવાર આ પ્રમાણે કહેતાં સાંભળ્યા :–

"આરિફ બિલ્લાહ ઈમામે અહલે સુન્નત હઝરત મૌલાના મોલ્વી સૈયદ પીર મહેરઅલી શાહ સાહબ કિ઼બ્લા ગોલળવી رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવતા હતા કે આપ આ'લા હઝરતની ઝિયારતના માટે બરેલી શરીફ હાજર થયા તો આ'લા હઝરત હદીષ પઢાવી રહ્યા હતા. કહેતા હતા : મને એવું મહેસૂસ થતું હતું કે **આ'લા હઝરત બરેલ્વી હુઝૂર પૂરનૂર ﷺને જોઈ જોઈને ઝિયારતે શરીફના અન્વારની રોશનીમાં હદીષ પઢાવતા હતા."** (સુબ્હાનલ્લાહ !) *–(અશ્શાહ અહમદ રઝા, પેજ : ૧૦૩)*

ડો. સર ઝિયાઉદ્દીન (વાઈસ ચાન્સેલર મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢ) ઈલ્મે રિયાઝી (ગણિત્ર શાસ્ત્ર)નો એક સવાલ લઈને બરેલી શરીફ હાજર થયા અને ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ સંતોષપૂર્વક જવાબ આપી એમને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા. એ કોને ખબર નથી ?! સૈયદ ઐયૂબ અલી સાહબે લખ્યું છે કે ડો. સાહબે જ્યારે મસ્અલા વિશે મૌલાના બરેલ્વીથી પૂછયું, તો તરત જ ઉકેલ આપી દીધો. એના પછી ડો. સાહબે ઈલ્મે રિયાઝી પર એક અરબી કિતાબનો ઉલ્લેખ કર્યો જે મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢની લાઈબ્રેરીમાં મૌજૂદ હતી. ડો. સાહબે કહ્યું કે તે એક આલિમ સાથે કિતાબ મોકલશે, મૌલાના બરેલ્વી એ આલિમને પઢાવે તે ખૂદ પઢીને અંગ્રેજીમાં અનુવાદ કરી લેશે. જેથી તે આલિમ કિતાબ લઈને આવ્યા અને મૌલાના બરેલ્વી એ એમને પઢાવી. *(હયાતે આ'લા હઝરત : ભાગ : ૩, પેજ : ૨૫૪, ૨૫૫)*

આપનો દર્સ આપવાનો તરીકો અને તા'લીમની રીતની ખ્યાતિ એટલી થઈ કે અખંડ ભારત, અને ત્યાં સુધી કે હિજાઝ, અરબથી પણ ઈલ્મો ઈરફાનના ચાહવાવાળા ચાલ્યા આવતા અને પોતાની ઈલ્મી પ્યાસ બુઝાવીને પરત થઈ જતા હતા. જેમ કે મૌલાના સૈયદ હુસૈન સાહબ મદનીના સંબંધે ઈમામ અહમદ રઝા ફર્માવે છે :–

".....મૌલાના સૈયદ હુસૈન સાહબ મદની સાહબઝાદા હઝરત મૌલાના સૈયદ અબ્દુલકાદિર શામી મદની قدس سرہ તશરીફ લાવ્યા અને ચૌદ મહિના ફકીરખાના પર રહ્યા અને ઈલ્મે અવફાક઼ તથા તફસીર શિખ્યા. એમના જ માટે મેં મારો રિસાલા *"અતાઈબુલ ઈકસીર ફી ઈલ્મિત્તફસીર"* અરબી ભાષામાં લખ્યો. મતલબ હું ઈબારત બોલતો જતો અને તેઓ લખતા જતા અને આ લખવાની સાથે સમજતા જતા. ઈલ્મે જફરમાં એટલી નિપૂણતા થઈ કે પાંચ સવાલોમાં બેનો જવાબ સાચો કાઢી લેતા. એમનાથી મેં આ ઈલ્મથી તા'લીમની ઈજાઝતનો સવાલ પહેલાં કરી દીધો હતો અને જવાબ મળ્યો કે જરૂર બતાવો કે પોતે તેના માટે જ આટલા દૂરથી સફર કરીને આવ્યા છે. જો થોડા મહીના વધારે રહેતા તો ઉમ્મીદ હતી કે બધા જવાબ સાચા પડતા. મેં જે જદાવીલે કષીરા (નક઼શાની રેખાઓ) આ ફન (વિષય)ની અધિક સ્પષ્ટતા માટે સ્વહસ્તે નિર્માણ (સ્વરચિત) કરી હતી તે વિદાય વેળા તેમને ભેટ ધરી આપી કે મેં પોતે આ ફન (કળા)ના ત્યાગનો ઈરાદો કરી લીધો હતો જેના કારણે સવાલોની અધિક્તા થઈ જતાં લોકોને પરેશાન થવું પડતું હતું."

બુખારા (રશિયા)થી મોલ્વી અબ્દુલ ગફ્ફાર બુખારી ઈલ્મે જફર શીખવા માટે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયા, અને આઠ મહિના સુધી આ ઈલ્મને હાંસલ કર્યું. ઈમામ અહમદ રઝાનો લખેલ આ રિસાલો (પુસ્તિકા) આ વિષય પર મૌજૂદ છે : *"સફરુસ્સફર અનિલ્ જફરે બિજ્જફર."*

મૌલાના મહમૂદ અહમદ રિફાકતી મુસન્નિફ *"તઝકિરા ઉલ્માએ એહલે સુન્નત"*ના લેખક મન્ઝરે

ઈસ્લામના રોકાણ પછી આ'લા હઝરત رحمۃ اللہ علیہના હસ્તક પઢેલ કિતાબોનો ઉલ્લેખ કરતાં ફર્માવે છે :–

"કયામે મન્ઝરે ઈસ્લામ પછી આપના દર્સ હેઠળ જે કિતાબો રહી તે આ હતી : હદીષમાં બુખારી શરીફ, તસવ્વુફમાં અવારિફુલ મઆરિફ, રિસાલા કુશૈરિયા, ઉલૂમે અક઼લીમાં અક઼લીદસના છ મક઼ાલા, તસરીહ, તશરીહુલ અફલાક અને શરહે ચગમીની. તસવ્વુફ તથા સુલૂકની બંને મઆરિકતુલ આરા (ઉમદા) કિતાબોના દર્સના સમયે તલ્બા તો હતા જ પણ ઉલમાની જમાઅત પણ સામેલ થયા કરતા હતી. એક સીરત નિગરાંએ લખ્યું કે આપથી હિ.સ. ૧૨૮૬થી હિ.સ. ૧૩૪૦ પૂરા ૫૪ વર્ષના સમય સુધી સેંકડો નહીં હજારો તલ્બાએ લાભ અને ફૈઝ પ્રાપ્ત કર્યો." *(હયાતે આ'લા હઝરત, ભાગ : ૧, પેજ : ૧૨, ૧૩)*

૨૫ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૩૪૦માં આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત قدس سرہનો વિસાલ થયો. આ વર્ષે ૨૩, ૨૪ શાબાન હિ.સ. ૧૩૪૦, ઈ.સ. ૨૧, ૨૩ એપ્રિલ ૧૯૨૧ અને એ મદ્રસા એહલે સુન્નત મંઝરે ઈસ્લામનો વાર્ષિક જલ્સો રાખવામાં આવ્યો.

જલ્સાના આયોજન પહેલાં એક દા'વતી અને પ્રચાર માટે રિપોર્ટ "દબદબાએ સિકંદરી" રામપૂર સાપ્તાહિકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો જેમાં લખવામાં આવ્યું કે અત્યાર સુધીમાં ૨૦૦–૩૦૦ તલ્બા દસ્તાર તથા સનદે ફઝીલત લઈને ફારિગુત્તહસીલ ઉલમામાં સામેલ થઈ ચૂક્યા છે. *(દબદબાએ સિકંદરી : રામપૂર, પેજ : ૨, એપ્રિલ, ૧૯૨૧)* *–(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મુંબઈ, માર્ચ–૨૦૧૪)*

## રીક્ષાઓ પાછળ હિરો હિરોઈનના ફોટા લગાડનારાઓ !

# સાવધાન !

કાર્યાલય

### ફોટો ઈસ્લામમાં હરામ છતાં મુસ્લિમ સમાજમાં તેની તદ્દન છૂટ !

મુસલમાનો ! જરા તમારી હાલત જુઓ ! કે ઈસ્લામ તમને ક્યાં લઈ જવા ચાહે છે અને તમે ક્યાં અટવાયેલા છો ?! ઈસ્લામ તમને રબના તથા રસૂલે પાક ﷺના દીદાર માટે જન્નતમાં લઈ જવા ચાહે છે ! જહન્નમથી દૂર કરવા ચાહે છે.... પણ અફસોસ ! તમો જન્નતથી દૂર અને જહન્નમથી નજીક થવાનાં સર્વ કામો કરી રહ્યા છો ! ઈલ્લા માશાઅલ્લાહ ! ફક્ત કલમો પઢી લેવાથી છૂટ્ટી નથી થઈ જવાની ! ઈસ્લામને પૂર્ણપણે દિલમાં, દિમાગમાં, જીવનમાં ઉતારવો પડશે.

આજકાલ ગુનાહ કરવાનું ઈસ્લામના દુશ્મનોએ એકદમ સસ્તુ તથા સરળ કરી આપ્યું છે કે સામાન્યતઃ મુસલમાન બચવા ચાહે તો પણ તક઼વા પર ન રહી શકે અને ગમે તે રીતે ગુનાહમાં ફિસ્ક઼માં પડી ફાસિક઼ થઈ જાય ! ઈસ્લામના હુકમોની પોતે જ ધજ્જીઓ ઉડાવે ! અને એને મુસલમાનોએ અપનાવી પણ લીધું છે ! **આજે "વોટ્સએપ" તથા "ફેસબુક" વગેરે ઈન્ટરનેટનાં પ્રચાર માધ્યમો થકી ચાહે ન ચાહે લગભગ લોકો જાનદારના ફોટા એકબીજા પર મોકલીને આસાનીથી ગુનાહોની કમાણી કરી રહ્યા છે. તેમજ રીક્ષાઓવાળા રીક્ષાઓ પાછળ–અંદર બેહયા, હિરો–હિરોઈનના, ઝાની સ્ત્રી પુરૂષોના બેહયાઈ દર્શાવતા ફોટા લગાડી ગર્વ અનુભવી રહ્યા છે** ! એવાઓને પ્રેમપૂર્વક અમારો સંદેશ છે કે તમો ઈસ્લામને ચાહો છો અને રોજીનો રઝ્ઝાક રબને માનો છો તો **આજે ને અત્યારે જ એ ફોટાઓ હટાવીને તૌબા કરી લો.** આવો ! આપણા પ્યારા નબી ﷺ ફોટા વિશે શું ફર્માવે છે તે જુઓ ! આજે યુવાનો, વડીલો, બાળકો, વૃદ્ધો સૌ મોબાઈલ વડે પટ દઈને ફોટા પાડી લેતા હોય છે, પણ ગંભીરપણે આપણા નબીનો આદેશ સાંભળો !

## જાનદારનો ફોટો પાડનારને શું સજા મળશે ?

★ "દરેક ફોટો પાડનાર–બનાવનાર જહન્નમમાં છે. અલ્લાહ તઆલા દરેક ફોટા (તસ્વીર)ના બદલામાં જે એણે બનાવ્યો હતો એક મખ્લૂક પેદા કરશે જે તેને જહન્નમમાં અઝાબ આપશે. *(સહીહૈન તથા મુસ્નદે ઈમામ અહમદ)*

★ "બેશક ! જેઓ તસ્વીરો બનાવે (ફોટા પાડે) છે તેમને કયામતમાં અઝાબ થશે. તેમને કહેવામાં આવશે કે જે તમે (તસ્વીરો) બનાવી હતી તેમાં જીવ પૂરો ! *(સહીહૈન તથા સુનને નિસાઈ)*

આ ઉપરાંત અન્ય હદીષો ફોટો પાડનારાના અઝાબને દર્શાવતી, ચેતવણી આપતી આવેલી છે, તો જો તમે નબીપાક ﷺ પર ઈમાન રાખો છો તો આપની આ ચેતવણીઓથી ડરી જાવ અને નિરર્થક મનોરંજન તથા મજા ખાતર તથા હોશિયારી બતાવવા ખાતર ફોટા પાડીને તેને share કરવાનું (ફેલાવવાનુ) છોડો, નહીં તો ઉપરોક્ત અઝાબ માટે તૈયાર રહો !

## હુઝૂર ﷺએ ફોટાવાળો પર્દો ઉતારી ફેંકી દીધો !

ઈમામ માલિક, ઈમામ અહમદ, ઈમામ બુખારી, ઈમામ મુસ્લિમ, નિસાઈ તથા ઈબ્ને માજહ હઝરત ઉમ્મુલ મો'મિનીન સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત કરે છે : "રસૂલુલ્લાહ ﷺ સફરેથી તશરીફ લાવ્યા હતા. **મેં એક દરવાજા પર ફોટાવાળો પડદો લટકાવ્યો હતો.** જ્યારે હુઝૂરે અક્દસ ﷺ પાછા તશરીફ લાવ્યા તો **તેને જોતાં ચેહરએ અન્વરનો રંગ બદલાઈ ગયો અને અંદર તશરીફ ન લાવ્યા.** ઉમ્મુલ મો'મિનીન ફર્માવે છે : મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું અલ્લાહની તરફ અને અલ્લાહના રસૂલની તરફ તૌબા કરું છું ! મારાથી શું ભૂલ થઈ ? હુઝૂરે અક્દસ ﷺએ એ પડદો ઉતારીને ફેંકી દીધો અને ફર્માવ્યું, હે આઈશા ! અલ્લાહ તઆલાને ત્યાં **સખ્તથી સખત અઝાબ કયામતના દિવસે તે ફોટો પાડનારા (બનાવનારા)ઓ પર છે** જેઓ ખુદાના સર્જનની નકલ કરે છે, તેમના પર કયામતના દિવસે અઝાબ થશે, તેમને કહેવામાં આવશે કે **આ જે તમે બનાવ્યું એમાં જીવ પૂરો ! જે ઘરમાં આ (જાનદારની) તસ્વીરો હશે એમાં રહમતના ફરિશ્તા નથી આવતા."** *(મુસ્લિમ ઈબ્ને હજ્જાજ કુશૈરી, સહીહ મુસ્લિમ ૨/૨૦૧, સહીહ બુખારી, ૨/૮૮૦)*

હે નબીપાક ﷺના ચાહકો ! હુઝૂર ﷺ જે જાનદારના ફોટાઓને જોઈને એટલા નારાજ થઈ જાય કે ચહેરાનો રંગ બદલાય જાય ! તેવા ફોટાઓ બલ્કે હિરો–હિરોઈનો એટલે કે ભડવા તથા રંડીઓના ફોટાઓ તમો ખુશી ખુશી તમારાં ઘરોમાં કે દુકાનોમાં, રીક્ષાઓ પર કે રીક્ષાની અંદર લગાડો અને છતાં તમે ઘરોમાં બરકત, રોજીમાં બરકત, આફતોથી છૂટકારો શોધો એ ક્યાંથી બની શકે ?! જ્યારે કે ખૂદ અલ્લાહના રસૂલ ﷺ ફર્માવે છે કે "ત્યાં રહમતના ફરિશ્તા નથી આવતા !"

સાથોસાથ એક કડવી પણ સત્ય વાત એ પણ જણાવી દઉં કે આ ફોટા પાડવા તથા share કરવાનું (ફેલાવવાનું) કામ કેવળ સામાન્ય પબ્લિક જ નથી કરતી, બલ્કે હુફ્ફાઝ, ઉલમા, ઈમામો, ખલીફાઓ અને પીરો પણ બેધડક કરી રહેલ છે ! ઈલ્લા માશા અલ્લાહ ! હા ! જ્યાં કાંઈક જરૂરત હોય જેમ કે પાસપોર્ટ માટે કે ગવર્નમેન્ટી ડોક્યુમેન્ટ માટે તો ઠીક છે, પણ વિના જરૂરતે કેવળ મનોરંજન કે નફ્સને ખુશ કરવા કે યાદગીરી માટે લોકો ફોટો પાડીને share કર્યા કરે છે, અને આ કામ જાઈઝ હોય તેમ નિઃસંકોચ જાહિલ તથા આલિમ, પીર તથા ખલીફા સર્વ તબકો કરી રહ્યો છે ! ઈલ્લા માશાઅલ્લાહ !

તો હે નબીપાક ﷺના આશિક ભાઈઓ ! બહેનો ! ઈમાની ગૈરત શરમ પેદા કરો અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَનાં ફર્માનોની ઈજ્જત કરો, નહીં તો દુનિયામાં પણ બેબરકતી, બેઈજ્જતી થશે અને આખેરતનો અઝાબ તો અસહ્ય હશે ! અલ્લાહ અમને તમને સૌને ગુનાહોથી બચાવે અને તક્વા પરહેઝગારીવાળી જિંદગી અતા કરે. (આમીન)




# બેંકોના વ્યાજ વિશે સ્પષ્ટ માહિતી

-:: લેખક ::-

*ફકીહુલ્ હિંદ, શારેહે બુખારી હઝરત અલ્લામા મુફતી*

**મુહમ્મદશરીફુલ હક્ક઼ અમજદી** رحمۃ اللہ علیہ

:: સંપાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*કેટલાક મુસ્લિમ ભાઈઓ ઈન્ડિયન ગવર્નમેન્ટી બેંક થકી મળતા ઈન્ટરેસ્ટને સૂદ (વ્યાજ) સમજે છે. તેમને સમજાવવામાં આવે કે આ ઈન્ટરેસ્ટ શરીઅતની રૂએ વ્યાજ નથી, પણ નફો ગણાશે છતાં માનવા તૈયાર નથી થતા, બલ્કે ઉલમાએ દીન વિરુદ્ધ પણ બકવાસ કરીને પોતે ગુમરાહીમાં પડે છે. કેટલી નાદાનીની વાત છે કે જ્યારે શરીઅતના ઉલમા કુર્આન હદીષથી દલીલો આપીને જે વસ્તુ શરીઅતમાં "વ્યાજ" (સૂદ) નથી કહેવાતી તેને સમજાવી રહ્યા છે, તો તેમનો આભાર માનવાને બદલે કેટલાક જાહિલો ઉલમા પર આક્ષેપ મૂકે છે કે મોલ્વીઓ હવે બધું જાઈઝ કરવા લાગ્યા ! તેઓ જીભ સંભાળે અને ધ્યાનપૂર્વક આ ફત્વાઓનો અભ્યાસ કરે. –તંત્રી*

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

## ★ બેંકનો નફો ★

**સવાલ :** માહનામા (માસિક) અશરફિયા જાન્યુ ૧૯૮૯માં મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક સાહબ અમજદીએ બેંકોના નફાઓને લેવું જાઈઝ ઠરાવ્યું છે. અને એ પણ લખ્યું છે કે હિંદુસ્તાની બેંકોમાં પૈસા જમા કરાવવાથી જે અધિક રકમ મળે છે તે **વ્યાજ** નથી અને દલીલમાં હદીષે રસૂલુલ્લાહ ﷺ પેશ કરી છે.

મહેરબાની કરીને આ હદીષનો તર્જુમો જણાવો તો મોટી મહેરબાની થશે. કેમ કે આ હદીષમાં 'દારુલ હર્બ'નો શબ્દ આવ્યો છે. સાથોસાથ બેંક પાસેથી મેળવેલ વ્યાજને વાપરવાની જગા પણ જણાવશો કે કયાં વાપરવામાં આવે ? જો મૌલાનાએ હિંદુસ્તાનને 'દારુલ હર્બ' ઠરાવ્યું છે તો આપણે સૌ મુસલમાનોએ તાત્કાલિક હિજરત કરવી જોઈએ ! જો કે આમ તો હિંદુસ્તાનના મુસલમાનોને પોતાના મઝહબી ફર્ઝો અદા કરવાની સંપૂર્ણ આઝાદી છે.

માફ કરશો ! હું તો કોઈ આલિમ નથી, ઉર્દૂ એટલુ સારી રીતે નથી જાણતો, જેથી હદીષનો તર્જુમો ચાહું છું. જવાબી પત્ર રવાના કરેલો છે. મહેરબાની કરીને તરત જવાબ આપો. ખૂબ ખૂબ આભાર ! આપના પત્રની રાહ જોઈશ, ખુદા હાફિઝ!

*–મુહમ્મદ અમીર જાન*

**અલ્જવાબ** : જાન્યુ. ૧૯૮૯ના માસિક અંક 'અશ્રફિયા'માં જે મારો ફત્વો પ્રસિધ્ધ થયો છે તે સહીહ અને હક્ક઼ છે. એમાં તમામે તમામ (હિંદુસ્તાની) બેંકોના નફાઓને મેં જાઈઝ નથી કહ્યો, બલ્કે તે બેંકોના નફાને જાઈઝ કહ્યો છે જે **ગૈર મુસ્લિમોની** અથવા **ગવર્નમેન્ટ**ની હોય. એનો સ્પષ્ટ અર્થ એ કે **તે બેંક જે મુસલમાનોની હોય તેમાં રૂપિયા જમા કરાવતાં જે વધારાની રકમ મળે તે જાઈઝ નથી.** તે વ્યાજ અને **હરામ** છે. ફત્વામાં સ્પષ્ટ ખુલાસો છે કે, જો તે બેંક **વર્તમાનકાળની હિંદુસ્તાની હુકૂમત** અથવા **ગૈર મુસ્લિમોની** છે. અને તમે તમારા વાંધો ઉઠાવનારા લખાણમાં કેવળ "હિંદુસ્તાની બેંકો" લખ્યું છે, હુકૂમત (ગવર્નમેન્ટ)નો શબ્દ ઉડાવી દીધો છે. **"હિંદુસ્તાની ગવર્નમેન્ટની બેંક"** તે છે જે ગવર્નમેન્ટની માલિકીની હોય. અને

**''હિંદુસ્તાની બેંક''**નો એ મતલબ થાય છે કે તે બેંક જે હિંદુસ્તાનમાં હોય, ભલે તે ગમે તેની માલિકીની હોય. મુસલમાનની માલિકીની હોય કે ગૈર મુસ્લિમની માલિકીની હોય, કે હિંદુઓની માલિકીમાં હોય. ફત્વાને ધ્યાનપૂર્વક વાંચવો જોઈએ અને તેને સારી રીતે સમજવાની કોશિશ કરવી જોઈએ. હદીષના તર્જુમાથી તમે જે વાંધો ઉઠાવવા માંગો છો તેનો જવાબ તે જ ફત્વામાં હદીષ પછી મૌજૂદ છે. તમે કોઈ આલિમ પાસે આખી ઈબારત (લખાણ)નો અનુવાદ કરાવીને મતલબ પૂછી લેત તો આપની શંકા–કુશંકા દૂર થઈ જાત. આપ પ્રથમ તર્જુમો સાંભળો પછી વિસ્તારપૂર્વક વર્ણન સાંભળો. હદીષનો તર્જુમો આ પ્રમાણે છે :–

''મુસલમાન અને હર્બીની વચ્ચે દારુલ હર્બમાં વ્યાજ નથી.'' આગળની ઈબારતનો તર્જુમો આ પ્રમાણે છે : દારુલ હર્બની કેદ (પાબંદી) 'એહતેરાઝી' (બચવા માટેની) નથી, વાકઈ (ખરેખર પ્રસંગને અનુરૂપ) છે. અને આપણા ત્યાંના કાફિરો હર્બી છે 'ઝિમ્મી' કે 'મુસ્તામીન'નથી.

તેનું વિગતે વર્ણન એ છે કે કૈદ (પાબંદી)ના ત્રણ પ્રકાર છે. વાકઈ, ઈત્તેફાકી, એહેતેરાઝી. 'વાકઈ' અને 'ઈત્તેફાકી'નો ભાવાર્થ નથી હોતો અને 'એહતેરાઝી'નો હોય છે. કુર્આન મજીદમાં છે : **لَا تَأْكُلُوا الرِّبٰوٓا اَضْعَافًا مُّضٰعَفَةً** ''બમણુ વ્યાજ ન ખાવ.'' આ કૈદ 'એહતેરાઝી' નથી 'વાકઈ' છે કે જાહિલિયતના જમાનામાં એ જ પ્રમાણે થતુ હતું કે મુશ્રિકો બમણુ વ્યાજ ખાતા હતા એટલા માટે તેને વર્ણન કર્યું છે. એનો એ મતલબ નથી કે બમણાથી ઓછુ વ્યાજ ખાવું જાઈઝ છે ! બલ્કે **''વ્યાજ'' દરેક હાલતમાં તદ્દન હરામ છે** ભલે ગમે તેટલુ થોડું હોય. બીજી આયતમાં ફર્માવ્યું, ''પોતાની બાંદીઓને ઝિના માટે મજબૂર ન કરો, જો તેણીઓ પાકદામન રહેવા ચાહે.''

આ આયતમાં ''જો તેણીઓ પાકદામન રહેવા ચાહે'' ની કેદ (શરત) પણ 'એહતેરાઝી' નથી વાકઈ છે. કેમકે બુરી નજરવાળા કાફિરો પોતાની બાંદીઓને ઝિનાકારી માટે મજબૂર કરતા અને તેની કમાઈ ખાતા હતા. એનો મતલબ એ નથી કે, જો બાંદીઓ ઝિના કરાવવા માટે રાજી થઈ જાય તો તેણીઓને ઝિના માટે મજબૂર કરી શકાય છે ! **ઝિના (વ્યભિચાર) હર હાલતમાં હરામ છે,** ભલે બાંદી રાજી હોય કે બેઝાર, અને તેની કમાઈ પણ હર હાલમાં **હરામ** છે.

એ જ પ્રમાણે આ હદીષમાં **''ફી દારુલ્ હર્બ''**ની કૈદ (શરત) 'એહતેરાઝી' નથી વાકઈ છે કે જે જમાનામાં આ ઈર્શાદ થયો ત્યારે મુસલમાન અને હર્બી (કાફિર) કેવળ દારુલ હર્બમાં જ ભેગા થઈ શકતા હતા. હર્બી કાફિર દારુલ ઈસ્લામમાં હર્બી રહીને દાખલ થઈ શકતો ન હતો. જો દારુલ હર્બનો રહેવાસી હર્બી ગૈર મુસ્લિમ દારુલ ઈસ્લામમાં આવવા ચાહતો તો કાનૂની રીતે જરૂરી હતું કે તે બાકાયદા અકદે અમાન (શાંતિ કરાર) લઈને આવે, અકદે અમાન વિના દારુલ ઈસ્લામમાં આવી શકતો જ ન હતો. અને જ્યારે અકદે અમાન લઈ લીધું તો તે હર્બી ન રહેશે બલ્કે 'મુસ્તામીન' થઈ જશે.

તમે આશ્ચર્યમાં હશો કે હું શું ઉખાણા બોલી રહ્યો છું ! વિગત આ પ્રમાણે છે :– ગૈર મુસ્લિમ ત્રણ પ્રકારના છે ઝિમ્મી, હર્બી અને મુસ્તામીન. **'મુસ્તામીન'** તે ગૈર મુસ્લિમ છે જે દારુલ હર્બમાંનો રહેવાસી હોય અને નિશ્ચિત રીતે ઈસ્લામી હાકિમ પાસેથી અમાન લઈને નિશ્ચિત સમયના માટે દારુલ ઈસ્લામમાં આવ્યો હોય. **'હર્બી'** ના બે પ્રકારો છે :– એક તે જે દારુલ ઈસ્લામમાં રહેતો હોય પણ ન તેણે ઈસ્લામી હાકિમથી 'ઝિમ્મો' લીધો છે અને ન 'જિઝયો' આપે છે. ભલે એ કારણે કે ત્યાં ઈસ્લામી હુકૂમત જ નથી, જેમકે અત્યારે હિંદુસ્તાનની હાલત છે. પછી ભલે એ કારણે કે હાકિમે સુસ્તી વર્તી છે અને તે તેની પાસેથી શરીઅતના તરીકા પ્રમાણે જિઝયો નથી લેતો. જેમકે સુલ્તાન મુહીયુદ્દીન ઔરંગઝેબ આલમગીરના યુગના ગૈર મુસ્લિમોના બારામાં તેમના ઉસ્તાદ આરિફ બિલ્લાહ મુલ્લા અહમદ જીવન કુદ્દેસ સિર્રહૂએ તફસીરાતે અહમદિયહ્માં લખ્યું છે :

''આ જમાનાના ગૈર મુસ્લિમ હર્બી છે તેને કેવળ ઈલ્મવાળા જ સમજી શકે છે.''

બીજા તે હર્બી ગૈર મુસ્લિમો જે દારુલ હર્બમાં રહે છે. આ વિગતમાં વિચારણા કરશો તો જણાઈ જશે કે રિસાલત કાળમાં કોઈ પણ હર્બી, હર્બી હોવા છતાં (રહીને) દારુલ ઈસ્લામમાં આવી શકતો ન હતો. દારુલ ઈસ્લામમાં તે જ ગૈર મુસ્લિમ રહી શકતો હતો જે 'ઝિમ્મી' હોય કે પછી 'મુસ્તામીન' થઈને ટેમ્પરરી રીતે આવે. એટલા માટે તે ઈર્શાદ ફર્માવ્યો કે, ''મુસલમાન તથા હર્બીની વચ્ચે દારુલ હર્બમાં વ્યાજ નથી.'' કેમકે આ મુબારક યુગમાં એ સૂરત (સ્થિતિ) શકય જ ન હતી કે હર્બી હર્બી હોવા (રહેવા) છતાં દારુલ ઈસ્લામમાં આવી શકે.

આ કૈદ (શરત) 'વાકઈ' થવાની બે મહત્વની ઓળખો છે. પ્રથમ એ કે આ જ હદીષ શબ્દોના ફેરફાર સાથે આ પ્રમાણે રિવાયત થયેલ છે : ''અહલે હર્બ અને અહલે ઈસ્લામ વચ્ચે વ્યાજ નથી.'' (દિરાયહ)

(જિઝયો–ગૈર મુસ્લિમ પોતે ઈસ્લામી બાદશાહને ટેક્ષ આપીને પોતાની જાન માલની રક્ષાનો કરાર મેળ વી લે છે તે ટેક્ષને જિઝયો કહે છે અને તે ગૈર મુસ્લિમને ઝિમ્મી કહેવાય છે.)

આ હદીષમાં **ફી દારુલ હર્બ** ની કૈદ (શર્ત) નથી. જો વ્યાજ ન હોવું વર્ણન કરેલ સ્થિતિમાં દારુલ હર્બના સાથે ખાસ હોત તો આ કૈદ (શર્ત) આ હદીષમાં પણ જરૂર હોત. બીજું એ કે હર્બી તથા મુસલમાનની વચ્ચે વ્યાજ ન હોવાનુ કારણ જગ્યા (દારુલ હર્બ)નથી, બલ્કે હર્બીઓના માલનુ મુબાહ તથા ગૈર મા'સૂમ (મુબાહ તથા ગૈર માસૂમ એટલે ઈજાઝત વિના લેવું જાઈઝ હોય તે માલ) હોવું છે. 'હિદાયહ'માં છે :–

**તર્જુમો** : ''એટલા માટે કે તેમનો માલ તેમની જગ્યામાં મુબાહ છે, ધોકો કર્યા વિના મુસલમાન જે રીતે પણ લેશે મુબાહ માલ લેશે, 'મુસ્તામીન'થી ઉલ્ટુ કે તેનો માલ શાંતિના કરારના કારણે મા'સૂમ થઈ ગયો, મુબાહ રહ્યો નહીં.

જુઓ ! ઈમામ બુરહાનુદ્દીન 'હિદાયહ'ના લેખકે **હર્બી** તથા **મુસલમાનની** વચ્ચે વ્યાજ ન હોવાનુ કારણ જગ્યા (દાર)ને નથી ઠરાવ્યું, બલ્કે માલના મુબાહ હોવાને. અને એ દરેક મુસલમાન સમક્ષ ધોળા દિવસની જેમ રોશન છે કે હર્બી ગૈર મુસ્લિમના માલનું દારુલ ઈસ્લામમાં મુબાહ હોવું દારુલ હર્બ કરતાં અધિક સ્પષ્ટ છે. ખૂદ 'હિદાયહ્'ના લેખકના આ ઈર્શાદથી જાહેર છે :–

કેમકે તેમણે 'મુસ્તામીન'ના માલને મહ્જૂર (મા'સૂમ) હોવાનુ કારણ શાંતિ કરાર બતાવ્યું છે. એનાથી સ્પષ્ટ જાહેર થાય છે કે જો કોઈ હર્બી શાંતિ કરાર વિના દારુલ ઈસ્લામમાં આવી જાય તો તેનો માલ મુબાહ થશે. અને જ્યારે મુસ્લિમ તથા હર્બીના વચ્ચે વ્યાજ ન હોવાનુ કારણ હર્બીના માલનુ મુબાહ છે. અને **દારુલ ઈસ્લામમાં પણ તેનો માલ મુબાહ છે તો દારુલ ઈસ્લામમાં પણ હર્બી અને મુસલમાનની વચ્ચે વ્યાજ નથી.** એટલા માટે કે ''ફી દારુલ્ હર્બ'' નો ઉલ્ટો ભાવાર્થ મોઅતબર (વિશ્વાસપાત્ર) નથી. અસલ મસ્અલાને હવે તમે આ રીતે સમજો. વ્યાજ હોવા માટે બંને પક્ષોના માલનુ મા'સૂમ હોવું શર્ત છે. રદ્દુલ મુહતારમાં શરમ્ બુલાલિયહ્થી છે :

**તર્જુમો** : વ્યાજની શર્તોમાંથી બંને પક્ષે માલનુ મા'સૂમ હોવુ અને એવું હોવું કે એને (માલને) ગુમ કરી દેવાથી તાવાન (તે વસ્તુ પરત કરવું) વાજિબ હોવું છે. તો એમાંથી એકનું મા'સૂમ હોવું અને બીજાનુ વિના કિંમતનું હોવું મના નથી થતુ.

'હર્બી' ચાહે 'દારુલ ઈસ્લામ'માં હોય કે ચાહે 'દારુલ હર્બ'માં તેનો માલ મા'સૂમ નથી મુબાહ છે.

અત્યારના સંજોગોમાં હિંદુસ્તાનના ગૈર મુસ્લિમ 'ઝિમ્મી' કે 'મુસ્તામીન' નથી એટલા માટે કે 'ઝિમ્મી' તથા 'મુસ્તામીન' હોવા માટે ઈસ્લામી હુકૂમત (ગવર્નમેન્ટ) હોવી અનિવાર્ય છે, જેથી અહીંના ગૈર મુસ્લિમ 'હર્બી' થયા. પણ આપણે અહીં એ અહદની સાથે વસીએ છીએ કે અહીંના રહેવાસીઓના જાન

માલ સાથે છેડછાડ કરીશું નહીં, તેમને ઈજા આપીશું નહીં, તેમની મરજી વિરૂધ્ધ તેમનો માલ લઈશું નહીં, એટલા માટે શરીઅતની રૂએ તેમને ઈજા પહોંચાડવી, તેમની મરજી વિરૂધ્ધ તેમનો માલ લેવો જાઈઝ નથી. પરંતું જો તેઓ ખુશીની સાથે (સ્વેચ્છાએ) એવા કરાર થકી પોતાનો માલ આપે જે મુસલમાન મુસલમાન વચ્ચે શરીઅતની રૂએ નાજાઈઝ હોય તેને લેવામાં કોઈ વાંધો નથી. જેમ કે બેંકોમાં રૂપિયા જમા કરવા પર થાય છે.

ત્યાર બાદ શારેહે બુખારીએ બેંકના નફાના જાઈઝ હોવા સામે જેઓ વાંધાઓ ઉઠાવે છે તેમને કેટલાક મહત્વના પ્રશ્નો કર્યા જે જાહેરી રૂપે તો સવાલ છે પરંતું વિચાર કરશો તો તે સવાલોમાં વર્ણન કરેલ મસ્અલાનો મજબૂત તથા ઠોસ હલ મૌજૂદ છે.

### ★ વાંધો ઉઠાવનારાઓને પ્રશ્નો ! ★

**૧.** હિંદુસ્તાન દારુલ ઈસ્લામ છે તો હવે અહીંના ગૈર મુસ્લિમ 'હર્બી' છે કે 'મુસ્તામીન' કે 'ઝિમ્મી' ?

**૨.** 'હર્બી' ગૈર મુસ્લિમનો માલ દારુલ ઈસ્લામમાં 'મા'સૂમ' છે કે 'મુબાહ' ?

**૩.** દારુલ હર્બમાં મુસ્લિમ તથા હર્બીના વચ્ચે જે વ્યાજ નથી તેનુ કારણ (ઈલ્લત) દાર (સ્થળ) છે કે માલોનું મુબાહ હોવું ?

**૪.** વ્યાજની શરતોમાંથી બંને પક્ષે માલનુ મા'સૂમ હોવું છે કે નહીં ?

**૫.** ગલત ખરીદ વેચાણના સોદાઓ થકી હર્બી ગૈર મુસ્લિમનો માલ લેવો દારુલ હર્બ સાથે ખાસ છે કે દારુલ હર્બ તથા દારુલ ઈસ્લામ બંને સાથે માલ (સામાન્ય) છે ? જો ખાસ છે તો ખાસ હોવાની શું દલીલ છે ? *(માહનામા અશ્રફિયહ્– મુબારકપૂર, મે–૧૯૮૯)*

### ★ ગવર્મેન્ટી બેંકના વ્યાજ વિશેની માહિતી ★

ગવર્મેન્ટી બેંકના વ્યાજ વિશેનો મસ્અલો આજકાલ વાદવિવાદનો વિષય બની ગયો છે. સંસ્થામાં તે બાબતને સ્પર્શતા ડઝનોબંધ સવાલો રોજ આવે છે. આ મસ્અલા પર સંશોધનાત્મક રીતે નવેમ્બર ૧૯૬૦ના ''પાસ્બાન'' (માસિક) અલ્હાબાદમાં ફકીહે આ'ઝમે હિંદ નાઈબે મુફતીએ આ'ઝમ, **હઝરત અલ્લામા મૌલાના શરીફુલ હક્ક્ સાહેબ** رحمۃ اللہ علیہ (માજી સદર દારુલ ઈફતા, બરેલી શરીફ)નો ગવર્મેન્ટી બેંકના વ્યાજ બાબત જે મસ્અલો પ્રગટ થયો હતો તેનો અનુવાદ અત્રે રજૂ કરીએ છીએ. તેમણે કરેલી છણાવટ સંપૂર્ણ છે અને વાંચકોને તે બાબત શરઈ એહકામોની જાણકારી મળી રહેશે.

આ લેખમાં ઈસ્લામી શરીઅતમાં વ્યાજ લેવા દેવાનો હુકમ કેવા પ્રકારનો છે તે સમજાવવાની નિખાલસ કોશિશ કરી છે, તેમાં કોઈનું મનદુઃખ થાય તેવો ઈરાદો નથી. અમારો ઈરાદો, ઈસ્લામ ધર્મમાં વ્યાજનાં ફર્માનો બયાન કરવા સિવાય બીજો નથી.

*–અનુવાદક : હઝરત સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી*

સવાલ એવો પૂછાય છે કે :–

**(૧)** અહિંયા (ભારતમાં) ગૈરમુસ્લિમોથી વ્યાજ લેવું જાઈઝ છે કે નહીં ? ગવર્મેન્ટી બેંકમાંથી જે વ્યાજ મળે છે તેને લેવું જાઈઝ છે કે નહીં ?

**(૨)** અહિંયા (ભારતમાં) મુસ્લિમોની નાની નાની બેંકો છે, કે જે ગૈરમુસ્લિમોથી વ્યાજુ કારોબાર કરે છે, તેઓ માટે શો હુકમ છે ?

**(3)** ભારત દારુલ હર્બ છે કે દારુલ ઈસ્લામ ?

ઉપર જે પ્રશ્નો રજૂ થયા તેના જવાબ પૂર્વે તે બાબત થોડા મસ્અલાઓને ધ્યાનમાં લઈએ અને વ્યાજની વ્યાખ્યાને સ્પષ્ટપણે સમજી લઈએ.

**૧.** વ્યાજ લેવું અને આપવું હરામે કતઈ છે. જે શખ્સ તેની હુર્મતનો (હરામ હોવાનો) ઈન્કાર કરે તે **કાફિર** છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : حَرَّمَ الرِّبٰو (અર્થ : વ્યાજને હરામ ઠેરવ્યું...)

**૨.** મુડી પર, મુસલમાનની વચ્ચે અથવા મુસલમાન અને ઝિમ્મી કાફિરના વચ્ચે જે રકમ વધારાની ગણીને લેવાય છે, તે વ્યાજ થશે. મુસલમાન અને હર્બી કાફિરની વચ્ચે તેવી વધારાની રકમ ''વ્યાજ'' ગણાશે નહીં. હદીષ શરીફમાં છે : **'લા રેબન બૈના અહલિલ–હર્બે, વ અઝુન્નોહુ કાલા**

**વ બૈના અહલિલ–ઈસ્લામે'** (અર્થ : હર્બી અને એહલે ઈસ્લામ (મુસલમાન) વચ્ચે વ્યાજ નથી.) ફિક્હની ભરોસાપાત્ર અને ખ્યાતનામ કિતાબો. હિદાયહ, કોદૂરી, બિદાયહ, ઈનાયહ અને કિફાયહમાં છે કે **'લા રૈબા બૈનલ–મુસ્લિમે વલ–હર્બી, ફી દારિલ હર્બે'** (અર્થ : મુસ્લિમ અને હર્બી વચ્ચે દારુલ હર્બમાં વ્યાજ નથી.)

તન્વીરુલ અબ્સાર, દુર્રે મુખ્તાર અને રદુલ મુહતાર (કે જે ફિક્હની આધારભૂત કિતાબો છે)માં લખ્યું છે કે **'વલા બૈના હર્બી વ મુસ્લિમ સમ્મહૂ'** હિંદિયહ નામની કિતાબમાં છે કે **'વલા બૈનલ–મુસ્લિમે વલ–હર્બી ફી દારિલ–હર્બે'** સારાંશ કે ફિક્હની દરેક કિતાબોમાં અને તેની શરહો (સ્પષ્ટીકરણ) તમામ હાશિયાઓમાં અને ફતાવાઓમાં તેનો ખુલાસો છે કે મુસ્લિમ અને હર્બી વચ્ચે વ્યાજ થતું નથી. તે ઉપરથી સાફ સાફ સાબિત થયું કે જો કોઈ મુસલમાન, હર્બી કાફિરને એક રૂપિયો આપી, બે રૂપિયા વસૂલ કરે તો **આ રકમ 'વ્યાજ' નથી.** એટલે કે વધારાનો જે એક રૂપિયો કાફિરે હર્બી પાસેથી લીધો તેને વ્યાજ તરીકે ગણવામાં આવશે નહીં. જો કોઈ મુસલમાન બીજા મુસલમાનને એક રૂપિયો આપી બે રૂપિયા વસુલ કરે તો **તે વ્યાજ ગણાશે**. નુસૂસે ફુકશમાં 'ફીદારિલ–હર્બે' (દારુલ–હર્બમાં)નું બંધન એહતેરાઝી નથી કે તેનો મફાદ (ફાયદો) એ થાય કે દારુલ હર્બમાં એ વ્યાજ થતું નથી અને દારુલ ઈસ્લામમાં વ્યાજ થઈ જાય, તે કૈદે ઈત્તેફાકી છે. દા.ત. આયતે કરીમામાં છે કે, **لَا تَأْكُلُوا الرِّبٰوٓا اَضْعَافًا مُّضَاعَفَةً** ''બમણુ વ્યાજ ન ખાવ'' આ આયતનો મતલબ એ થતો નથી કે બમણુ વ્યાજ ખાવું હરામ અને થોડું ખાવું જાઈઝ છે ! બલ્કે જેવી રીતે બમણું વ્યાજ ખાવું હરામ છે તે જ પ્રમાણે થોડું પણ વ્યાજ ખાવું હરામ છે. કારણ કે **اَضْعَافًا مُّضَاعَفَةً**ની કૈદ એહતેરાઝી નથી બલ્કે ઈત્તેફાકી છે. એવી જ રીતે ફુક્હા (મુફતીઓ)ના ઈર્શાદોમાં પણ 'ફીદારિલ–હર્બ'ની કૈદ ઈત્તેફાકી છે એહતેરાઝી નથી, એટલે જેવી રીતે મુસ્લિમ અને હર્બીની વચ્ચે દારુલ–હર્બમાં, વ્યાજ થતું નથી તેવી જ રીતે દારુલ–ઈસ્લામમમાં પણ વ્યાજ થતું નથી. બલ્કે તેઓનું 'હર્બી' હોવું અને તેઓના મુબાહ–ગૈરમાસૂમ હોવું છે. હર્બીઓના માલ જેવી રીતે દારુલ હર્બમાં મુબાહ છે તેવી જ રીતે દારુલ–ઈસ્લામમમાં પણ મુબાહ છે જ્યારે કે તે 'મુસ્તામિન' (તેના જાનમાલનું રક્ષણ કરવાની બાંહેધરી આપી ન હોય) ન હોય.

**૩.** ભારત દેશ શરઈ દષ્ટિથી દારુલ ઈસ્લામ છે પરંતું ભારતમાં ગૈરમુસ્લિમ હર્બી છે. આરિફ બિલ્લાહ મુલ્લા અહમદ જીવન رحمۃ اللہ علیہ, ''તફસીરાતે અહમદ''માં ફર્માવે છે : **''ફ્જ્ઝોરૂ યા ઐયોહલમુ'' મેનૂના હલ–ફી હાઝ્ઝમાને–ઝિમ્મીયુન ? તફક્કોરૂ, ઐયોહલ મુસ્લેમૂન ! ઈન હોવા ઈલ્લા હર્બીય્યુન વમા યઅકોલોહા ઈલ્લલઆલેમૂન.''** (અર્થ : આજના કાફિરો હર્બી છે પરંતું તેને આલિમો જ જાણે છે.)

જ્યારે સુલ્તાન મુહયુદ્દીન ગાઝી ઔરંગઝેબ (આલમગીર) رحمۃ اللہ علیہના યુગમાં ભારતના કાફિરો હર્બી ગણાયા હતા, તો આજના જમાનાના કાફિરો, બિન મુસ્લિમ હુકૂમત હોવાના કારણે બદરજએ ઉલા (વિશેષ રીતે) હર્બી થશે. કેવળ દારુલ ઈસ્લામમાં રહેવાથી કોઈ કાફિર 'ઝિમ્મી' થતો નથી. જો તે સુલ્તાને ઈસ્લામને (ઈસ્લામી રાજ્યના સુલ્તાનને) વચન પ્રમાણે, શરીઅતની રીતે જિઝયો (ટેક્ષ) ભરતો હોય તો 'ઝિમ્મી' ગણાશે. આજે બિન ઈસ્લામી હુકૂમત છે અને જિઝયો ભરવાનો નથી, આવી પરિસ્થિતિમાં અહીંના ગૈરમુસ્લિમો કેમ કરીને 'ઝિમ્મી' કહેવાશે ?

**૪.** હર્બીનો માલ મુબાહ છે. મુસલમાન પોતાની ઈજ્જતને ભયમાં નાખ્યા વગર જેવી રીતે ઈચ્છે છે તે લઈ શકે છે. તમામ ફુક્હાએ કિરામ સ્પષ્ટપણે ફર્માવે છે કે, ''એક મુસલમાનને હાથે બીજા મુસલમાનને મુરદાર (જાનવર)નું વેચાણ કરવું હરામ છે પરંતું તેનું વેચાણ જો હર્બીઓને કરે જે જાઈઝ

છે." ફિક્હની મશહૂર કિતાબ "શામી"માં છે કે, **"લો બાઅહુમ દિરહમુન બેદિરહમૈને ઔ બાઅહુમ મૈતતન બે દિરાહેમિન ફઝાલેકા કુલ્લોહુ તીબુન લહૂ...."**

આપણે વ્યાજની વ્યાખ્યા ઉપર મુજબ સ્પષ્ટપણે જાણી લીધી હવે ઉપર પૂછેલા પ્રશ્નોના ઉત્તર સાંભળો.

**જવાબ : ૧.** સેવિંગ્સ બેંક, સ્ટેટ બેંક, હુકૂમતની બેંકો છે. ભારતની હુકૂમત ગૈરમુસ્લિમોની છે. ભારતના ગૈરમુસ્લિમો હર્બી છે. હર્બી અને મુસલમાનની વચ્ચે વ્યાજ થતું નથી. એટલા માટે સાબિત થયું કે **ઉપરની બેંકોમાં જમા કરાવેલાં નાણાંથી વ્યાજરૂપે જે નફો મળે તે વ્યાજ નથી અને તેથી તે હરામ નથી, ભલે ને લોકો તેને વ્યાજ કહેતા હોય.** જે લેવડ દેવડ વ્યાજુ ન હોય તેને વ્યાજુ કહેવાથી વ્યાજુ થશે નહીં. **બકરીને સુવ્વર (ભુંડ) કહેવાથી તે સુવ્વર થઈ જવાની નથી.** આવી રકમને જબરદસ્તીથી વ્યાજ કહી હરામ ઠેરવવું તે હલાલને હરામ ઠેરવવા સમાન છે અને મુસલમાનોને એક મહાન ફાયદા નફાથી વંચિત કરવા સમાન છે, અને જો મુસલમાનો તેને નહીં લે, તો તે નાણાં ગૈરઈસ્લામી ધર્મ સ્થાનો અને મિશનમાં જશે. શરૂઆતમાં, મુંબઈમાં કેટલાક અધકચરા મુફતીઓએ આવી બેંકોના વ્યાજને, વ્યાજની રકમ ઠેરવીને હરામ કરી દીધી હતી. પરિણામ એ આવ્યું કે તે નાણાથી એક ઘણુ જ મોટુ ચર્ચ (દેવળ) બનાવી દેવામાં આવ્યું. (અલ્લાહની પનાહ) પ્રત્યેક બુધ્ધિશાળી સમજી શકે છે કે **શરીઅતે જ્યારે તેવી રકમને ગૈરમુસ્લિમો પાસેથી લેવી જાઈઝ ઠેરવી છે તો તે લઈ લેવી ઉત્તમ છે.**

**૨.** પ્રથમ સવાલના જવાબ પરથી ફલિત થયું કે એ પણ જાઈઝ છે.

**૩.** મુસલમાનો માટે ભારત 'દારુલ હર્બ' નથી, બલ્કે દારુલ ઈસ્લામ છે. આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہની લખેલી કિતાબ "એલામુલ અઅલામ બેઅન્ન હિંદુસ્તાન દારુલ ઈસ્લામ"માં સાબિત ફર્માવ્યું છે કે **ભારત દેશ મુસલમાનો માટે દારુલ ઈસ્લામ છે, કારણ કે અહીં ઈસ્લામ ધર્મ પાળવા માટે કોઈ જાતની રોકટોક કે અડચણ અવરોધ હુકૂમત તરફથી કરવામાં આવતો નથી. માટે આ દેશને 'દારુલ ઈસ્લામ' જ કહેવાશે.** પરંતું હુકૂમત ગૈરમુસ્લિમની છે અને હુકૂમત કરનાર શરીઅતના પાબંદ એવા કોઈ ખલીફા કે સુલ્તાન નથી, માટે આ દેશમાં વસનારા ગૈરમુસ્લિમો 'હર્બી' કહેવાશે. જે કાફિર કોઈ ચુસ્ત મુસ્લિમ બાદશાહની હુકૂમતમાં રહેતો હોય અને પોતાની જાન માલના રક્ષણ માટે જિઝયો નામનો ટેક્ષ આપતો હોય, તો તે કાફિરને 'ઝિમ્મી' કહેવાશે અને તેની પાસેથી વ્યાજની લેવડ દેવડ થાય તેવો ધંધો કોઈપણ મુસલમાન માટે હરામ છે.

**નોટ** : આ બાબતને લગતો હઝરત મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના શાહ મુસ્તફા રઝાખાન સાહેબ બરેલ્વી, (સાહબઝાદા આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી) દામત બરકાતોહોમુલ આલિયહ્નો ખુલાસાવાર એક ફત્વો કે જે અમે ઝીલકઅદાહ, હિ.સ. ૧૩૮૨માં પૂછેલો તેને પણ આ સાથે રજૂ કરીએ છીએ. *–અનુવાદક : હઝરત સૈયદ ક્મરુદ્દીનબાવા કારંટવી*

## ★ ગવર્મેન્ટી બેંકના વ્યાજ વિશે મુફતીએ આ'ઝમનો ફત્વો ★

**૧.** ક્યા ફર્માતે હૈં ઉલ્માએ દીન વ મુફ્તિયાને શરએ મતીન ? ઝૈલકે મસ્અલેમેં.

આજકલ મુસલમાન ગવર્મેન્ટી (સરકારી) ઔર પ્રાઈવેટ બેંકોમેં રૂપિયા જમા કરતે હૈ. ઉસ પર વહાંસે સૂદ મિલતા હૈ. યેહી હાલ પોસ્ટ ઓફિસ, સેવિંગ્સ સર્ટિફિકેટ, ડીફેન્સ સર્ટિફિકેટ વગૈરાહમેં હૈ. તો દર્યાફ્ત તલબ બાત યે હૈ કે વોહ રકમ જો ઈન સબ મદ્દોંસે ઝિયાદતીકી મિલતી હૈ, લેના જાઈઝ હૈ યા નહીં ? અગર લે લિયા તો ઉસે અપને સર્ફમેં લા સકતે હૈ યા નહીં ? ઝૈદ કહેતા હૈ કે પ્રાઈવેટ બેંકોંસે લેના જાઈઝ હૈ ક્યૂં કે વોહ સબ કુફ્ફારે હર્બીકી હૈં. મગર ગવર્મેન્ટી (સરકારી) બેંકો, પોસ્ટ ઓફિસો ઔર

દીગર સરકારી શો'બોંસે જો યેહ કામ કરતે હૈં ઐસી રકમ લેના જાઈઝ નહીં હૈ, ક્યૂં કે યેહ હુકૂમત જમ્હૂરી હૈ, ઈસ લિએ ગવર્મેન્ટ (સરકાર)મેં મુસલમાનોંકા ઈત્ના હી હિસ્સા હૈ જિત્ના હિંદુઓંકા. બરાએ કરમ મઝકૂરા બાલા અમ્રકા મુફસ્સલ જવાબ ઈનાયત ફર્માએ.

**નોટ** : અગર ઈન તમામ સૂરતોંમેં લેના જાઈઝ હૈં તો સવાબકી નિય્યતસે મસ્જિદ, મદ્રસા યા મદ્રસાકી ઈમારત યા ઉસકી દીગર જરૂરિયાત મષલન પાએખાના વગૈરાહ બનાનેમેં ખૈરાત કર સકતે હૈં યા નહીં ? યા ફુકરાકો દે સકતે હૈં યા નહીં ?

અલ મુસ્તફતી : (મૌલ્વી) હસન આદમ (કોલવનવી) દારુલ ઉલૂમ શાહે આલમ, જમાલપુર રોડ, અહમદાબાદ.

જવાબ નં. ૭૨૧/૧૪ અલ જવાબ ૭૮૬/૯૨

ડાકખાના (પોસ્ટ ઓફિસ) ઔર ગવર્મેન્ટી બેંકો યા વોહ બેંક જો ખાલિસ હર્બી કુફ્ફારકે હૈં, ઉનસે જો ઝાઈદ રકમ મિલતી હૈ, વોહ સૂદ (વ્યાજ) નહીં હૈ, ક્યૂં કે યહાંકે કુફ્ફાર હર્બી હૈં ઔર સૂદ (વ્યાજ) માલે મઅસૂમમેં મુસ્લિમ મુસ્લિમ કે માબૈન, યા મુસ્લિમ વ ઝિમ્મીકે દરમિયાન હોતા હૈ, મુસ્લિમ ઔર હર્બી કુફ્ફારકે દરમિયાન સૂદ (વ્યાજ) નહીં હૈ, હદીષ શરીફમેં હૈ, **"લા રેબન બૈના અહલિલ હર્બે, વ અઝુન્નોહુ કાલા બૈના અલલિલ ઈસ્લામે"** કઝા ફિલ-હિદાયહ કોદૂરી, વબિદાયહ, વ તેન્વીરુલ-અબ્સાર ઔર ઉસ્કી શરહ દુર્રે મુખ્તાર વગૈરાહમેં હૈ 'લા રેબન બૈનલ-મુસ્લિમે વલ-હર્બી' કર્ઝ દેકર અગર મુસલમાનસે નફા લે તો સૂદ (વ્યાજ) હૈ, હરામ હૈ લેકિન હર્બી કુફ્ફારકે સાથ સૂદ (વ્યાજ) નહીં, ન ઉસકો સૂદ (વ્યાજ) કહના જાઈઝ, ન ઉસ પર સૂદકે અહકામ જારી હોંગે, ઉસ્કી ઈલ્લત (કારણ) યે હૈ કે હર્બી કુફ્ફારકે અમ્વાલ મુબાહ હૈં કે ગૈર મઅસૂમ હૈં ઔર સૂદકે લિએ માલે મઅસૂમ શર્ત હૈ. હિદાયહમેં હૈ, **'લે અન્ન માલહુમ મુબાહુન ફબેઐયે તરીકિન અખઝહુલ-મુસ્લિમો, અખ્ઝુન માલન મુબાહન ઈઝા લમ યકુન ફીહે ગદરૂન'** જબ ઈન બેંકોંસે યેહ રકમ બગૈર કિસી ઉઝરે શરઈકે મિલતી હૈ ઔર ઈસમેં અપની ઈઝ્ઝત આબરૂકા ખતરા નહીં હૈ, તો ઈસકે નાજાઈઝ હોનેકી કોઈ વજહ નહીં. **ઉસ્કો સૂદ ઠેહરાકર હરામો નાજાઈઝ કહેના શરીઅતે મુતહ્હરા પર ઈફતેરા (આક્ષેપ) હૈ. ઉસ રકમકો લેના, અપને સર્ફ (ખર્ચ)મેં લાના, મસારિફે ખૈર (સારા કાર્યોમાં) મસ્જિદ, મદ્રસા વગૈરાહ ઔર દીગર જાઈઝ મસારિફમેં સર્ફ (ખર્ચ કરવું) કરના જાઈઝ હૈ.** રહી જમ્હુરિય્યત, વોહ જૈસી હૈ, "અયાં રા પે બયાં ?" વલ્લાહુ તઆલા અઅલમ.

લિ. કતબહુ -**કાઝી મુહમ્મદ અબ્દુર્રહીમુલ બસ્તવી** ગોફેર લહુલ-કવીય્યો *(ખાદિમ રઝવી દારુલ ઈફતા, બરેલી શરીફ, ૩૦ ઝિલકઅદાહ, હિ.સ. ૧૩૮૨)*

**અલ જવાબ સહીહ :-**

વહુવા તઆલા અઅલમો ફકીર (મુફતીએ આ'ઝમ હિંદ સાહેબ) મુસ્તફા રઝા ગોફેર લહુ

મુફતી સાહેબનો સિક્કો છે

મુફતીએ આ'ઝમે હિંદ સાહબેનો સિક્કો છે.

(નોટ : ઉપરનો ફત્વો અમોએ હિ.સ. ૧૩૮૨ (એટલે સને ૧૯૬૨)માં મુફતીએ આ'ઝમ સાહેબને પૂછાવેલો અને તેનો તે વખતે જે જવાબ આવેલો તે સવાલ જવાબ અસલ ઉપર પ્રગટ કરેલ છે.)

(નોટ : ઉપરોક્ત અહીંની રાષ્ટ્રીયકરણ કરેલી બેંકોના મસ્અલાથી તેમ સમજી લેવું નહીં કે બેંકને પણ વ્યાજની રકમ અદા કરી શકાય બલ્કે મુસલમાનને માટે વ્યાજ આપવું પણ હરામ છે. આજકાલ મુસલમાનો બેંકો વિગેરે પાસેથી લોનો વિગેરે લે છે અને તેને વ્યાજ સહિત પાછી કરે છે. તો આવી રીતે વ્યાજ આપવું હરામ છે. મુસલમાનો માટે જરૂરી છે કે હરામ કામથી બચે.)

*-અનુવાદક : હઝરત સૈયદ ક્મરુદ્દીનબાવા કાંરટવી*

*(તા. ૧-૯-૧૦૯૫ના 'તયબાહ' (માસિક)ના સૌજન્યથી)*

# વેપારનું મહત્વ અને તેના નિયમો

**★ વેપારના નિયમો ★**

વ્યાપારના નિયમોમાંથી એક નિયમ એ પણ છે કે ગ્રાહક દુકાને આવે તો તેનાથી ચિડાઈને વાત ન કરે, તેને ટોણા ન મારે કે તું શું ખરીદશે ! આવી દરેક રીતની બદઅખ્લાકીમાં ગણના થાય છે અને વ્યાપારના તરીક઼ાના વિરૂદ્ધ છે. આનાથી ગ્રાહકના દિલને તકલીફ પહોંચે છે અને કારોબારી તૂટી જાય છે. કેટલાક વેપારીઓ આવું કરે છે અને પરસ્પર એક બીજાને કહે છે કે આ શું ખરીદશે ? આ સમય બર્બાદ કરશે ! આ કહેવું તો ખૂબ જ સરળ છે પણ તેઓ એવું નથી વિચારતા કે એક તો તેઓ બદઅખ્લાકીમાં સપડાય છે, બીજું જૂઠ બોલવાનો ગુનોહ પોતાના માથે લે છે. ત્રીજું આવું કહીને ગ્રાહકનું દિલ તોડે છે જે ગુનાહમાં સામેલ છે. વેપારી માટે ગ્રાહકનું આવવું રિઝક઼નું આવવું છે, જેથી આવી વાતો કરીને ગ્રાહકને પાછું મોકલવું રિઝક઼ે ઈલાહીની બરકતને લાત મારવું છે. ગ્રાહક દુકાને આવે છે તો મેહમાન હોય છે. મેહમાનને ખુશીથી આવકાર આપવો જોઈએ. નાક, ભવાં ચડાવીને, મોઢું ન આપવું, ટોણા મહેણાં મારવાથી અલ્લાહ નારાજ થાય છે. કુર્આનમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે જેનો તર્જુમો એ છે કે, ખબરદાર ! કોઈનાથી બેરૂખી ન વર્તો અને તે વ્યક્તિથી મોઢું ફેરવવું જે રિઝક઼ની બરકતોને લાવે છે પોતાના પગે જાતે જ કુહાડી મારવું છે.

**★ માલની ખામી ગ્રાહક પર સ્પષ્ટ કરો★**

કોઈ માલમાં જો કોઈ પ્રકારની ખામી છે તો તેને સ્પષ્ટ કરવું જરૂરી છે. તે ખામી પર પડદો નાખવું હરામ છે અને ગુનાહે ક઼બીરા છે. હઝરત આમિર رضی اللہ عنہ થી રિવાયત છે. હુઝૂર નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે જે વ્યક્તિ કોઈ વસ્તુ કે ચીજ વેચે જેમાં ખામી હોય તો જ્યાં સુધી તે ખામીને ગ્રાહક સામે જાહેર ન કરી દે ત્યાં સુધી તેને વેચવું હલાલ નથી.

એક બુઝુર્ગ જેમનું નામ હઝરત યૂનુસ બિન ઉબૈદ છે તે ચાદરો અને ઓઢણીઓ વેચ્યા કરતા હતા. જ્યારે પણ વાદળ છવાઈ જતું અથવા અંધારું થઈ જતું તો આપ પોતાની દુકાન બંધ કરી દેતા. આપના સાથીઓએ પૂછયું તો ફર્માવ્યું, વાદળ હોય અથવા અંધારું હોય તો ગ્રાહકને માલની ખામી દેખાતી નથી, જ્યારે કે હુઝૂર ﷺનો આદેશ છે કે જો ગ્રાહકને માલની ખામી નહીં બતાવશો તો એ ધોકો થશે, અને ધોકાની કમાઈ હરામ છે. ફર્માને નબવી છે : ખરીદારને, ગ્રાહકને ખુશ કરવા માટે પોતાના માલની તારીફ ન કર્યા કરો, પરંતું ચૂપચાપ ખામોશ રહીને વેચો. એવું કહેવાનો પણ હુકમ નથી કે, "સસ્તી અને ખૂબસૂરત વસ્તુ છે, એવી સસ્તી અને સારી વસ્તુ ખુદાની ક઼સમ ! નહીં મળશે." જે લોકો ક઼સમો ખાઈને ખામીવાળો માલ વેચે છે તેમને સખ્તીથી રોકવામાં આવ્યા છે.

આજે જ્યારે આપણે આપણા બજારોમાં નજર દોડાવીએ છીએ તો ખૂબ જ એવાં એવાં દશ્યો જોઈએ છીએ કે લોકો મિલાવટ ચોરબજારી અને બેઈમાની કરીને ખુશ થાય છે, અફસોસ નથી કરતા, એટલા માટે કે આપણી જિંદગી જ નિરાલી છે. ધોકો આપવાવાળો જરા પણ નથી શરમાતો, પરંતું ખુશ થાય છે. ખૂબ જ ફખ્રથી કહે છે, "ધંધો છે ભાઈ ! એમાં તો એવું જ ચાલે !" ધોકો ખાવાવાળો પણ કાંઈક નથી કહેતો, એટલા માટે કે તે પણ પોતાની જિંદગીમાં આવું જ કરે છે, કોઈ


✪ અઝ : મૌલાના ઈલ્યાસખાન નૂરી (રતનપૂર) ✪ અનુવાદક : મૌલાના મુહમ્મદ રઉફ રઝવી (પાલેજ)

બીજાને ધોકો આપે છે અને ફખ્રથી કહે છે, **બાબા ! સબ ચલતા હૈ** ! વ્યાપાર, રાજકરણ અને મહોબ્બતમાં બધું જ જાઈઝ છે ! બાપ ભલા ન ભૈયા સબસે બડા રૂપૈયા !

## ★ આવા વેપારીઓથી ઈસ્લામ પણ ફેલાયો ! ★

ઈબ્ને ખરીફ નામના એક બુઝુર્ગ હતા. દુકાન પર બેસીને કપડાં વેચી રહ્યા હતા. એવામાં નમાઝનો સમય થઈ ગયો. નોકરને બેસાડીને આપ નમાઝ અદા કરવા માટે મસ્જિદમાં ચાલ્યા ગયા. જ્યારે નમાઝ પઢીને દુકાને આવ્યા તો નોકરે થોડા રૂપિયા તેમને આપ્યા અને તેમને કહ્યું કે શેઠ ! આ કપડુ વેચાઈ ગયું છે અને આ તેની કિંમત છે. ઈબ્ને ખરીફે પૂછયું, આ કપડુ કોને વેચ્યું ? તેણે બતાવ્યું કે કોઈ મુસાફિર હતો. વાતચીતથી જણાતું હતું કે અહીં નવો નવો આવેલ છે. કદાચ ફારસ અથવા ઈરાક઼નો રહેવાસી છે. આપે પૂછયું, જે કપડુ તેં તેના હાથે વેચ્યું તે કપડાની ખામી પણ તેને બતાવી દીધી હતી ? તેણે કહ્યું નહીં ! મારાથી ભૂલ થઈ ગઈ, મેં નથી બતાવ્યું. હઝરત ઈબ્ને ખરીફ رضی اللہ عنہએ કહ્યું, મસ્જિદે જતા સમયે મેં તને એક એક વાત સંપૂર્ણ વર્ણન સાથે બતાવી હતી, ત્યાં સુધી કે ફલાણુ ફલાણુ કપડુ જેમાં દાગ અને ખામીઓ હતી તે કપડાં પણ કાઢી કાઢીને બતાવ્યાં હતાં પરંતુ તેં ગ્રાહકને કાપડની ખામી ન બતાવી ! નોકર માફી માગવા લાગ્યો અને કહ્યું, મારાથી ખૂબ જ મોટી ભૂલ થઈ ગઈ. ફર્માવ્યું, મારી સાથે ચાલ અને તે વ્યક્તિ સાથે મુલાકાત કરાવ. બંને મળીને પૂછતા પૂછતા તે અજમી મુસાફિરના ઠેકાણે પહોંચ્યા તો જાણવા મળ્યું કે તે હાજીઓના એક કાફલા સાથે મક્કા મોઅઝ્ઝમા તરફ રવાના થઈ ગયો છે. હવે તો આ બુઝુર્ગ વેપારીની દુર્દશા થઈ ગઈ ! તેમણે કહ્યું, જાલિમ ! તેં મને ક્યાંયનો પણ ન રાખ્યો ! હવે જોઈ શું રહ્યો છે ? જલ્દી કર એક ઝડપી ઘોડો લઈને આવ અને મને તે વ્યક્તિનો દેખાવ બતાવ ! જેથી હું તેને શોધી શકું.

ભાઈઓ ! આજે આ વાતો કિસ્સા કહાનીઓની જેમ લાગે છે પણ મોમિનનો કિરદાર આ જ હોય છે, તે અલ્લાહના બંદાએ ઘોડો ઝપડથી દોડાવ્યો અને કાફલાને પકડી લીધો અને તે વ્યક્તિને ઓળખીને કહ્યું, કાલે ફલાણુ કપડુ એક આદમીથી તમે ખરીદયું હતું ? તેણે કહ્યું, હા ! પૂછયું, તે કપડુ તમારી પાસે છે ? જવાબ આપ્યો, હા છે. બોલ્યા, કાઢી લાવો ! અજમીએ કહ્યું, કેમ ? તે ઈમાનદાર વેપારીએ કહ્યું, ભાઈ ! તે કપડામાં કાંઈક ખામી છે જે મારા નોકરે નથી બતાવી. અજમી મુસાફિર કપડુ કાઢી લાવ્યો તો ખરેખર તેમાં દાગ અને નુકસાન થયેલું હતું. મુસાફિર ક્યારેક દાગને જોતો અને ક્યારેક વેપારીને જોતો. આખરે તેનાથી રહેવાયું નહીં તો બોલ્યો, જે દીનાર મેં આપ્યા હતા તે તમારી પાસે છે ? વેપારીએ કહ્યું, હા ! છે, આ લો. મુસાફિરે દીનાર લઈ લીધા અને લાંબા સમય સુધી જોતો રહ્યો પછી તેને ફેંકી દીધા અને એટલા જ દીનાર વધુ આપ્યા. વેપારીએ કહ્યું, આ શું કર્યુ ? કહ્યું, તમારા કાપડની કિંમત છે. મને આ જ કિંમતે આ દાગદાર કપડું ક઼બૂલ છે. વેપારીએ કહ્યું, તે દીનાર તમે કેમ ફેંકી દીધા ? બોલ્યો, તે નકલી હતા ! **હું મુસલમાન નથી પણ તમારી ઈમાનદારી અને ખુદાનો ખૌફ જોઈને મારું પણ ઝમીર જાગૃત થઈ ગયું, મને કાપડ નહીં પરંતુ ઈમાન જોઈએ છે ! આટલું કહી કલ્મો પઢી મુસલમાન થઈ ગયો.** આ છે એક સાચા વેપારીનો કિરદાર અને તેનું ઈમાન ! જ્યારે આજે એવું કહેવામાં આવે છે કે જ્યાં સુધી ધોકો ન આપો, જૂઠુ ન બોલો ધંધો જ નથી થતો. બતાવો ! તમારાથી કોણ પ્રભાવિત થશે ?! યાદ રાખો ! ઈસ્લામ કિરદારનું નામ છે. પહેલાં લોકો ઈસ્લામને નહીં પરંતું મુસલમાનને જોતા હતા, તેના કિરદાર અને અમલને જોતા હતા, તેના પાકીઝા અખ્લાક઼ અને ઈમાનદારીને જોતા હતા અને કલ્મો પઢીને મુસલમાન થઈ જતા હતા. આજે મુસલમાનોનો કિરદાર અને અખ્લાક઼ એટલો બગડી ગયો છે કે ગૈર ક઼ૌમો આપણાથી નફરત કરે છે. .......*(ક્રમશઃ)*



# સાયન્સના ક્ષેત્રે ઈમામ અહમદ રઝાની મહાનતા

રજૂકર્તા : **હાફિઝ અ. રહમાન દાઉદ નક્શબંદી–પારખેત**
*(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہનું નામ લેખન ક્ષેત્રે કોઈ નવુ અને અનોખુ નામ નથી. બલ્કે દરેક તે વ્યક્તિ જેને તેમના જીવન વિશે થોડી ઘણી પણ માહિતી હશે તે તેમને કલમનો ધણી અને અઢળક પુસ્તકોનો મહાન લેખક કહેતાં જરાય નહીં ખચકાય. આપનું આખુ જીવન ઉમ્મતની કામયાબી માટે કિતાબો લખવામાં પસાર થયું. જેના કારણે આપના જીવનના ૬૫ વર્ષો અને આપના અણમોલ કિતાબોના ખજાનાને સામે રાખી પરિણામ કાઢનારાઓ કહે છે, "ઈમામ અહમદ રઝાએ દર પાંચ મિનિટે ઉમ્મતને એક કિતાબની ભેટ આપી" લેખનની દુનિયાના આ બાદશાના ખજાનામાંથી અમુક મોતીઓ વાંચક મિત્રોને ભેટ કરવાનું સદ્‌ભાગ્ય મને મળી રહ્યું છે. અહીં અકાઈદ તથા દીનિયાતને છોડી સાયન્સ, અંતરિક્ષજ્ઞાન, ખગોળશાસ્ત્ર તથા તબીબી ક્ષેત્રે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની મહાનતા દર્શાવતા પુસ્તકોનું વર્ણન કર્યું છે.

(૧) **ફૌઝે મુબીન દર રદ્દે હરકતે ઝમીન (પૃથ્વી ગતિ કરે છે કહેનારાઓ વિરુદ્ધ ભવ્ય વિજય) :–**

આ કિતાબ આપે ઈ.સ. ૧૯૧૯માં લખી. જેમાં ગુરૂત્વાકર્ષણબળ (Gravit) ગતિના ગેરઅસલી હોવા (Thorey of Relativity)

આ દષ્ટિકોણ આઈન્સટાઈને (Einstein) રજૂ કર્યો હતો. જેનુ માનવુ હતુ કે ગતિ ફક્ત એક ગેર અસલી તથા વધારાની વસ્તુ છે. જેના મુજબ બધી જ આસ્માની વસ્તુઓ ગ્રહો હોય કે તારા ગતિમાં છે.

અને પૃથ્વીના ગતિ કરવાના દષ્ટિકોણ પર વિધ્વતાપૂર્ણ ચર્ચા કરી એરિસ્ટોટલ (Aristotal) ઈબ્ને સીના, ન્યુટ્‌ન (Newtion) આલ્બર્ટ આઈન્સટાઈનની આ'લા હઝરતે ઈલ્મી પકડ કરી. આ પુસ્તકમાં જૂના ફલસફા (Philosophy) અને નવી વૈજ્ઞાનિક શોધમાં થયેલી ભૂલોની પણ સ્પષ્ટતા કરવામાં આવી છે.

સાથે જ આ પ્રકારના અન્ય પુસ્તકો (૨) **"નુઝૂલે આયતે ફુર્કાન** અને (૩) **અલ્ કલિમતુલ્ ફક** પણ છે જે આધુનિક સાયન્સના જ્ઞાન પર આપની નિપૂણતાનો મોઢે બોલતો સબૂત છે. પ્રોફેસર મસઊદ અહમદ નક્શબંદીના લખાણ (મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર) મુજબ ઉપરોક્ત કિતાબ ફૌઝે મુબીનનું અંગ્રેજીમાં ભાષાંતર અલ્લામા ઈકબાલ ઓપન યુનિવર્સિટીના પૂર્વ શિક્ષક પ્રોફેસર અબરાર હુસૈન કરી રહ્યા છે." (હાલ આ પુસ્તક અંગ્રેજીમાં ઉપલબ્ધ છે.)

(૪) **મુઈને મુબીન (મુબીનની મદદગાર):**

આ પુસ્તકને લખવાનું કારણ એ હતુ કે ફૌઝે મુબીનના લખાણ બાદ તે જ વર્ષે અમેરિકાના એક સાઈન્ટિસ્ટ આલ્બર્ટ એફ. પોટાએ આગાહી કરી કે ૧૭ ડિસેમ્બર ૧૯૧૯ના રોજ સૂરજ પાસે ઘણા તારા અને ગ્રહોના મળી જવાના કારણે ગુરૂત્વાકર્ષણબળના પરિણામે અમેરિકામાં કયામતે સુગરા (નાની કયામત) આવશે. જ્યારે આ વાત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સુધી પહોંચી તો આપે તેના રદમાં "મુઈને મુબીન બેહરે દૌરે શમ્સ વ સુકૂને ઝમીન" નામની પત્રિકા લખી. જેમાં તેની ચેલેંજને કબૂલ કરી

તેના જવાબો આપ્યા અને તેના દાવાનો ઈન્કાર કર્યો. ડિસેમ્બર ૧૯૧૯ના રોજ લોકોએ જોયું કે અમેરિકી સાઈન્ટિસ્ટ જૂઠો પડયો અને મુહદ્દિષે બરેલ્વીની દરેક વાત સાચી પડી. આ વેસ્ટર્ન દુનિયામાં આપનો પ્રથમ અને ભવ્ય વિજય હતો.

(૫) **અસ્સિમ્ સામ અલા મુશ્ફીક઼ીન ફી આયતિલ અર્હામ** [(ઈલ્મે અર્હામ, Embroyology)માં શક કરનારનુ ગળુ કાપનારી તલ્વાર)] :–


આ પત્રિકા આપે લગભગ ઈ.સ. ૧૮૯૬માં લખી. એમાં પ્રથમ તો આપે તે આયતોની યોગ્ય તફસીર કરી છે જે ગર્ભાવસ્થામાં બાળકના વિકાસ અને બનાવટ વિશે માહિતી આપે છે. ત્યાર બાદ ઈલ્મે ઈલાહી અને યંત્ર દ્વારા મેળવવામાં આવતા માના પેટમાંના બાળકના જ્ઞાન વચ્ચેના છ તફાવતો દર્શાવ્યા છે જે મઝહબી તથા દુનિયાવી જ્ઞાનમાં આપની વિધ્વતા પર દલીલ પૂરી પાડે છે. આ પત્રિકામાં આપે નસ્રાનીઓ તથા ઈસાઈઓના જૂઠા દષ્ટિકોણોની પણ ભરપૂર ઝાટકણી કાઢી છે. અને છેલ્લે એક યંત્રનો નક્શો ખેંચ્યો છે જેને આપે કદી જોયુ ન હતું છતાં આબેહૂબ તેવું જ યંત્ર દર્શાવ્યું છે.

(૬) **નુત્કુલ હિલાલ બિઅર્ખી વિલાદતિલ હબીબિ વલ વિસાલ** (હબીબે ખુદા ﷺની વિલાદત તથા વિસાલની તારીખ પર ચાંદની ગવાહી) :–

આ ૨૫ પાનાનુ પુસ્તક છે જે આપે ઈ.સ. ૧૮૮૮માં લખ્યું. આ પુસ્તક ખગોળ વિજ્ઞાન (Astronomy) અને ઈલ્મે મીક઼ાત (Time Keeping)ના અણમોલ મોતીઓથી ભરપૂર છે. જેમાં બે અધ્યાયો પાડવામાં આવ્યા છે. પ્રથમ આપ ﷺની વાલેદાના ગર્ભધારણની તારીખ, દિવસ, ગર્ભાવસ્થાની મુદત, પયદાઈશનો મહિનો, દિવસ અને તારીખ વિશે એક ખગોળશાસ્ત્રીના રૂપે તર્કથી પરિપૃષ્ટ શોધ રજૂ કરી છે. બીજા અધ્યાયમાં હજજતુલ વિદાઅનો દિવસ જુમ્આનો હતો. એ સાબિત કર્યા બાદ મક્કા અને મદીનામાં ચાંદ દેખાવવામાં થતો તફાવત બયાન કર્યો છે. પછી એક તેહક઼ીક પેશ કરી છે કે સળંગ ૨૯ અથવા ૩૦ દિવસના મહીના ચારથી વધુ નથી થઈ શક્તા. અને તેના પર સચોટ દલીલો આપી છે. છેલ્લે હુઝૂર ﷺના વિસાલની હિજરી તથા ઈસ્વી તારીખ વર્ણવી છે અને જે લોકોએ ૯ રબીઉલ અવ્વલ ઈન્તેકાલની તારીખ બતાવી તેમનો રદ કર્યો છે. આ પત્રિકાને સાચા દિલે વાંચનાર વ્યક્તિ કહી ઉઠશે કે સાચા અથમાં ૨૦મી સદીના મહાન ખગોળશાસ્ત્રી અને **Time Keeper**ના ઈમામ એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ છે.


ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની આ ઈલ્મી શાન જોઈ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. સર ઝિયાઉદ્દીને કહ્યું હતું, "ઈમામ અહમદ રઝા (رحمۃ اللہ علیہ) નોબેલ પુરસ્કારના હક્ક઼દાર છે." આપની ઈલ્મી મહાનતાનું કારણ એ પણ છે કે જે સમયે લોકો કુર્આનની આયતોની તાવીલો કરી તેને સાયન્સ દ્વારા પારખવાની કોશિશ કરતા હતા ત્યારે ઈમામે એ દષ્ટિકોણ રજૂ કર્યો કે, "કુર્આન હિદાયતની કિતાબ છે અને હિકમતની કિતાબ પણ છે. કુર્આનને સાયન્સથી નહીં બલ્કે સાયન્સને કુર્આનની કસોટી પર પારખો." આજે પણ આ દષ્ટિકોણ અપનાવી લેવામાં આવે તો અનુચિત પક્ષપાતની આડમાં બંધ થયેલા કેટલાય સાયન્સના નવા દરવાજા ખુલી શકે છે.

આ તો આ'લા હઝરત رضی اللہ عنہના વૈજ્ઞાનિક ઈલ્મ સંબંધી એક ઝલક જ રજૂ કરી છે. આપના આ વિષયોને લગતી કિતાબો વાંચનાર વિધ્વાનો પણ આપના આ "ઈલ્મે લદુન્ની"થી દંગ રહી જાય છે, કેમ કે આપ કોઈ યુનિવર્સિટીમાં સ્ટડી કરવા નથી ગયા !



# મ્યુઝિકનાં નુકસાનો

## ઈસ્લામ તથા સાયન્સની દ્દષ્ટિએ




રજૂકર્તા : **હાફેઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ દયાદરવી**

સંગીતના શોખિન મુસલમાનો ! જો તમારામાં થોડી પણ દીની ગૈરત શરમ બાકી હોય અને ઈમાની હુંફ તેજ હોય તો સાંભળો ! ગીત સંગીતનો જન્મ શાથી થયો ? તેનો પ્રચાર શાથી થયો અને થાય છે ? તેને ઈમાની નજરે જુઓ, દિલના કાનોથી સાંભળો અને પછી ઈબ્રત પકડો, સબક઼ હાંસલ કરો અને તેનાથી દૂર થઈ જાવ. સાંભળો ! :–

### ★ કુર્આન તથા ઈસ્લામથી દૂર કરવાનું યંત્ર : મ્યૂઝિક ! ★

મક્કામાં એક ધનવાન મુશ્રિક વેપારી નઝર બિન હારિષ હતો, એને અમુક લોંડીઓ ખરીદી હતી અને જ્યારે કોઈ વ્યક્તિ બાબત એને ખબર થતી કે એ કુર્આન શરીફમાં દિલ લગાવી રહ્યો છે અથવા ઈસ્લામ કબૂલી લેવાનો છે તો નઝર એની પાસે જઈ એને પોતાના ત્યાં બોલાવી લાવતો, લોંડીઓ અને દાસીઓને કહેતો કે આને ખૂબ ખૂબ ખવડાવો અને સારા સારા ગાયનો સંભળાવો. ત્યાર પછી એ પેલા વ્યક્તિને પૂછતો કે બતાવો આ દારૂ, કબાબ, નાચ અને મસ્તી સારી છે કે પછી તે કામો જેની દા'વત મુહમ્મદ ﷺ આપે છે એટલે કે જિહાદ, નમાઝ, રોઝા વગેરે. *(રૂહુલ મઆની, ૨૧/૬૭)*

સારાંશ કે મુસલમાનો તથા આમ લોકોનું ધ્યાન કુર્આન અને દીને ઈસ્લામથી હટાવવા માટે જ એનો ઉપયોગ થતો હતો અને આજે પણ થઈ રહ્યો છે. તો જેના દિલમાં ઈસ્લામથી સાચી મહોબ્બત હશે તે જરૂર ગીત સંગીતથી દૂર રહેશે. અને જે ગીત સંગીતથી દૂર નહીં રહે તે અલ્લાહનો આ આદેશ સાંભળી લે !

કુર્આનમાં રબ તબારક વ તઆલા ફર્માવે છે : "અમુક લોકો ગફલતની વાતો ખરીદે છે એટલે કે વિના જ્ઞાને અલ્લાહના માર્ગથી ખસેડી કાઢે અને એની મજાક ઉડાવે, **એવા લોકો માટે બેઈજ્જતીભર્યો અઝાબ** છે." *(સૂરએ લુકમાન, આ. ૬)*

અલ્લાહુ અકબર ! એક ગૈરતમંદ મુસલમાન માટે ગીત સંગતથી દૂર થવા માટે આટલી વાત પૂરતી છે." *(વધુ વિગત માટે વાંચો : તોહફાએ નજાત, ભાગ : ૧૦)*

### ★ નાચગાનના શોખિનો શું આ અઝાબ વેઠશો ? ★

એક હદીષમાં છે : "મારી ઉમ્મતમાંથી અમુક લોકો દારૂ એનું નામ બદલી બદલીને જરૂરથી પીશે, એમના માથાઓ પર નાચ ગાન થઈ રહ્યું હશે. અલ્લાહ તઆલા એવા લોકોને જમીનમાં ગારત કરશે અને અમુકને **વાંદરા** અને **ભુંડ બનાવી આપશે."**

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! જો તમે નથી ચાહતાં કે આ અઝાબમાં સપડાવ, તો નાચગાન, દારૂ, ગીત સંગીતથી નફરત કરવા માંડો !

એક હદીષે પાકમાં છે : હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે ગાવાવાળી પાસે એનાથી સાંભળવા બેઠો, ક઼યામતના દિવસે અલ્લાહ એના બંનેવ કાનોમાં સીસુ રડશે." *(જામેએ સગીર, ભાગ : ૨, પેજ : ૧૬૩)*

આજે આ વાત લગભગ ઘરોમાં ટી.વી. તથા નેટના કારણે સામાન્ય બની ગઈ છે ! તો વિચારો કે માણસ ગરમા ગરમ ઉકળતુ પાણી કાનમાં નાખવાની શક્તિ નથી ધરાવતો, તો પછી ગરમા ગરમ પીગાળેલુ સીસુ કાનમાં રેડાશે તો કેમ કરીને વેઠશે ?! ડરો અલ્લાહના ખૌફથી ! અને અત્યારે જ તૌબા કરી લો અને નાગચાન, ગીત સંગીતથી દૂર થઈ જાવ !

તમે જો નબી કરીમ ﷺની મહોબ્બતનો દાવો કરતા હોવ અને જો તમારી મહોબ્બત ખરેખર સાચી હોય તો આ હદીષ દિલના કાનોથી સાંભળો ! અને નાચગાન ગીત સંગીતથી તૌબા કરી લો. હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : મને વાજિંત્રો તોડવા (નષ્ટ) કરવા મોકલવામાં આવ્યો. પછી આપે ફર્માવ્યું કે **ગાવાવાળો અને ગાવાવાળાની કમાઈ હરામની છે,** વ્યભિચારી સ્ત્રીની કમાઈ હરામની છે, અલ્લાહનો વાયદો છે કે હરામ લીધેલા શરીરને જન્નતમાં દાખલ નહીં કરે.

વિચારો ! નબી ﷺના આશિકો ! આપણા પ્યારા નબી હુઝૂર ﷺ જ્યારે પોતાના દુનિયામાં આગમનનો એક હેતુ એ વર્ણવે છે કે, **"મને વાજિંત્રોને નષ્ટ કરવા મોકલવામાં આવ્યો છે."** છતાં આશિકો નાચગાન ગીત સંગીતના દીવાના રહે તો તેમનો મહબ્બતે રસૂલનો દાવો જૂઠો નથી જણાતો ?! તમારી જાતને જ પ્રશ્ન કરો !

તેમજ કેટલાક બદ્‌બખ્ત નાચગાન ગીત સંગીતને રોજીનું સાધન બનાવે છે તેઓ પણ આ હદીષથી ચેતી જાય કે એ કમાણી હરામ છે અને જે શરીરનો ઉછેર હરામ કમાઈથી થશે તે જન્નતમાં દાખલ થઈ શકશે નહીં, બલ્કે તેને જહન્નમમાં સળગવું પડશે. રબ્બે કરીમ મુસલમાનોને નેક સમજ અતા કરે.

સહાબા તો છમછમ અવાજ કરનારા સેંપલને પણ કઢાવી નાખતા હતા ! જુઓ, અબૂ દાવૂદ, ભાગ–૨, પેજ–૫૮૧માં છે : હઝરત ઉમર પાસે હઝરત ઝુબૈરની બાળકી લાવવામાં આવી એના પગોમાં ઝાંઝરી (ઘુઘરી) બાંધેલી હતી, તો આપે એ કાપી નાખી અને ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા કે : اِنَّ مَعَ كُلِّ جَرَسٍ شَيْطَانٌ "બેશક ! દરેક ઘુંઘરુ સાથે શૈતાન છે."

આ ઉપરાંત ઘણી હદીષો નાચગાન ગીત સંગીતથી બચવા પ્રેરતી આવેલી છે પણ લખાણ ન લંબાવતાં આટલે જ અટકીએ છીએ.

## ★ નાચગાન ગીત સંગીત એ શૈતાની શસ્ત્રો છે ★

દુનિયામાં જેટલા પણ ગુનાહ થઈ રહ્યા છે તે બધાનો ઉસ્તાદ શૈતાન જ છે બુરાઈની તા'લીમ તેના મૌજૂદ હોવાને લીધે થાય છે અને ઈન્સાનના થકી બુરાઈ જાહેર થાય છે. હદીષ શરીફમાં છે કે **સૌથી પ્રથમ** રાગ સાથે ગીત (Song) **ગાનાર શૈતાન** છે. *(સુનનુલ હુદા)*

હઝરત કતાદા رضی اللہ عنہ ફર્માવે છે : જ્યારે શૈતાન મલઊન (લઅનત પામેલ) થઈને આસમાનથી નીચે આવ્યો તો કહેવા લાગ્યો કે, હે ખુદા ! તેં મને મલઊન તો બનાવી દીધો, હવે એ બતાવ દુનિયામાં મારો ઈલ્મ શું હશે ?

અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું : તારો ઈલ્મ જાદૂ અને બુરાઈનો હશે. પછી કહેવા લાગ્યો કે, મારો પ્રિય અવાજ શો હશે ?

અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું : ગાવું, વગાડવું. પછી કહેવા લાગ્યો, મારી પ્યારી પીવાની વસ્તુ કઈ હશે ?

અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું : નશો લાવનારી વસ્તુઓ, તારું ખાવુ પીવું હશે. નાચવું અને ગાવું બધા જ ગુનાહોની જડ છે. તેમાં અશ્લિલતા અને સાથે સાથે શૈતાની સંગીત અને નાચગાન હોય છે. એટલા માટે ઈસ્લામની દૃષ્ટિએ મ્યુઝિકને ગુમરાહી ઠરાવી દેવામાં આવ્યું છે.

નાચગાનનું સૌથી **પ્રથમ** નુકસાન એ છે કે અલ્લાહ અને તેના રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની નારાઝગીનો સબબ બને છે. કોઈપણ મુસલમાન માટે એનાથી મોટુ નુકસાન નથી હોય શકતું કે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَને નારાજ કરી દે.

**બીજુ** નુકસાન એ છે કે ઈન્સાન તેની ક્ષણિક લિજ્જતોમાં ગુમ થઈને ક્યારેક ક્યારેક પોતાની જવાબદારીઓથી ગાફિલ (બેજવાબદાર) થઈ જાય છે.

**ત્રીજુ** નુકસાન એ છે કે ગાયન સાંભળનારનું દિલ કાળુ થઈ જાય છે અને એના દિલમાંથી સારા નરસાનો તફાવત ઉઠી જાય છે અને પછી તેમાં મુનાફિકો જેવી આદતો પેદા થઈ જાય છે અને દિલ સખત થઈ જાય છે, ઝિક્ર અને તિલાવતમાં એનું દિલ નથી લાગતુ અને ખુદાના ખૌફ (ડર)થી એને રડવું નથી આવતુ.

**ચોથુ** નુકસાન એ છે કે એનાથી બેહયાઈને ઉત્તેજન મળે છે. ગંદા અને બેહૂદા ગાયનો સાંભળવાથી એ બેશરમ નહીં બને તો શું બનશે ?

**પાંચમું** નુકસાન એ છે કે એનાથી ઝિના (વ્યભિચાર)ના દરવાજા ખુલે છે. અને ગૈર ઔરતનો અવાજ સાંભળવાથી મના કરવામાં આવ્યું છે, કેમ કે દેખીતુ છે કે તેણીના ખૂબસૂરત અવાજમાં ગાયેલું ગીત કેટલી ખરાબ અસરો પૈદા કરશે ?!

**છટ્ઠુ** નુકસાન માલ દૌલતને બરબાદ કરવુ છે. લોકો પોતાની કમાઈનો વધારે પડતો હિસ્સો નાચ ગાનના સામાન માટે ખર્ચી કાઢે છે. એના પર લાખો રૂપિયા લગાડી ગુનાહો અને ગંદકીઓનો ઢગલો ખૂદ પોતાના હાથો વડે પોતાના ઘરોમાં લાવીને રાખે છે.

**સાતમું** નુકસાન એ છે કે એ વસ્તુ નવી પેઢીની તબાહી તથા બરબાદીનું કારણ છે કે એ નાનુ બાળક કે જેના કાનોમાં કુર્આનનો અવાજ પડવો જોઈતો હતો તેની જગાએ ગીતોનો અવાજ પડે છે તો હવે આવાં બાળકોમાં ઈમાની જઝબો અને મોટા લોકોનો એહતેરામ (ઈજ્જત) કઈ રીતે પેદા થશે ? વળી જે વસ્તુને ઈસ્લામે ૧૪૦૦ વર્ષ પહેલાં હરામ કરી દીધું છે એને આજે મેડિકલ સાયન્સ પણ બુરુ દર્શાવે છે અને એની નુકસાનકારક અસરોને સ્વીકારી રહ્યું છે.

## ★ મ્યુઝિક અને વૈજ્ઞાનિક શોધ ★

ડોકટરો અને તબીબોનો એ ફેંસલો છે કે જોરશોરથી મોટી (તીવ્ર) મ્યુઝિકની લહેર ન ફક્ત સાંભળવામાં દબાણ લાવે છે બલ્કે એનાથી કેટલાય પ્રકારની દિમાગ અને શરીરની બીમારીઓ જન્મ લે છે અને માનસિક કૈફિયતો પૈદા થાય છે. એક તહકીકી રિપોર્ટ પ્રમાણે જો ૧૬% યુવાનો ૧૧૦ રોક મ્યુઝિક સાંભળી લે તો તેઓ ટેમ્પરરી બહેરાશ અનુભવવા લાગશે.

ડોકટરોની રિસર્ચ બતાવે છે કે ૫૦% સંગીતકારો એક ખાસ બીમારીમાં સપડાય જાય છે. તારદાર વાજિંત્ર વગાડવાવાળા મ્યુઝિક કલાકારોની નસો તથા સાંધાઓમાં સખ્ત દર્દ થાય છે. જ્યારે કે ફૂંક મારીને વગાડવાવાળાને તાળવા અથવા ગળાની નસોમાં સખ્ત દર્દ થાય છે. બીમાર તંદુરસ્તીથી હાથ ધોઈ બેસે છે અને દિમાગી પરેશાનીઓનો શિકાર થઈ જાય છે. અમેરિકાના એક મ્યુઝિક એકેડમીના એક સંશોધન પ્રમાણે એ વાત જાહેર થઈ ગઈ છે કે ફક્ત ત્રણ કલાક મ્યુઝિક સાંભળવાથી કાનોને જે નુકસાન પહોંચે છે એને વીસથી પચાસ કલાકની ખામોશીથી ભરપાઈ કરી શકાય છે. સંશોધકોએ એ દિલચસ્પ ખુલાસો પણ કર્યો કે તીવ્ર લહેજાનું મ્યુઝિક ઈન્સાનને જાડો કરી દે છે. ખાવાના સમયની મ્યુઝિકની લય (લહેજો) જેટલી તેજ હશે એટલા પ્રમાણમાં ખાવાવાળાનું મોઢુ ચાલશે અને એ લોકો એટલા વધુ પ્રમાણમાં ખાસે જેના પરીણામે જાડાપણુ ઉદ્‌ભવશે.

## ★ મ્યુઝિક ખતરનાક બીમારીઓનો સબબ ★

૧. મ્યુઝિકની લહેર જે રીતે તેજ અને નવી હોય છે જે લોહીનું દબાણમાં પણ એ જ પ્રમણમાં વધારો

થાય છે.

૨. મ્યુઝિકની લહેર જો હલ્કી અને આરામદાયક હોય તો જ્યાં સુધી ચાલુ રહે છે લોહીના દબાણને નીચે ઉતારી રાખે છે.

૩. મ્યુઝિકની ગમગીન લહેર ઈન્સાનને અલગ અલગ પ્રકારની બીમારીઓમાં સપડાવી મૂકે છે, જેમ કે કબ્ઝ, દિલની હરકત અને બલ્ડ પ્રેશર વગેરે.

૪. મ્યુઝિકથી કેટલુ નુકસાન થાય છે અનો અંદાજો આ વાતથી લગાડી શકાય છે કે અમેરિકામાં ૧૯૬૨–૬૩માં એક કમિટી બની જેનું નામ ''મ્યુઝિક બંદ કમેટી'' છે. એના મેમ્બરો બુઝુર્ગ અને મોટી ઉંમરના લોકો છે. એમણે બતાવ્યું છે કે ડોકટરોના કહેવા મુજબ એમનામાં જેટલી બીમારીઓ પેદા થઈ એ બધાનું કારણ મ્યુઝિક છે. પછી તેમણે મ્યુઝિક સાંભળવાનું છોડી દીધુ અને ધીરે ધીરે બીમારીઓ ઓછી થવાની શરૂ થઈ ગઈ અને લગભગ આઠ વર્ષના ગાળામાં બિલકુલ ખત્મ થઈ ગઈ.

નબીએ કરીમ ﷺની એક હદીષ છે કે **દજ્જાલ મ્યુઝિકની સાથે આવશે અને લોકો એની સાથે થઈ જશે.** કેમ કે મ્યુઝિક નફ્સાની રીતે પોતાનો બનાવી દે છે એટલા માટે દજ્જાલ મ્યુઝિકનો ઈસ્તેમાલ કરશે જેથી આપણને આસાનીથી પકડી શકે. યૂરોપમાં એવા લોકો પણ છે કે તે લોકો મ્યુઝિક શોમાં જાય છે તો ઈંડાં લઈને જાય છે અને સ્ટેજની નીચે મૂકી દે છે. જ્યારે પ્રોગ્રામ પૂરો થાય ત્યારે ઈંડાંઓને તોડવામાં આવે છે તો એ પાકી ગયાં હોય છે ! જ્યારે મ્યુઝિક ઈંડાંની આ હાલત કરે છે તો આપણા દિમાગની શું હાલત કરતુ હશે ?!

હકીકતમાં આપણી કૌમનો મિજાઝ બદલાઈ ગયો છે. આ કૌમ જેને ક્યારેક કુર્આન સાંભળવામાં મજા આવતી હતી હવે આજે ગીત સંગીત, નાચ ગાનમાં મજા આવે છે. ક્યારેક એના દિલને કુર્આનની તિલાવતથી સુકૂન મળતુ હતું પણ હવે મ્યુઝિકથી રાહત મળે છે ! ક્યારેક એના રૂહની ગિઝા (ખોરાક) અલ્લાહનો ઝિક્ર હતો, હવે એના રૂહની ગિઝા મ્યુઝિક છે ! ક્યારેક એની બેટી અને બહેનનુ અજનબી લોકો સામે જવું બર્દાશતની બહાર (અસહ્ય) હતું, આજે એ નાચતી કૂદતી ડાન્સર બનતી બેટીઓ પર ફખ્ર કરે છે ! પહેલાં જેમને ભડવા તથા હલકટ નીચ કહેવામાં આવતા હતા, આજે એમને કલાકાર, એકટર, સ્ટાર્સ, હિરો, હિરોઈન કહેવામાં આવે છે ! એમને સમાજમાં ઉચ્ચ સ્થાન આપવામાં આવે છે ! એમને ભારત રત્ન આપવામાં આવે છે ! લોકોના મિજાઝ ગુનાહોના કારણે બદલાઈ ગયા છે પરંતુ ઈસ્લામના અહકામ આપણી નફ્સાની ખ્વાહિશના કારણે બદલાઈ શકવાના નથી. સમજો મુસલમાનો ! ઈમાની ગૈરત તથા શરમ પેદા કરો. *–(માહે તૈબા–હિંદી, જોધપુર, મે–૨૦૧૪)*

## ★ નાચગાનના શોખિનો હમેશાંની જહન્નમમાં પડી શકે છે ! ★

જો કોઈ હરામ કામ કે ગુનાહને હરામ કે ગુનોહ સમજીને કરે તો પણ એના અઝાબો તો માનવશક્તિ બહારના અસહ્ય છે જ ! પણ અમુક સમય બાદ એ અઝાબોની સજા ભોગવ્યા બાદ જહન્નમથી છૂટકારો શક્ય છે, પણ જેઓ કુફ્ર કરશે અને તૌબા વિના મરશે તો હમેશાં હમેશાં જહન્નમમાં સળગ્યા કરશે. મનોરંજન માણનારાઓ આ ગંભીર બાબતને સમજી લે અને હમેશાંના અઝાબથી બચે અને સમજે કે કઈ રીતે માણસ મનોરંજન માણતાં માણતાં ઈસ્લામથી પણ નીકળી જાય છે. જેમ કે **કેટલાંક ફિલ્મી ગીતો લોકો મોજથી સાંભળી પોતે આનંદ માણે છે અને ખુશી અનુભવે છે, પણ તેમના માટે જહન્નમ નિશ્ચિત થઈ ચૂકી હોય છે અને તેઓ અજાણ હોય છે !** જેથી એવાં ગીતો વિશે પ્રશ્ન અને તેનો જવાબ વાંચી બોધ હાંસલ કરો.

## ફિલ્મી ગીતોની ભયાનક્તા વિશે ફત્વો

અઝ : ફક઼ીહે અસ્ર શારેહે બુખારી, નાયબ મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુફતી શરીફુલ હક્ક઼ رحمۃ اللہ علیہ *(પૂર્વ સદર મુફતી : જામિઆ અશ્રફિયા–મુબારકપુર, યુ.પી.)*

શું ફર્માવે છે કે દીનના ઉલમા તથા શરએ મતીનના મુફતીઓ આ મસ્અલામાં કે કેટલાક મુસ્લિમ નવયુવાનો નીચે દર્શાવેલ શેઅરો (ગાયનની કડીઓ) ઘણા શોખથી ગાય છે. હવે એ (અમને) ખબર નથી કે એ શેઅરોના અર્થ મુજબનો અક઼ીદો પણ ધરાવે છે કે પછી અમસ્તા જ ખાલી જીભ ઉપર લાવે છે. તો શરીઅતે તાહેરાની રોશનીમાં આ લોકો પર કેવા હુકમો લાગશે ? તે શેઅરો (કડીઓ) આ પ્રમાણે છે :–

**૧.** હસીનોં કો આતે હૈં, ક્યા ક્યા બહાનેં ! ખુદા ભી ન જાને તો હમ કૈસે જાને !

**૨.** ખુદા ભી આસ્માંસે જબ ઝમીં પર દેખતા હોગા, મેરે મહબૂબ કો કિસને બનાયા સોચતા હોગા !

**૩.** રબને મુઝ પર સિતમ કયા કિયા હૈ, સારે જહાંકા ગમ મુઝે દે દિયા હૈ !

**૪.** ફૂલોંસા ચેહરા તેરા કલિયોંસી મુસ્કાન હૈ, રંગ તેરા દેખકર રૂપ તેરા દેખકર કુદરત ભી હૈરાન હૈ !

**૫.** કિતના હસીન ચહેરા, કિતની પ્યારી આંખેં, કિતની પ્યારી આંખેં કે આંખોંસે છલકતા પ્યાર, કુદરતને બનાયા હોગા, ફુરસતસે તુઝે મેરે યાર !

**૬.** ઓ મેરે રબ્બા ! રબ્બા રે રબ્બા ! યે કયા ગઝબ કિયા ! જિસ્કો બનાના થા લળકી ઉસે લળકા બના દિયા.

**૭.** અબ આગે જો ભી હો અંજામ દેખા જાએગા, ખુદા તરાશ લિયા ઔર બંદગી કર લી !

### :: અલ્ જવાબ ::

જેટલા શેઅરો પ્રશ્નમાં લખવામાં આવ્યા છે, તે સર્વમાં કાંઈને કાંઈ **ચોખ્ખુ કુફ્ર** છે. **જે લોકો આ શેઅરોને બોલે છે તે સર્વે બધા જ ઈસ્લામથી બહાર થઈ કાફિર તથા મુર્તદ થઈ ગયા. એ લોકોના સર્વ નેક અમલો બેકાર થઈ ગયા, એમની પત્નીઓ નિકાહમાંથી નીકળી ગઈ. તે સર્વે ઉપર ફર્ઝ છે કે તરત જ વિના વિલંબે આ શેઅરોમાં જે કુફ્રિયાત (કુફ્રી બાબતો) છે તેનાથી તૌબા કરે અને કલ્મો પઢી નવેસરથી મુસલમાન બને અને પોતાની પત્નીઓને રાખવાનુ મન્ઝૂર હોય તો તેમની સાથે ફરી બીજી વખતે નવી મહેર સાથે નિકાહ કરે.** એવી કેસેટો જેમાં આવા કુફ્રી શેઅરો હોય એને વગાડવું હરામ સખત હરામ, કુફ્ર તરફ ખેંચી જાય છે અને કેસેટોને સાંભળવું પણ હરામ, બલ્કે **આવી કેસેટોનો નાશ કરી દેવો ફર્ઝ છે.** જો મઆઝલ્લાહ ﷻ આવા કુફ્રી શેઅરોની **કેસેટોને પસંદ કરીને સારી સમજીને વગાડે** અથવા **કોઈએ આ શેઅરો સાંભળીને પસંદ કર્યા તો તે પણ કાફિર થઈ જશે,** કુફ્ર પર રાજી થવું પણ કુફ્ર છે. ઈર્શાદ છે : "બેશક ! ત્યારે તો તમે પણ તે લોકો જેવા જ છો."

હવે ઉપરોક્ત દર્શાવેલ શેઅરોમાંનું કુફ્ર ગણાવીએ : એવું કહેવું કે "ખુદા પણ ન જાણે" કુફ્ર છે, એવું કહેવું કે "અલ્લાહ ﷻ વિચારતો હશે કે મારા મહેબૂબને કોણે બનાવ્યો !" એમાં ત્રણ કુફ્ર છે : પ્રથમ એ કે આ જાહિલના મહેબૂબને અલ્લાહ ﷻએ નથી બનાવ્યો ! બીજુ કોણે બનાવ્યો એ એને ખબર નથી ! ત્રીજું એ કે વિચારતો હશે ! તદ્ઉપરાંત પ્રથમ કડીમાં પણ કુફ્ર છે કે, "જ્યારે દેખતો હશે !" એનો અર્થ એ થાય કે જમીન હમેશાં એની (અલ્લાહ તબારક વ તઆલાની) જોવાની શક્તિના ઘેરાવમાં નથી ! બલ્કે જ્યારે જમીન પર જુએ ત્યારે એને (અલ્લાહને) જમીનની સ્થિતિઓની ખબર પડે ! એમાં

એક કુફ્ર તો એ છે કે એનાથી એવું લાઝિમ થશે કે અલ્લાહ તબારક વ તઆલાનુ બસીર (દેખતા) હોવું અલ્લાહ તબારક વ તઆલાની કદીમ (હમેશાંથી) સિફત નથી પણ હાદિષ (પાછળથી ઉદ્ભવેલ) છે ! (હકીકત એ છે કે) અલ્લાહ جل جلاله ની સિફતો (ખૂબીઓ, ગુણો) હમેશાંથી જ છે, એવું નથી કે કોઈ સિફત મઆઝલ્લાહ (અઝ્ઝ વ જલ્લ) પછીથી અસ્તિત્વમાં આવી હોય.

બીજું (એ કડીઓમાં એવું ફલિત થાય છે કે) આ જમીનની વસ્તુઓ અને એની સ્થિતિઓનો ઈલ્મ હમેશાંથી નથી ધરાવતો, એ પણ એ જ પ્રમાણે કુફ્ર છે.

એવું કહેવું કે, ''અલ્લાહ તઆલાએ મારા પર જુલ્મ સિતમ કર્યો'' તો એણે અલ્લાહને જાલિમ બનાવ્યો, જે **ચોખ્ખુ કુફ્ર** છે. આવું કહેવું કે ''કુદરત પણ હયરાન (આશ્ચર્યમાં) છે'' એ કુફ્ર છે. એવું કહેવું કે ''કુદરતે તને ફુરસદથી (નવરાશથી) બનાવ્યો હશે'' એ કુફ્ર છે. એવું કહેવું છે કે, ''જેને છોકરી બનાવવાની હતી તેને છોકરો બનાવી દીધો'' એ અલ્લાહ તબારક વ તઆલા પર એતરાઝ (વાંધો) હોવાને કારણે કુફ્ર છે. પાછુ એને ગઝબ કહેવું બીજુ કુફ્ર છે. ''ખુદા તરાશ લિયા (બનાવી લીધો) અને બંદગી કરી લીધી'' એમાં બે કુફ્ર છે. મખ્લૂકને ખુદા કહેવું પછી એની બંદગી કરવી. **આ પ્રમાણેના શેઅરો જો કોઈ ગાય કે બોલે તો તે દરેક સ્થિતિમાં કાફિર છે, ભલે ને તે કહે કે મારો આ એતેકાદ (માન્યતા) નથી !** કુફ્ર બોલ્યા પછી આ બહાનુ કામ આપશે નહીં. એટલા માટે **દરેક મુસલમાન પુરૂષ–સ્ત્રી પર ફર્ઝ છે કે તે ઈલ્મે દીન પ્રાપ્ત કરે, ઈસ્લામ અને કુફ્રને ઓળખે, જરૂરિયાતે દીન અને જરૂરિયાતે અહલે સુન્નતથી બાખબર રહે તો એવી ભૂલ નહીં થાય કે જેનાથી ઈમાન જતુ રહે.** અને શેઅરોના બારામાં ખૂબ જ સાવચેતી રાખવી જોઈએ. અલ્લાહ عزوجل ફર્માવે છે : (અર્થ) : ''અને શાયરોની પયરવી ગુમરાહ લોકો કરે છે. શું તમોએ ન જોયું કે તે દરેક નાલામાં સરગરદાં ફરે છે અને એવું કહે છે કે જે નથી કરતા ?!'' *(સૂરએ શોઅરા, આ. ૨૨૬)*

જે લોકો દીનથી જાણકારી રાખે છે તેઓ જો શાયરોના કથનોને વાંચશે (કે સાંભળશે) તો એમના સમક્ષ સ્પષ્ટ થઈ જશે કે અલ્લાહ عزوجلએ ફર્માવ્યું તે હક્ક છે, એટલા માટે કોઈ પણ શાયરના શેઅરને પસંદ કરતાં પહેલાં એના પર ખૂબ જ વિચાર કરી લેવો જોઈએ, અને જરા પણ શંકા હોય તો ઉલમાથી પૂછી લેવું જોઈએ. મુખ્યત્વે કેસેટ (CD)માં ભરેલ ગાયનો તો ઘણા ખતરનાક હોય છે. અલ્લાહ عزوجل મુસલમાનોને હિદાયત આપે. (આમીન)

સારાંશ કે આ સવાલમાં દર્શાવેલ ફિલ્મી ગીતો હોય કે વર્તમાનકાળમાં કે ભવિષ્યમાં એવા અર્થ વાળાં જેટલાં ફિલ્મી ગીતો હશે કે થશે એ સૌના વિશે એ જ હુકમ રહેશે, જેથી એનાથી ચેતી જાવ ! અને ભૂલો થઈ હોય તો સાચા દિલથી તૌબા કરી લો.

તેમજ મુસલમાનોનાં ઘરોમાં ટી.વી. સિરિયલો પણ શોખથી જોવામાં આવે છે, તો તેમાં ફિલ્મી ગીતો ઉપરાંત કુફ્રી શ્લોકો તથા મંદિર કે ઘરમાં થતી પૂજાનાં દશ્યો વગેરે અવાર નવાર આવતાં હોય છે, તો આ બાબતો પણ તમારા ઈમાનને નષ્ટ કરી શકે છે, અને ઈમાન ગુમ થવા છતાં તમો પોતાને મુસલમાન જ સમજતાં રહેશો ! નમાઝો પઢશો, રોઝા રાખશો, હજો કરશો, પણ સૌ નિરર્થક જશે, કેમ કે રાજીખુશીથી ઘરમાં કુફ્રી ડ્રામા જોઈને તમે કુફ્રમાં પડી ચૂકયા હતા ! તો આખેરતની હમેશાંની જિંદગી આરામદાયક બનાવવી હોય તો એ સૌથી પણ તૌબા કરી લો. અને એ ઈલ્મ પણ શીખો તથા ઔલાદને શીખવાડો કે શું કરવાથી મુસલમાન ઈસ્લામથી નીકળી કુફ્રમાં પડે છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં મુસલમાનોને ઈમાનની ઈસ્લામની મહોબ્બત અતા કરે અને કુફ્રી કામોથી બચાવે. (આમીન)

# હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہ

**નામ તથા નસબ** : નામ : મુહમ્મદ, કુન્નિયત : અબૂ અબ્દુલ્લાહ, વાલિદનું નામ : ઈસ્માઈલ, લકબ : અમીરુલ મો'મિનીન ફિલ્ હદીષ અને ઈમામ બુખારી છે. નસબ (વંશવાળી)નો સિલસિલો આવી રીતે છે :

અબૂ અબ્દુલ્લાહ બિન ઈસ્માઈલ બિન ઈબ્રાહીમ બિન મુગીરા જઅફા. આપના પરદાદા મુગીરા બિન બરોઝબા જઅફા મજૂસી હતા. બુખારાના હાકિમ યમાન જઅફાના હાથ ઉપર ઈસ્લામથી મુશર્રફ થયા. એ જ નિસ્બતથી જઅફા કહેવાય છે, ઈમામ બુખારીને પણ જઅફા એ જ કારણેથી કહેવામાં આવે છે.

**વિલાદત તથા તા'લીમ** : વિલાદત ૧૩ શવ્વાલ હિ.સ. ૧૯૪માં માવરાઉન્નહરના મશ્હૂર શહર બુખારામાં થઈ. બચપનમાં વાલિદનો ઈન્તેકાલ થઈ ગયો. વાલિદા માજિદાએ પાલનપોષણ કર્યું. આપ બચપનમાં જ આંધળા થઈ ગયા હતા. ડોકટરો અને ઈલાજ કરવાવાળાની કોશિશોના બાવજૂદ આપની આંખની રોશની પાછી ન આવી શકી.

આપની વાલિદા માજિદા ખૂબ જ ઈબાદતગુઝાર હતાં. અને રડી રડીને રાતે દુઆઓ કરતાં હતાં. અંતે આપની રાતની દુઆઓનો ફાયદો જાહેર થયો. એક રાતે ખ્વાબમાં જોયું કે હઝરત ઈબ્રાહીમ رحمۃ اللہ علیہ તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, "ખુશખબરી થાય કે તારા પુત્રને અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના ફઝ્લથી આંખની રોશની અતા કરી." સવારે ઊંઘમાંથી ઉઠયા તો દેખતા હતા.

શરૂઆતની તા'લીમ પછી આપે બુખારાના દર્સે હદીષમાં દાખલો લીધો. ખૂબ જ લગન અને મહેતનથી ટૂંક સમયમાં જ પોતાના સાથીઓમાં ખાસ મક઼ામ હાંસલ કર્યો અને ઉસ્તાદોના ધ્યાનનું મર્કઝ બની ગયા.

**હજ્જ તથા ઝિયારત** : ૧૮ વર્ષની ઉંમરમાં બિરાદરીના મોટા અહમદ બિન ઈસ્માઈલ અને વાલિદાની સાથે હરમૈનના સફરના માટે રવાના થયા. હજ્જ તથા ઝિયારતથી ફારેગ થઈ આપ ત્યાં જ રોકાઈ ગયા અને હદીષનું ઈલ્મ મેળવવું રાત તથા દિવસનું કામ હતું. એ જ સમય દરમિયાન આપે *"કઝાયા અલ સહાબિયા વ તાબઈન"*ના નામથી એક કિતાબ લખી.

એ જ જમાનામાં તેના પછી ચાંદની રાતોમાં રોઝએ અન્વરની સામે બેસીને *"તારીખે કબીર"* કિતાબ લખી. આપની તે કિતાબની વધારે નકલો ત્યાંના હઝરાતે લીધી. એ જમાનો આપની નવજવાનીનો હતો.

**યાદ શક્તિ** : હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہને અલ્લાહ તબારક વ તઆલાએ ખૂબ જ યાદ શક્તિથી નવાજ્યા હતા. આપના સાથી હાસિદ બિન ઈસ્માઈલ કહે છે, આપ અમારી સાથે બચપનમાં હદીષ સાંભળવા માટે બસરાના મશાઈખની ખિદમતમાં હાજર થયા હતા. બધા લોકો હદીષો સાંભળીને લખતા પણ આપ કેવળ સાંભળતા. ૧૬ દિવસ પછી અમે તેમનાથી કહ્યું, આપ કોઈ પણ કારણ વિના સમય વેડફી રહ્યા છો, બધા વિદ્યાર્થીઓની વિરુદ્ધમાં આપ સાંભળવા ઉપર ભરોસો કરી લો છો ! આપે ફર્માવ્યું, સારું આપ બધા લોકો પોતાના નુસ્ખાઓ લાવો અને મારાથી સાંભળીને મુક઼ાબલો કરો !

અમે એવું જ કર્યું તો એ સાંભળીને અમને ખૂબ જ આશ્ચર્ય થયું. ૧૬ દિવસમાં ૧૫૦૦૦ હાંસલ કરેલ હદીષો આપે ચપટીમાં સંભળાવી દીધી. એવું લાગતુ હતું કે તે બધી રિવાયતો આપે જ અમને લખાવી હતી. (સુબ્હાનલ્લાહ !)

રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)*

**તા'લીમના માટે સફરો** : હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہના ઉસ્તાદોની સંખ્યા ખૂબ જ વધારે છે. આપે શહેર શહેર અને ગામડે ગામડે સફર કરીને અઈમ્માએ કિરામથી હદીષો સાંભળી છે. અને પોતે ફર્માવે છે, "મેં ઈલ્મની તલબમાં મિસ્ર તથા શામ (સિરીયા)નો બેવાર સફર કર્યો. ચાર વાર બસરા ગયો, છ વર્ષ હિજાઝ મુક઼દ્દસ (સઊદી અરબિય્યહ્)માં રહ્યા, અને કૂફા તથા બગદાદની ગણત્રી નથી કે કેટલીવાર સફર કર્યો.

**ઈલ્મ તથા ફઝલ** : આપને અલ્લાહ તબારક વ તઆલાએ યાદશક્તિની તીવ્ર દિમાગ અને ઝડપી સમજથી પણ નવાજ્યા હતા. તે સમયના લોકોએ ઘણીવાર આપનું ઈમ્તેહાન પણ લીધું પણ દરેક વખતે આપ સફળ તથા કામયાબ રહ્યા. રિવાયતોના તર્ક ઉપર આપને ખાસ રીતથી મહારત હાસંલ હતી.

બગદાદ શરીફમાં ૧૦૦ હદીષોની સનદમાં ઉલટફેર કરવામાં આવી, પણ આપે આમ લોકોના ટોળામાં તેમને સહીહ કરીને બધાથી તારીફ હાંસલ કરી. સમરકંદમાં ૪૦૦ મુહદ્દિષોએ આપની પરીક્ષા લીધી પણ આપે તમામ સનદોનો તે સમયે જવાબ આપ્યો.

ઈલલ હદીષને ફુનૂન હદીષમાં ખૂબ જ મહત્વ હાસંલ છે. એને ખૂબ જ સખત ફન (કળા) સમજવામાં આવે છે. ત્યાં સુધી કે અબ્દુર્રહમાન મહદીનું કહેવું છે કે આ ઈલ્મ ઈલ્હામ વગર હાંસલ નથી થઈ શક્તું, પણ આપને તેની ઉપર સચોટ મહારત હાંસલ હતી. હાફિઝ અહમદ બિન હમદૂન કહે છે : ઈમામ ઝહલીએ અસ્મા તથા ઈલલના બારામાં જ્યારે એક મોક઼ા ઉપર સવાલો કર્યા અને આપે જવાબ આપવાના શરૂ કર્યા તો એવું મહેસૂસ થતુ હતું કે આપ મોઢામાંથી જવાબ નહીં પણ કમાનમાંથી તીર નીકળી રહ્યા હોય.

**સ્વભાવ તથા વિશિષ્ટતાઓ** : હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہના વાલિદ ખૂબ જ દૌલતમંદ અને અમીર શખ્સ હતા. વારસામાં ઘણો બધો માલ મળ્યો હતો. પણ ક્યારેય આપે પોતે વેપાર નથી કર્યો પણ હમેશાં બિઅમઝારબત (વેપાર માટે બીજાને રૂપિયા આપવા) ઉપર રકમ દેતા હતા. તે માલ તથા દૌલત હોવા છતાં આપે હમેશાં સાદી જિંદગી પસાર કરી અને ઓછા ખર્ચ તથા મહેનતવાળી જિંદગી પસંદ કરી અને ઈલ્મી વ્યસ્તતા પૂરી જિંદગી આપનું કામ રહ્યું. સખાવત તથા ફૈયાઝી આપની આમ આદત હતી. એશ તથા ઈશરતથી હમેશાં ખૂબ જ દૂર રહ્યા. ઈબાદત તથા રિયાઝત અને રાતે જાગીને ઈબાદત કરવું અને મોટા ભાગે નફ્લ નમાઝો પઢતા.

**ફિક઼્હી મસ્લક** : હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہની લખેલી કિતાબોમાં આ વાતનો ખુલાસો તો નથી કે આપનો ફિક઼્હી મસ્લક કયો હતો, પણ હઝરત ઈમામ તાજુદ્દીન સુબ્કી, હઝરત ઈમામ કુસ્તલાની અને અંતમાં (એહલે હદીષનો મોલ્વી) નવાબ સિદ્દીક઼ હસનખાં ભોપાલીએ આપને શાફઈ મસ્લકના ઈમામ કહ્યા છે. (નોંધ : અહલે હદીષવાળાની નજીક કોઈપણ ઈમામની પૈરવી કરવી જાઈઝ નથી. પણ તેમનો મોલ્વી ભોપાલીએ જમદતુલ ઉલૂમ અને તેમનો ગુરૂગંટાલ ઈબ્ને તૈમિયાએ ફતાવા ઈબ્ને તૈમિયામાં ઈમામ બુખારીને શાફઈ કહ્યા છે.) છતાં એ પણ નક્કી જ છે કે આપ કેવળ મુક઼લ્લિદ ન હતા પણ મુજતહિદ ફિલ મસાઈલ હતા. આપનું દષ્ટાંત શાફઈ મસ્લકમાં એવું જ છે જેવું ઈમામ અબૂ અજફર તહાવીનું હનફી મસ્લકમાં છે.

હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہની તારીફ વિદ્યાર્થીઓ, તેમના સમયના લોકો ત્યાં સુધી કે ઉસ્તાદોએ પણ કરી, જે આપના ઈલ્મ તથા ફઝલનો સબૂત આપે છે.

આપે આખી જિંદગી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના અસ્વએ હુસ્નાની તલાશમાં પસાર કરી. જો કે આપને કોઈ જગ્યાએ શાંતિથી બેસવાનો અને કામ કરવાનો મોક઼ો ન મળ્યો, છતાં પણ આપે લગભગ બે ડઝન

(૨૪) કિતાબો લખી. તેમાં સહીહ બુખારીને ખૂબ જ ખ્યાતિ હાંસલ છે અને આજે જેને અલ્લાહની કિતાબ (કુર્આન શરીફ) પછી સહીહ કિતાબથી યાદ કરવામાં આવે છે.

**વિસાલ મુબારક :** શવ્વાલ મહિનાથી પહેલી તારીખે હિ.સ. ૨૫૬માં ૬૨ વર્ષની ઉંમર શરીફમાં આપનો વિસાલ સમરકંદની નજીક ખરતંગ નામની વસ્તીમાં થયો. (اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ) આપની કૃબ્રે અન્વારમાંથી એક જમાના સુધી મુશ્કની ખુશ્બુ આવતી હતી. દૂર દૂરથી લોકો તબર્રુકના તૌર ઉપર લઈ જતા હતા.

**કિતાબ :** સહીહ બુખારી : હઝરત ઈમામ બુખારીએ તે કિતાબનું નામ "અલ જામિઉલ સહીહ અલ મુસ્નદ અલ મુખ્તસર મિન ઉમૂરિ રસૂલુલ્લાહ ﷺ વ સુન્નનહ વ અયામહ" રાખ્યુ હતું. અને હવે બુખારી શરીફના નામથી મશ્હૂર છે.

સહીહ બુખારીનો સાચો મૌઝૂઅ (વિષય) મરફૂઆ મુસ્નદા હદીષો છે. અને તે જ હદીષોની સેહત (સહીહ પણા)નો આપે ઈન્તેઝામ કર્યો અને તેના સિવાય જે તા'લિઆત, મુતાબિઆત, શવાહિદ, આષારે સહાબા, અક્વાલે તાબઈન અને અઈમ્મા ફત્વાના અહેકામ ઝિક્ર કર્યા છે તે બધા બિતઅત (તાઈદ, મદદ, સહાયતા)માં અને તે ઝિમ્ન (વિષય)માં જે હદીષો ઝિક્ર કરી છે તે ઈમામ બુખારીના મૌઝૂઅથી અલગ છે અને ન તો તેની સેહતનો ઈન્તેઝામ કર્યો છે.

ઈમામ બુખારીએ પોતાની (કિતાબ) સહીહમાં હદીષના રાવીઓથી એ શર્ત નક્કી કરી કે તે તેમના શૈખ (ઉસ્તાદો)થી લઈને સહાબી સુધી બધા રાવી ષિકૃહ (તકૃવા, પ્રમાણિક્તા દરેક રીતે અતિ વિશ્વાસુ) અને મુત્તસિલ (લગાતાર) હોય.

સહીહ બુખારીની મરવિયાતની સંખ્યામાં ઓલમાનો ઈખ્તેલાફ છે. હાફિઝ ઈબ્ને સલાહની તેહકીક (સંશોધન)એ છે કે કુલ સંખ્યા ૭૨૭૫ છે. અને હર્ફે મકર્રાત પછી એ સંખ્યા ૪૦૦૦ છે.

હાફિઝ ઈબ્ને હજર અસ્કલાનીની તેહકીક (સંશોધન)ના મુતાબિકૃ કુલ સંખ્યા ૯૦૮૨ છે અને હર્ફે મકર્રાતના પછી મરફૂઆ હદીષોની સંખ્યા ૨૬૨૩ રહી જાય છે.

**નોંધ :** જોયું ! હુઝૂર ﷺના ગુલામની શાન મુબારક કે કૃબ્ર મુબારકથી મુશ્કની ખુશ્બુ આવે છે.

*ઝમીં મૈલી નહીં હોતી, ઝમન મૈલા નહીં હોતા*
*મુહમ્મદ ﷺ કે ગુલામોં કા કફન મૈલા નહીં હોતા*

**હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہનો અકીદો :** આજે બદ્‌મઝહબ જો સુન્ની "યા રસૂલલ્લાહ !" ﷺ કહે છે તો શિર્કનો ફત્વો લગાડે છે. આવો ! હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہનો અકીદો જુઓ ! તેમણે એક કિતાબ લખી છે જેનું નામ *"અદબુલ મુફર્રદ"* છે, જેની અંદર "યા મુહમ્મદહ" વાળી હદીષ લખી છે. (આ નારો તો સહાબા, તાબઈનનો છે) પણ અફસોસ ! નજદી, વહાબી, સઊદી અત્યારે આ કિતાબ છાપે છે જેમાં તેમણે એ શબ્દ "યા મુહમ્મદહ" કાઢી નાખ્યો છે. *(હવાલો : ભર દો જોલી મેરી યા મુહમ્મદ ! ﷺ બયાન : સૈયદ મુઝફ્ફર હુસૈન સાહબ)*




**ઈમામ અહમદ રઝા માર્ગ ! :** મુંબઈ જેવા હિંદુસ્તાનના હૃદયસમા શહેરમાં ગવર્નમેન્ટ થકી આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہના માનમાં એક રોડ (WAY TO LTT TERMINUS)નું નામ "ઈમામ અહમદ રઝા માર્ગ" રાખવામાં આવ્યું છે. જે સુન્ની હઝરાત માટે ખુશીની વાત છે. પ્રથમ ટપાલ ટિકિટ આ'લા હઝરતના માનમાં બહાર પડી હતી, પછી રેલ્વેએ "આ'લા હઝરત એક્ષપ્રેસ" ટ્રેન શરૂ કરી હતી અને હવે આ માર્ગનું નામ આ'લા હઝરતના નામથી સંબંધિત કર્યું જે આપની મકૃબૂલિયતને પુરવાર કરે છે. સૌ સુન્નીઓને મુબારકબાદ ! *–તંત્રી*

# ફઝાઈલે શાબાનુલ્ મોઅઝઝમ

–કાર્યાલય

શાબાનના પૂરા મહિનાની ઘણી જ ફઝીલત છે. પણ ખાસ કરીને ૧૫ મી શાબાન અતિ ફઝીલતવાળી રાત છે. હદીષ શરીફમાં છે કે શાબાનની ૧૫ મી રાતમાં ખુદાએ ઝુલ જલાલ રહમત નાઝિલ ફર્માવે છે અને ફરિશ્તાઓ અલ્લાહ તઆલા સમક્ષ વર્ષભરનાં આમાલનામાં રજુ કરે છે. ત્યારબાદ અહકમુલ હાકિમીન પોતાની રહમતથી બંદાઓને પ્યારુ સંબોધન કરે છે : ''ખબરદાર ! છે કોઈ **મગફેરત** માંગનાર કે હું તેના ગુનાહોને બખ્શી દઉં. ખબરદાર ! છે કોઈ **રોજી માંગનાર** કે હું તેને રોજી આપુ. ખબરદાર ! છે કોઈ **મુસીબતમાં સપડાયેલો** કે હું તેને રાહત બખ્શું. ખબરદાર ! છે કોઈ આવો આવો.............(છેવટ સુધી).

**હે પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** શું તમે મગફેરત નથી ચાહતા ? શું રોજીની તમને તલબ નથી ? શું તમારે મુસીબતો નથી દૂર કરવી ? તો આવો ! અને આજે આ રાતને હરવા ફરવા, ટોળે મળી ગપ્પાં હાંકવા કરતાં અલ્લાહની ઈબાદતમાં રાત ગુજારો.

## ::: શબે બરાતના નફ્લ :::

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું છે કે, ''જ્યારે શાબાનની ૧૫ મી રાત્રી હોય ત્યારે નવાફિલ પઢો અને ૧૫ મીના દિવસે રોઝો રાખો નિઃશંક ! તે રાત બરકતવાળી છે.

- ❒ ૧૪ મી શાબાનના ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત)ના સમયે ૪૦ વાર **''લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ''** પઢે અને ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે.
- ❒ **મગરિબની નમાઝ બાદ** છ રકાત નફ્લ નમાઝ બે બે રકાતની નિય્યતથી પઢે.
- ❒ પ્રથમ બે રકાત ઉમર દરાજીની નિય્યતથી, બીજી બે રકાત રોઝીની કુશાદગીની નિય્યતથી અને ત્રીજીવખતની બે રકાત દર્દો મુસીબતો બલાઓ, દૂર થવાની નિય્યતથી પઢે તેમ જ યાસીન શરીફની તિલાવત કરે.
- ❒ આ મુબારક રાત્રીએ ગુસલ કરે અને બે રકાત નમાઝ પઢે ઘણો જ સવાબ મળશે.
- ❒ **ઈશાની નમાઝ બાદ** આઠ રકાત નફ્લ નમાઝ બે–બે રકાતની નિય્યતથી અદા કરે. દરેક રકાતમાં અલ્હમ્દુ પછી સૂરએ કુલ્હુવલ્લાહુ અહદ પાંચ વખત પઢે.આ નમાઝ પઢનાર ગુનાહોથી પાક સાફ થશે અને તેની દુઆઓ કબૂલ થશે તેમ જ ઘણો મોટો સવાબ પ્રાપ્ત થશે.
- ❒ ચાર રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં અલહમ્દુ પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૫૦ વાર પઢે.
- ❒ બે રકાત નમાઝ પઢે દરેક રકાતમાં અલ્હમ્દુ પછી આયતુલ કુર્સી એકવાર અને સૂરએ ઈખ્લાસ ૧૫ વાર પઢે સલામ ફેરવ્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે. આ નમાઝ પઢવાવાળાની રોઝીમાં બરકત થશે તેમજ દુઃખ દર્દથી રક્ષણ મળશે અને ગુનાહોથી બખ્શિશ થશે.
- ❒ ૧૪ રકાત નમાઝ બે–બે રકાતની નિય્યતથી પઢે નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે અને દુઆ માંગે. ઈન્શાઅલ્લાહ કબૂલ થશે.
- ❒ આ મુબારક રાત્રીએ બે–બે રકાતની નિય્યતથી ૧૦૦ રકાત નફિલ નમાઝ પઢે જેમાં સૂરએ ફાતેહા (અલહમ્દુ) પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૧૦ વાર પઢે. આ નમાઝને ''સલાતુલ ખૈર'' કહે છે.

આ નમાઝ બાબત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ એ રિવાયત કરી છે કે, ત્રીસ સહાબીઓએ મને કહ્યું કે, ''જે વ્યક્તિ આ નમાઝને આ રાતમાં પઢશે અલ્લાહ તઆલા તેની તરફ ૭૦ વખત નિહાળશે અને દરેક નઝરના બદલામાં તેની ૭૦ હાજતો પૂરી કરશે જેમાં બધાથી ઉત્તમ મગફેરત છે. (ઈન્શાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ !)

## બરકાતે ખ્વાજાની ટપાલ કાર્યાલય

### ★ શાદી મુબારક ! ★

**દહેગામ :** ખાતે દાઉદ અહમદ મોટાજી મલેકના નેક ફરઝંદ હાફેઝ મુબારકહુસૈનના નિકાહ, દહેગામવાસી અબ્બાસ હાજી ઈસ્માઈલ ગુલામ રસૂલની નેક દુખ્તર સિદ્દીક઼ાબાનુ સાથે તા. ૮–૫–૨૦૧૪, ૮ રજબ હિ.સ. ૧૪૩૫ જુમેરાતના રોજ થયા.

**હલદરવા :** મુક઼ામે જનાબ ઈસ્માઈલ ઈસા જોહાના નેક ફરઝંદ અહમદ રઝાના નિકાહ સાંસરોદ નિવાસી મર્હૂમ બશીર અહમદ વડીયાની નેક દુખ્તર રાબીયાબાનુ સાથે તા. ૨૫–૪–૨૦૧૪ જુમ્આના રોજ હલદરવા મસ્જિદમાં થયા. વલીમો તા. ૨૭–૪–૨૦૧૪ રવિવારે રાખવામાં આવ્યો.

**ચકલાસી :** ખાતે હાજી મુહમ્મદ યુનુસ હાજી અહમદ મૌલાનાના નેક ફરઝંદ મુહમ્મદ સિદ્દીક઼ના નિકાહ લીમડી (તા. વાગરા) નિવાસી આદમ ઈસ્હાક ભૂરાની નેક દુખ્તર રઈસાબાનુ સાથે તા. ૧૫–૫–૨૦૧૪ જુમેરાતે રાખવામાં આવ્યા.

**દયાદરા :** મુક઼ામે જનાબ યૂસુફ દાઉદ ભાની નેક દુખ્તર વહીદાના નિકાહ વોરાગામડી (જિ. વડોદરા) નિવાસી મુશ્તાકભાઈ વલી પટેલના નેક ફરઝંદ સમીર સાથે તા. ૧૨–૫–૨૦૧૪, ૧૨ રજબ હિ.સ. ૧૪૩૫, સોમવારે અકુજી હોલ દયાદરામાં રાખવામાં આવ્યા. તેમજ જનાબ મુશ્તાકભાઈ વોરાગામડીવાળાના બીજા નેક ફરઝંદ શોએબના નિકાહ આમોદ નિવાસી હાજી અબ્દુલ સુલેમાન પટેલની નેક દુખ્તર શમીમબાનુ સાથે તા. ૧૩–૫–૨૦૧૪, મંગળવારે આમોદ ખાતે થયા. વોરાગામડી ખાતે આ મુબારક પ્રસંગ નિમિત્તે "મેહફિલે નઅત" ૧૧–૫–૨૦૧૪ના રોજ સજાવાઈ હતી જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી સુલ્તાન રઝા (વડોદરા)એ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા.

**પાલેજ :** જનાબ હાફેઝ હનીફ ઈસ્માઈલ પટેલ (કુરચણવાળા)ના નેક ફરઝંદ હાફેઝ મોઈનુદ્દીનના નિકાહ થામ નિવાસી અબ્દુલ્લાહ મૂસા પટેલ હિંગલોટવાળાની નેક દુખ્તર આલિમા તસ્લીમબાનુ સાથે, તેમજ તેમની નેક દુખ્તર આલિમા સમીરાબાનુના નિકાહ સાંસરોદ નિવાસી હસનવલી આદમ બાવલાના નેક ફરઝંદ મૌલાના ઈરફાન સાથે તા. ૧૫–૨–૨૦૧૪, ૧૪ રબીઉલ આખર હિ.સ. ૧૪૩૫ શનિવારે પાલેજ ઐવાને મદની હોલમાં રાખવામાં આવ્યા હતા.

**ઝંઘાર :** ના વતની અહમદ હાજી યૂસુફ રાજાના નેક ફરઝંદ ડો. તબરેઝના નિકાહ દયાદરા નિવાસી (હાલ : સલમાનપાર્ક–ભરૂચ) અ. રશીદ માસ્તર મોનાની નેક દુખ્તર ડો. નાઝનીન સાથે તા. ૪–૫–૨૦૧૪ રવિવારે અકુજી હોલ દયાદરા ખાતે રાખવામાં આવ્યા.

**દહેગામ :** (તા. જંબુસર) ખાતે અરબાજભાઈ યૂસુફભાઈ નૂરાનીની નેક દુખ્તર સીરીન બાનુના નિકાહ ૪–રજબ હિ.સ. ૧૪૩૫, તા. ૪–૫–૨૦૧૪ રવિવારે દહેગામવાસી મૂસાભાઈ મીરસાહબભાઈ બાજીના નેક ફરઝંદ સિકંદર સાથે રાખવામાં આવ્યા.

**દીવ :** ખાતે વોરા હાજી ઈકબાલ મુહમ્મદની નેક દુખ્તર એ'નાઝના નિકાહ તા. ૧૨–૫–૨૦૧૪, ૧૨–રજબ હિ.સ. ૧૪૩૫ સોમવારના રોજ મુહમ્મદ સલીમ અ. કાદિર એડનવાળા–મુંબઈના નેક ફરઝંદ સઈદ અહમદ સાથે રાખવામાં આવ્યા.

**વોરાસમની :** થી હાજી રૂસ્તમ યૂસુફ પટેલ જણાવે છે કે તેમના નેક ફરઝંદ મુહમ્મદ શોએબના નિકાહ ભરૂચ–લક્ષ્મીનગર નિવાસી ઈકબાલ યૂસુફ પટેલની નેક દુખ્તર રૂકસાર સાથે તા. ૧૪–૫–૨૦૧૪ બુધવારે ભરૂચ મુક઼ામે રાખવામાં આવ્યા.

**તીલકવાડા :** ખાતે સુલ્તાન મુહમ્મદ ફકીર મુહમ્મદ ઘોરીની નેક દુખ્તર વાજેદાબાનુના નિકાહ રાજકોટના રહીશ મુહમ્મદ યૂસુફ એ મંધરાના નેક ફરઝંદ મુહમ્મદ ઝુબૈર સાથે તા. ૧૯–૫–૨૦૧૪, ૨૦–રજબ–૧૪૩૫ સોમવારના રોજ રાખવામાં આવ્યા.

**ઝંઘાર** : મુકામે અબ્દુલ્લાહ ઈબ્રાહીમ દાસની નેક દુખ્તર રોઝમીનાના નિકાહ દયાદરા નિવાસી મર્હૂમ શફીક ઈસ્માઈલ અકુજીના નેક ફરઝંદ સુહૈલ સાથે તા. ૨૧–૨જબ હિ.સ. ૧૪૩૫, તા. ૨૧–૫–૨૦૧૪ બુધવારે રાખવામાં આવ્યા.

*ઉપરોક્ત સર્વ દુલ્હા–દુલ્હનો તેમના કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ તઆલા તેના હબીબ ﷺના સદકામાં સૌને ખુશ રાખે, આબાદ રાખે, તેમજ ઈમાનદાર ઔલાદ અતા કરે. (આમીન) –તંત્રી*

## ★ ગમઅંગેઝ ઈન્તેકાલ ★

**આમોદ** : (જિ. ભરૂચ) ખાતે તા. ૪–૫–૨૦૧૪ રવિવાર ૪–રજબુલ મુરજ્જબ હિ.સ. ૧૪૩૫ના રોજ "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"ના મુદર્રિસ મૌલાના આસિફ મિસ્બાહી સાહબના નાનાભાઈ સિકંદર મુશ્તાક કારીગરનો કેવળ ૧૯ વરસની વયે અચાનક ઈન્તેકાલ થતાં આમોદ પંથક તથા દારુલ ઉલૂમમાં ગમનુ મોજુ ફરી વળ્યુ હતું. મર્હૂમની દફનવિધિ ૫–રજબ બરોઝ પીર કરવામાં આવી. "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"ના સર્વ તલબા, ઉસ્તાદો, તેમજ અન્ય સુન્ની બિરાદરો, હુફ્ફાઝ ઉલમા તશરીફ લાવ્યા હતા. મર્હૂમ નવયુવાન નેક સીરત, દીનો સુન્નિયતની લાગણીનો જઝબો ધરાવતા હતા. "સુન્ની દા'વતે ઈસ્લામી"ના કાફલામાં આગળ આગળ રહેતા હતા. મર્હૂમના અચાનક ચાલ્યા જવાથી એક સુન્ની ઉગતા કાર્યકરની ખોટ સાલી રહી છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**અમદાવાદ** : ખાતે તા. ૨૭–૪–૨૦૧૪ના રોજ જનાબ શહઝાદભાઈ વોરાના વાલિદા સાઈરા અબ્દુર્રહીમ વોરાનો ઈન્તેકાલ થયો છે.

**વડોદરા** : ખાતે દારુલ ઉલૂમ આ'લા હઝરત (બાવામાનપુરા)ના ખજાનચી જનાબ અમીરમિયાં ચાંદમિયાં શેખનો ૭૨ વરસની વયે તા. ૨૬–૪–૨૦૧૪ ૨૫ જમાદિઉલ આખર, હિ.સ. ૧૪૩૫ શનિવારના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે.

**નવાખલ** : મુકામે વહોરા ઈનુસભાઈ ગુલામનબી ભાઈના દિકરા સાજિદભાઈનો દુઃખદ ઈન્તેકાલ તા. ૧૭–૩–૨૦૧૪ સોમવારે થયો છે. મર્હૂમના સવાબ અર્થે "બરકાતે ખ્વાજા" (માસિક)ને રૂા. ૧૦૦ મળ્યા છે. જઝાકલ્લાહ !

**નાપાડ** : મુકામે મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામે જનાબ હાફિઝ અ. રહીમના મામા સરદારસંગ જસુભા રાઠોડનો ૬૫ વરસની વયે તા. ૧૫–૪–૨૦૧૪, ૧૪ જ. આખર હિ.સ. ૧૪૩૫ મંગળવારના રોજ ઈન્તેકાલ થયો છે.

**ઝંઘાર** : મુકામે અમારા મિત્ર જનાબ અનસબાબા ઈબ્રાહીમ ઈસ્માઈલ સમનીવાળા (લેસ્ટર, યુ.કે.)નાં વાલિદા હજીયાણી આઈશાબેન ઈબ્રાહીમનો ઈન્તેકાલ તા. ૨૭–૪–૨૦૧૪, ૨૬ જ. આખર હિ.સ. ૧૪૩૫,રવિવારના રોજ ૮૪ વરસની વયે થયો છે. મર્હૂમાના સવાબ અર્થે રૂા. ૩૫૦૦૦/– "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"ને બોરીંગ કામ માટે અનસભાઈના ભાઈ જનાબ ખિઝરબાબા (કેનેડા) તરફથી મળ્યા છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.


## :: પ્રવેશ જાહેરાત ::

વારાહી : વકારે શૈખુલ હિંદ પ્રાથમકિ શાળા (ધો. ૫ થી ૮) અને નૂરે મદાર માધ્યમિક શાળા (ધો. ૯ થી ૧૦) ગુજરાતી માધ્યમમાં પ્રવેશ મેળવવા સંપર્ક કરો : શાહ મદાર બોર્ડિંગ, કંડલા હાઈવે, મુ. વારાહી, તા. સાંતલપુર, જિ. પાટણ, પિન : ૩૮૫૩૬૦

**(ફોન : ૦૨૭૩૮, ૨૨૪૧૧૬,**

**મો. ૯૮૯૯૯ ૧૯૯૧૭, ૯૪૨૯૨ ૮૬૯૧૭)**

**સુન્ની દા'વતે ઈસ્લામી સંચાલિત**

## તયબાહ સમર કલાસ થકી તર્બિયતી પ્રોગ્રામ !

**ભરૂચ :** (ભોલાવ) ખાતે તા. ૨૩–૪–૨૦૧૪થી ૨૭–૪–૨૦૧૪ પાંચ દિવસ માટે ૧૨ વરસ કે એથી ઉપરની વયના સ્ટુડન્ટસ્ માટે સમર વેકેશન નિમિત્તે દીની તર્બિયતી પ્રોગ્રામ યોજાયો જેમાં ભરૂચ શહેર તેમજ આસપાસના ગામોના ૪૨ વિદ્યાર્થીઓએ રાત દિવસ સતત હાજર રહીને દીની મસાઈલ, સુન્નતો, ફ઼િર્અતની તા'લીમ તેમજ અખ્લાક઼ી તર્બિયત મેળવી હતી. સુન્ની દા'વતે ઈસ્લામીના સ્થાનિક મુબલ્લિગો જનાબ હાફિઝ અ. રહીમ, તારીકભાઈ, મુઈનભાઈ શેખ, શફીકભાઈ ખંભાતી તેમજ મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામી, મૌલાના ઈબ્રાહીમ જંબુસરી તેમજ મુંબઈથી જનાબ ખાલિદભાઈએ પોતાના અનોખા અંદાઝમાં હાજર યુવાનોની તર્બિયત કરી હતી. જમવા રહેવાની વ્યવસ્થાપણ સંતોષકારક રીતે કરવામાં આવી હતી. જેમણે આ કામમાં સહકાર કર્યો છે તેને રબ તઆલા તેના મહબૂબ ﷺના સદક઼ામાં બેહતરીન બદલો અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક), નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી ગુજરાત ઝોન*

## દારુલ બરકાતે ખ્વાજા–આમોદમાં જશ્ને દસ્તારે ફઝીલત

**આમોદ :** "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ" (જિ. ભરૂચ) ખાતે તા. ૨૧–૪–૨૦૧૪ સોમવારે રાત્રે ઈશાની નમાઝ બાદ આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ રઝવી (મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)ની સદારતમાં, જનાબ મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલીની નિઝામત હેઠળ વિવિધ ઉલમા તથા સાદાતે કિરામની મૌજૂદગીમાં મુંબઈથી પધારેલ સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો મશ્હૂર નઅતખ્વાં જનાબ ખાલિદ રઝા સાહબ તેમજ મશ્હૂર ખુશઈલ્હાન ક઼ારી જનાબ ક઼ારી રિયાઝુદ્દીન સાહબ થકી ક઼િરાઅત, નઅતના ગુલદસ્તાઓ પેશ કરવામાં આવ્યા. છેવટમાં દાઈએ કબીર, અતાએ હુઝૂરે મુફ઼્તીએ આ'ઝમે હિંદ પીરે તરીક઼ત હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ મુસલમાન ભાઈની ખૈરખ્વાહી તથા તેની મદદ કરવા વિશેની ફઝીલત તથા બુઝુર્ગોના કિરદારનું અસરકારક વર્ણન કર્યું હતું. છેવટમાં **૩ ફાઝિલ, ૬ ક઼ારી, ૮ હાફિઝો**ની દસ્તારબંદી સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામના મુબારક હાથો વડે કરવામાં આવી. ખલીફાએ નૂરાનીબાવા (પેટલાદી) હઝરત સૈયદ શૌકતઅલી બાવા–જંબુસર જનાબ સૈયદ હશ્મત અલી બાવા, તેમજ પેટલાદથી હઝરત સૈયદ તાહિર બાવા તેમજ હઝરત મુફ઼્તી કલીમ અશરફ (જલ્લા) તેમજ શાઈરે ઈસ્લામ જનાબ આક઼િબ પેટલાદી તેમજ ચાંચવેલ, ભરૂચ, જંબુસર, થામ, હદરવા વગેરેથી દારુલ ઉલૂમોના નાઝિમે આ'લા હઝરાત, ઉસ્તાદોએ તથા બહોળી સંખ્યામાં સુન્ની અવામે હાજરી આપી હતી. આ જલસામાં **"નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી" (ભાગ–૫)** ગુજરાતીમાં જેને **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** તથા **સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા** શાખા થકી છપાવવામાં આવી છે તેની રસ્મે ઈજરા પણ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીના મુબારક હસ્તે કરવામાં આવી. *–તંત્રી :*

**ડભોઈ :** થી એફ. આઈ. મન્સુરી અશરફી જણાવે છે કે ચિશ્તિયા મસ્જિદ–ડભોઈના ખતીબો **ઈમામ મૌલાના હાજી ગુલામહુસૈન અશરફીને હુઝૂર શૈખુલ ઈસ્લામ સૈયદ મુહમ્મદ મદનીમિયાં સાહબે** ખિલાફત અર્પણ કરી છે. એની ખુશીમાં રૂા. ૧૦૦ "બરકાતે ખ્વાજા" (માસિક)ને મોકલ્યા છે. જઝાકલ્લાહ ! ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**અપીલ**

## ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net/Email : anjuman2006@hotmail.com

★ છેલ્લા લગભગ ૧૮ વરસોથી અહલે સુન્નત વ જમાઅતના મદ્રસા, મસ્જિદો, પબ્લિક સૌની સેવામાં તનતોડ કોશિશ કરી રહેલ છે.

★ ૧૦૮ ગરીબ આબાદીઓમાં મસ્જિદ મદ્રસાના સંચાલનમાં હાલ સહાય કરે છે.

★ ગરીબો, બેવાઓ, યતીમો, બીમારો તથા આર્થિક કમજોરો સાદાતોને અનુકૂળતા પ્રમાણે સહાય કરે છે.

★ ગરીબ છોકરીઓની શાદીઓમાં શક્ય તે સહાય કરે છે.

★ વપરાશના તથા પીવાના પાણીની અગવડ હોય ત્યાં બોરીંગ કામ કરાવી આપે છે.

★ મસ્જિદ–મદ્રસાના બાંધકામમાં સહાયતા કરે છે.

★ પબ્લિક ડિસ્પેન્સરી ભરૂચ શહેર (હાજીખાં)માં ચલાવી ગરીબોને દવામાં રાહત કરે છે.

★ કુદરતી આપત્તિના મોકા પર અસરગ્રસ્તોના દુઃખમાં શક્ય તે રીતે ભાગીદાર બને છે.

## અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

અલ્હમ્દુલિલ્લાહ ! ગુજરાતી ભાષામાં દીની સુન્ની સાહિત્ય ક્ષેત્રે આગળ પડતુ કોઈ નામ હોય તો "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા" છે. અહલે સુન્નત વ જમાઅત, મસ્લકે આ'લા હઝરતની હક્કાનિયતનું ડંકાની ચોટ પર એલાન કરીને સર્વ બાતિલ ફિર્કાઓની ખબર લેતી આ સંસ્થા થકી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہની લખેલ તેમજ અન્ય મહાન ઉલમાએ અહલે સુન્નતની કિતાબોનો ગુજરાતી અનુવાદ કરીને સંપાદિત કરી બહાર પાડી રહી છે. અત્યાર સુધી ૨૦૬ પ્રકાશનો પ્રસિદ્ધ કર્યા જેમાં "શરહે સહીહ બુખારી નુઝહતુલ કારી"ના પાંચ ભાગો પણ બહાર પડી ચૂક્યા છે. અકીદા, અમલ સર્વ બાબતે અજોડ કિતાબો પ્રસિદ્ધ થઈ રહી છે.

## દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ

ઠે. ચાર રસ્તા, બસ સ્ટેન્ડ પાસે–આમોદ, જિ. ભરૂચ

આપણા આ ઈદારા ખાતે ઈ.સ. ૨૦૦૨થી હાફિઝ કલાસ અને ઈ.સ. ૨૦૦૫થી આલિમ ફાઝિલ કલાસ શરૂ કર્યો જેમાં અત્યાર સુધીમાં ૬૩ હાફિઝો, ૧૪ કારીઓ અને ૦૬ આલિમો બહાર પડી ચૂક્યા છે. તા'લીમની સાથોસાથ "સુન્ની દા'વતે ઈસ્લામી"ની નિગરાનીમાં તર્બિયત પણ તલબાની થાય છે. લગભગ ૧૦૦ તલબા હાલ તા'લીમ હેઠળ છે. ખાવા, પીવા, રહેવા, દવા સૌ મફત હોય છે.

**ઉપરોક્ત સસ્થાઓને આપની લિલ્લાહ, ઝકાત, ખયરાત, સદકા, નિયાઝોની રકમો, કુર્બાનીની ખાલો વગેરે મોકલીને ભરપૂર સહાય કરશો એવી નમ્ર અપીલ છે.**